દૈનિક મુંબઈ સમાચાર

સૌરાષ્ટ્ર આવૃત્તિ

૨૦૪ વર્ષ

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 178 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ સુદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 July 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મંગળવાર, ૨૯ જુલાઈ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦


તરોતાજા પૂર્તિ ૧૦ ૧૯ વર્ષની દિવ્યા દેશમુખ ચેસ વર્લ્ડ ચૅમ્પિયન



ઑપરેશન સિંદૂર

# ટ્રમ્પના દાવાની ફરી હવા કાઢી સરકારે

## બાવીસ એપ્રિલથી ૧૭ જૂન વચ્ચે મોદી અને ટ્રમ્પ વચ્ચે કોઈ વાત જ નહોતી થઈ એવી સ્પષ્ટતા લોકસભામાં કરતા વિદેશ પ્રધાને કહ્યું કે ઑપરેશન સિંદૂર અને વેપારને જોડતી કોઈ ચર્ચા અમેરિકા સાથે નહોતી થઈ



ભારત સરકારના પ્રધાન તરીકે શપથ લેનાર વિદેશ પ્રધાનના વિધાનમાં પણ વિપક્ષોને વિશ્વાસ નથી. તેમને બીજા દેશ પર ભરોસો છે. - અમિત શાહ



નવી દિલ્હીઃ ઑપરેશન સિંદૂર દરમિયાન કોઈ પણ તબક્કે અમેરિકા સાથે વેપાર સંબંધિત વાત નહોતી થઈ એમ જણાવતાં વિદેશ પ્રધાન એસ. જયશંકરે સોમવારે ભારપૂર્વક કહ્યું હતું કે ડીજીએમઓ ચેનલ મારફતે પાકિસ્તાને કરેલી વિનંતીને પગલે ઑપરેશન સિંદૂરને વિરામ આપવામાં આવ્યો હતો.

૧૦મી મેએ અમને એ જાણ કરતો ફોન આવ્યો હતો કે પાકિસ્તાન યુદ્ધવિરામ માટે તૈયાર છે અમારું વલણ સ્પષ્ટ હતું કે જો પાકિસ્તાન યુદ્ધવિરામ ઈચ્છતું હોય તો વિનંતી સીધી જ તેનાં ડીજીએમઓ ચેનલ મારફતે આવવી જોઈએ અને એ મુજબ જ પાકિસ્તાન તરફથી વિનંતી આવી હોવાનું જયશંકરે કહ્યું હતું.

હું બે વાત સ્પષ્ટ કરવા માગુ છું કે કોઈ પણ તબક્કે અમેરિકા સાથે ઑપરેશન સિંદૂર અને વેપારને જોડતી વાતચીત નહોતી થઈ. ટ્રમ્પે સહાનુભૂતિ વ્યક્ત કરવા બાવીસ એપ્રિલે મોદીને ફોન કર્યો ૧૭ જૂન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ વચ્ચે પણ કોઈ સંવાદ નહોતો થયો, એમ તેમણે જણાવ્યું હતું.

૧૭ જૂને ટ્રમ્પે મોદીને ફોન કર્યો હતો તે સમયે મોદી કૅનેડાના પ્રવાસે હતા, એમ તેમણે કહ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલા બાદ આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતે દાખવેલી મુત્સદ્દીગીરીને પરિણામે જ સંયુક્ત રાષ્ટ્રસંઘના ૧૯૦ સભ્ય દેશમાંથી માત્ર ત્રણ જ દેશે ઑપરેશન સિંદૂરનો વિરોધ કર્યો હતો.

જયશંકરે કહ્યું હતું કે ઑપરેશન સિંદૂરને મામલે ભારતને વૈશ્વિક સ્તરે વ્યાપક ટેકો મળ્યો હતો અને તેમનો અભિપ્રાય હતો કે જે દેશ હુમલાનો ભોગ બન્યો હોય તેને સ્વબચાવનો અધિકાર છે. પહલગામ આતંકવાદી હુમલાની પ્રતિક્રિયાના

(જુઓ પાનું ૨) ▸▸

### પહલગામના આતંકવાદીઓ પાકિસ્તાનથી નહોતા આવ્યાઃ ચિદમ્બરમના વિધાનથી વિવાદ

નવી દિલ્હીઃ લોકસભામાં ઑપરેશન સિંદૂરને મુદ્દે લોકસભામાં ચર્ચા શરૂ થયાના ગણતરીના કલાકો અગાઉ પી. ચિદમ્બરમે એવો આક્ષેપ કરીને વિવાદ ભડકાવ્યો હતો કે બાવીસ એપ્રિલે કરવામાં આવેલા પહલગામ આતંકવાદી હુમલાને મામલે ભારતીય સેનાએ આપેલી પ્રતિક્રિયાની ચાવીરૂપ વિગતો ભાજપના વડપણ હેઠળની સરકાર આપવા નથી માગતી.

રવિવારે સમાચાર સંસ્થાને આપેલી મુલાકાતમાં ચિદમ્બરમે સવાલ ઉઠાવ્યો હતો કે પહલગામ આતંકવાદી હુમલા જેવી ઘટનાનું પુનરાવર્તન ન થાય તે માટે શું સરકારે જરૂરી પગલાં લીધાં છે?

પહલગામ આતંકવાદી હુમલાના હુમલાખોરો ક્યાં છે? અત્યાર સુધી તેમને પકડવામાં કેમ નથી આવ્યા? હજુ સુધી તેમને કેમ ઓળખી પણ નથી શકાયા? અચાનક જ એવા સમાચાર વહેતા થાય છે કે પહલગામ આતંકવાદી હુમલાના હુમલાખોરોને આશરો આપનાર બેથી ત્રણ વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. હવે તેનું શું થયું? એવા સવાલ ચિદમ્બરમે કર્યા હતા. નેશનલ ઈન્વેસ્ટિગેશન

(જુઓ પાનું ૨) ▸▸

### આ તો હું હતો એટલે ભારત અને પાક યુદ્ધ અટક્યુંઃ ટ્રમ્પનું ઉંબાડિયું

લંડનઃ અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે સોમવારે ફરી એક વખત દાવો કર્યો કે જો તેમણે સમયસર હસ્તક્ષેપ ન કર્યો હોત અને તમામ વેપાર વાટાઘાટો બંધ કરવાની ધમકી ન આપી હોત તો ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે યુદ્ધ ચાલી રહ્યું હોત.

સ્કોટલેન્ડમાં બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટાર્મર સાથેની સત્તાવાર વાટાઘાટો પહેલા મીડિયાને સંબોધતા ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચેના યુદ્ધ સહિત વિશ્વભરમાં 'છ મોટા યુદ્ધો'ને અટકાવવા માટે પગલાં લેવાનો શ્રેય લીધો હતો. ટ્રમ્પ હમાસ સાથે યુદ્ધવિરામ વાતચીત નિષ્ફળ ગયાના થોડા કલાકો પછી ગાઝામાં સંઘર્ષનો અંત લાવવા માટે ઈઝરાયલ પર દબાણ કરવા અંગેના પ્રશ્નનો જવાબ આપી રહ્યા હતા.

સ્કોટલેન્ડના સાઉથ આયરશાયરમાં મીડિયાને સંબોધતા ટ્રમ્પે કહ્યું કે અમારી પાસે ઘણા યુદ્ધવિરામ ચાલી રહ્યા છે.... (જુઓ પાનું ૨) ▸▸

### આપણે કેટલાં યુદ્ધવિમાન ગુમાવ્યાં?: કૉંગ્રેસનો સવાલ

નવી દિલ્હીઃ પહલગામ આતંકવાદી હુમલા માટે કારણભૂત બનેલા સુરક્ષામાં રહેલાં છીંડાની જવાબદારી ગૃહ પ્રધાન અમિત શાહે સ્વીકારવી જોઈએ, એમ કૉંગ્રેસે સોમવારે કહ્યું હતું.

ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતે કેટલા જેટ ફાઈટર ગુમાવ્યા હતા? અને પાકિસ્તાન સામેનું યુદ્ધ અટકાવી દેતા અગાઉ વડા પ્રધાન નરેન્દ્ર મોદી કોને સરન્ડર થયા હતા? એ અંગે સરકાર પાસે કૉંગ્રેસે સ્પષ્ટતા

(જુઓ પાનું ૨) ▸▸

**હર હર મહાદેવઃ** શ્રાવણ મહિનાના ગઈ કાલના પહેલા સોમવારે મુંબઈના વિખ્યાત બાબુલનાથ મંદિરમાં દર્શન માટે ભક્તોની ભીડ જામી હતી. (અમય ખરાડે)



### લક્ષ્ય સિદ્ધ થયું એટલે ઑપરેશન સિંદૂર રોક્યું

#### ...નહીં કે કોઈના દબાણથીઃ રાજનાથની સ્પષ્ટ વાત

નવી દિલ્હીઃ સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે સોમવારે લોકસભામાં કહ્યું હતું કે



રાજકીય-સૈન્ય આશય સિદ્ધ થઈ ગયો હોવાને કારણે ઑપરેશન સિંદૂરને વિરામ આપવામાં આવ્યો છે.

ઑપરેશન સિંદૂર મારફતે ભારતીય સેનાએ નિર્ધારિત રાજકીય-સૈન્ય આશય સિદ્ધ કરી લીધો હતો અને તેને રોકી દેવા તેમના પર કોઈ બાહ્ય દબાણ ન હોવાનું તેમણે ભારપૂર્વક કહ્યું હતું.

પહલગામ આતંકવાદી હુમલા અને ઑપરેશન સિંદૂરને મામલે લોકસભામાં શરૂ કરવામાં આવેલી વિશેષ ચર્ચા દરમિયાન રાજનાથ સિંહે કહ્યું હતું કે જો પાકિસ્તાન ફરી કોઈ દુઃસાહસ કરશે તો ઑપરેશન સિંદૂર ફરી શરૂ કરવામાં આવશે.

ભારતીય સેના દેશની સરહદની સુરક્ષા કરવા માટે એકદમ સાવધ અને સક્ષમ છે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે ઑપરેશન સિંદૂર ભારતીય સેનાએ પાકિસ્તાન અને પીઓકેસ્થિત નવ (જુઓ પાનું ૨) ▸▸



કાશ્મીરમાં ઑપરેશન મહાદેવ

### પહલગામનો માસ્ટરમાઈન્ડ મુસા મરાયો

નવી દિલ્હીઃ એકતરફ સંસદમાં ઓપરેશન સિંદૂરની ચર્ચા ચાલી રહી છે, તો બીજી તરફ જમ્મુ-કાશ્મીરમાં સેનાએ ઑપરેશન મહાદેવ અંતગર્ત એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. પહલગામ આતંકી હુમલાની ઘટનામાં સેનાને એક મોટી સફળતા મળી છે. આ હુમલા બાદ સુરક્ષા એજન્સીએ આતંકીઓની શોધખોળ આદરવામાં આવી છે અને સ્પેશ્યલ ઇન્વેસ્ટિગેશન ટીમની રચના કરવામાં આવી હતી. પહલગામ હુમલાના માસ્ટરમાઈન્ડ અને લશ્કર-એ-તૈયબાના ટોપ કમાન્ડર અને પાકિસ્તાની સેનાનાં પૂર્વ જવાન હાશિમ મુસાને ઠાર કરવામાં સફળતા મળી છે.

જમ્મુ-કાશ્મીરમાં ચાલી રહેલી અમરનાથ યાત્રા વચ્ચે સેના અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ છે. જેના પગલે સેનાએ આતંકીઓને મારવા માટે ઓપરેશન મહાદેવ લોન્ચ કર્યું છે. આ અંગે પહેલા બે થી ત્રણ આતંકીઓ છુપાયા હોવાની માહિતી હતી. જેની બાદ સેનાએ ઓપરેશન હાથ ધર્યું હતું. સુરક્ષાદળોએ આ અથડામણ પૂર્વે સમગ્ર વિસ્તારને કોર્ડન કરી દીધો છે. તેમજ આ વિસ્તારમાં મોટા પાયે સર્ચ ઓપરેશન

(જુઓ પાનું ૨) ▸▸

રોકડ રકમ વિવાદ

### તપાસ અહેવાલને હવે કેમ પડકાર્યો?

#### જસ્ટિસ યશવંત વર્માને ઝાટક્યા સુપ્રીમ કોર્ટે

નવી દિલ્હીઃ તેમના સત્તાવાર નિવાસસ્થાનેથી મળી આવેલી રોકડ રકમ અંગેના ઈન-હાઉસ ઈન્ક્વાયરી પેનલના અહેવાલને પડકારનાર અલાહાબાદ હાઈ કોર્ટના ન્યાયાધીશ યશવંત વર્માને સુપ્રીમ કોર્ટે સોમવારે એમ કહીને આડેહાથ લીધા હતા કે તપાસની પ્રક્રિયામાં ભાગ લીધા બાદ અહેવાલને તમે કઈ રીતે પડકારી શકો?

તેમના સત્તાવાર નિવાસસ્થાનેથી મોટા પ્રમાણમાં મળી આવેલી અર્ધબળેલી ચલણીનોટોને લગતા કેસને મામલે ઈન-હાઉસ ઈન્ક્વાયરી પેનલે જસ્ટિસ વર્માને દોષી ઠેરવ્યા હતા. ન્યાયાધીશ દીપાંકર દત્તા અને એ.જી. માસિહની બનેલી ખંડપીઠે જસ્ટિસ વર્માનું પ્રતિનિધિત્વ કરી રહેલા

(જુઓ પાનું ૨) ▸▸

### ગાંધીનગરની મહિલા ડૉક્ટરની ડિજિટલ એરેસ્ટ કરી ૧૯ કરોડ રૂપિયા પડાવ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ડિજિટલ અરેસ્ટનો અત્યાર સુધીનો સૌથી મોટો કેસ સામે આવ્યો હતો. ગાંધીનગરમાં મહિલા ડોક્ટર પાસેથી ૧૯ કરોડ રૂપિયા પડાવ્યા હતા. સીઆઈડી સાયબર સેલે સુરતના આરોપી લાલજી બલદાણીયાની સેલ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. ત્રણ મહિના સુધી મહિલા ડોક્ટરને ડિજિટલ અરેસ્ટ કર્યા હતાં. મહિલાને પીએમએલએ, ફેમા હેઠળ ફસાવવાની ધમકી આપી, જુદાજુદા રાજ્યોના બેંક એકાઉન્ટમાં પૈસા નંખાવવામાં આવ્યા હતા.

મળતી વિગત પ્રમાણે, ગાંધીનગરમાં રહેતાં ડોક્ટર સિનિયર સિટિઝન મહિલાને ઇન્ટરનેશનલ ગેંગ અને ભારતની ગેંગે ભેગા મળીને ૩ મહિના સુધી ડિજિટલ અરેસ્ટ રાખી હતી.

આ ડિજિટલ અરેસ્ટ દરમિયાન તેને અલગ અલગ રીતે ડરાવવામાં આવી હતી, જેમાં તેને ફેમા અને પીએમએલએ એક્ટ હેઠળ ભારતમાં ગુનો નોંધાશે, એવી

(જુઓ પાનું ૨) ▸▸

### રખડતા કૂતરાઓના કરડવાની વધતી ઘટનાઓથી સુપ્રીમ કોર્ટને ચિંતા થઇ

#### આપમેળે જ આ મામલે નોંધ લીધી સર્વોચ્ચ અદાલતે

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે હડકવાનું કારણ બનતા કૂતરાઓના કરડવાના બનાવો આપમેળે મીડિયા અહેવાલની નોંધ લીધી હતી અને કહ્યું કે તેમાં કેટલાક ''ચિંતાજનક આંકડા'' છે.

જસ્ટિસ જે. બી. પારડીવાલા અને આર મહાદેવનની ખંડપીઠે અંગ્રેજી દૈનિકમાં દિલ્હી પ્રકાશિત થયેલા સમાચારને ''ખૂબ જ ચિંતાજનક અને ગંભીર'' ગણાવ્યા હતા.

આ સમાચાર અહેવાલ રાષ્ટ્રીય રાજધાનીમાં એક હડકાયેલા રખડતા કૂતરા દ્વારા હુમલો કરાયેલી છ વર્ષની બાળકીના મૃત્યુ વિશે હતો.

આ સમાચાર અહેવાલની નોંધ લેતા, ખંડપીઠે કહ્યું કે, ''આ સમાચારમાં કેટલાક ચિંતાજનક અને ખેદજનક આંકડા અને તથ્યો છે.''

તેણે કહ્યું કે, દરરોજ, શહેર અને તેની બહારના વિસ્તારોમાં સેંકડો કૂતરા કરડવાના અહેવાલો આવી રહ્યા છે, જેના કારણે હડકવા થાય છે અને અંતે, બાળકો અને વૃદ્ધો આ ભયંકર રોગનો શિકાર બની રહ્યા છે.

(જુઓ પાનું ૨) ▸▸

### નવી ઓબીસી યાદી મુદ્દે મમતા સરકારને રાહત, સુપ્રીમનો કલકત્તા હાઇ કોર્ટના આદેશ પર સ્ટે

નવી દિલ્હીઃ પશ્ચિમ બંગાળ સરકારને રાહત આપતા સુપ્રીમ કોર્ટે સોમવારે કલકત્તા હાઇકોર્ટના ૧૭ જૂનના ચુકાદા પર સ્ટે આપ્યો હતો. જેમાં અન્ય પછાત વર્ગો(ઓબીસી)ની સુધારેલી યાદીના અમલ પર સ્ટે આપવામાં આવ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઇ, ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને ન્યાયાધીશ એન. વી. અંજારિયાની ખંડપીઠે રાજ્યની અપીલ પર સુનાવણી કરતાં જણાવ્યું કે પ્રથમ દૃષ્ટિએ હાઇકોર્ટનો આદેશ ભૂલભરેલો લાગે છે. સીજેઆઇએ સૂચન કર્યું કે જો પક્ષકાર તૈયાર હોય તો તેઓ હાઇકોર્ટના મુખ્ય ન્યાયાધીશને વિનંતી કરે કે તેઓ આ મુદ્દે છ અઠવાડિયાની અંદર નિર્ધારિત સમયમર્યાદામાં નિર્ણય કરવા માટે એક નવી બેન્ચની રચના કરે. ખંડપીઠે અગાઉ રાજ્ય સરકાર વતી હાજર રહેલા વરિષ્ઠ

(જુઓ પાનું ૨) ▸▸

### બિહારમાં મતદાર યાદી પ્રકાશિત કરવા સામે સ્ટેની સુપ્રીમની ના

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે ચૂંટણીલક્ષી બિહારમાં ડ્રાફ્ટ મતદાર યાદીના પ્રકાશન પર સ્ટે આપવાનો ઇનકાર કર્યો હતો અને કહ્યું હતું કે તે ચૂંટણી પંચના મતદાર યાદીના વિશેષ સઘન સંશોધન (એસઆઇઆર) સામેની અરજીઓનો કાયમી નિર્ણય લેશે.

ન્યાયાધીશ સૂર્યકાંત અને જોયમલ્યા બાગચીની ખંડપીઠે કહ્યું કે તે આ મામલાની અંતિમ સુનાવણી માટે ૨૯ જુલાઈના રોજ સમયપત્રક નક્કી કરશે.

એક એનજીઓ વતી હાજર રહેલા વકીલ ગોપાલ શંકરનારાયણને કહ્યું કે મતદાર યાદીઓને વચગાળામાં અંતિમ સ્વરૂપ આપવું જોઈએ નહીં અને ડ્રાફ્ટ યાદીના પ્રકાશન પર વચગાળાનો સ્ટે હોવો જોઈએ.

ખંડપીઠે સર્વોચ્ચ અદાલતના છેલ્લા આદેશનું અવલોકન કર્યું કે અરજદારો વચગાળાની રાહત માટે દબાણ કરી રહ્યા નથી અને તેથી, તે હવે કરી શકાતું નથી અને મામલાનું હંમેશા માટે અર્થઘટન કરવામાં આવશે. તેણે ચૂંટણી પંચને બિહારમાં આ

(જુઓ પાનું ૨) ▸▸

### વિરોધ પક્ષો પાકિસ્તાનની ભાષા બોલે છેઃ શિવરાજસિંહ

નવી દિલ્હી : લોકસભામાં ઓપરેશન સિંદૂર મુદ્દે ચર્ચા પૂર્વે વિપક્ષના હોબાળાથી કેન્દ્રીય કૃષિ પ્રધાન શિવરાજસિંહ ચૌહાણ નારાજ થયા છે. તેમણે હોબાળા બાદ મીડિયા સમક્ષ વિપક્ષ પર આકરા પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું કે વિપક્ષ પાકિસ્તાન જે ભાષા બોલી રહ્યું છે તે જ ભાષા બોલી રહ્યું છે. તેમણે સંસદ પરિસરમાં મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું કે, શું વિપક્ષને ચહેરા ઉઘાડા થવાનો ડર છે. આતંક અને આંતકવાદીઓ સાથે તેમનો શું સબંધ છે.

પી. ચિદમ્બરમ એમ કેમ કહી રહ્યા છે. તે પુરાવા કેમ માગી રહ્યા છે પાકિસ્તાનનો હાથ છે કે નહી. ચિદમ્બરમ પાકિસ્તાન જે ભાષા બોલી રહ્યા છે તે જ ભાષા બોલી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, આજે લોકસભામાં બપોરે ૧૨ વાગ્યે ઓપરેશન સિંદૂર પર ચર્ચા થવાની હતી. પરંતુ તે પૂર્વે વિપક્ષના હંગામાના લીધે લોકસભા સ્પીકર ઓમ બિરલાએ ગૃહની કાર્યવાહી બપોરે એક વાગ્યે સુધી સ્થગિત કરી હતી.■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પહલગામના આતંકી પાકિસ્તાની નહોતા તેના પુરાવા ક્યાં છે?

**જમ્મુ** અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા અને તેના પગલે ભારતીય લશ્કરે પાકિસ્તાનમાં ઘૂસીને કરેલા ઓપરેશન સિંદૂર અંગે સંસદમાં ચર્ચા શરૂ થઈ ગઈ છે. આ ચર્ચા પહેલાં કૉંગ્રેસના વરિષ્ઠ નેતા પી. ચિદમ્બરમે કરેલા સવાલે કોંગ્રસની માનસિકતા ફરી એક વાર છતી કરી દીધી છે. ચિદમ્બરમે સવાલ કર્યો છે કે, આતંકવાદીઓ પાકિસ્તાનથી જ આવ્યા હતા એવું કઈ રીતે કહી શકાય?

ઓપરેશન સિંદૂર પર સંસદમાં ચર્ચાના થોડા કલાકો પહેલાં જ ચિદમ્બરમે દાવો કર્યો કે, નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ)એ જણાવવા તૈયાર નથી કે અત્યાર સુધીમાં તેમણે શું કર્યું છે. એનઆઈએ એ આતંકવાદીઓની ઓળખ કરી લીધી હોય કે પછી આતંકવાદી ક્યાંથી આવ્યા હતા તેની વિગતો જાહેર કરી નથી એ જોતાં આતંકવાદીઓ ભારતના જ હોય એ શક્ય છે. આતંકવાદીઓ પાકિસ્તાનથી જ આવ્યા હતા એવું માની લેવું ભૂલભરેલું છે કેમ કે આતંકી પાકિસ્તાની હતા તેનો કોઈ પુરાવો નથી.

આ મામલે હોબાળો થયો પછી ચિદમ્બરમે ટીપિકલ રાજકારણીની સ્ટાઈલમાં એમ કહીને હાથ ખંખેરી નાખ્યા કે, મારા નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે. દરેક રાજકારણી આવી વાત કરતો હોય છે ને પોતાના કહેવાનો મતલબ આ નહોતો એવું કહીને છટકી જાય છે પણ શું મતલબ હતો એ કહેતો નથી. ચિદમ્બરમે પણ એ જ કર્યું છે અને તેમના કહેવાનો મતલબ શું છે એ કહ્યું નથી કેમ કે ચિદમ્બરમના કહેવાનો બીજો કોઈ મતલબ જ નહોતો.

ચિદમ્બરમે જે કહ્યું એ શબ્દશઃ મીડિયામાં આવ્યું છે અને ચિદમ્બરમનું નિવેદન આઘાતજનક છે કેમ કે આડકતરી રીતે ચિદમ્બરમ પહલગામ આતંકવાદી હુમલામાં પાકિસ્તાનને ક્લીન ચિટ આપી રહ્યા છે અને પહલગામના આતંકવાદી હુમલા માટે ભારતનાં જ લોકો જવાબદાર હોવાનો આક્ષેપ કરી રહ્યા છે. એક રીતે ચિદમ્બરમ પહલગામ હુમલા અંગે મોદી સરકારે કરેલા દાવાઓને ખોટા ગણાવી રહ્યા છે અને મોઘમ રીતે એવું કહી રહ્યા છે કે, પહલગામ હુમલાનું કારસ્તાન મોદી સરકારનું જ ષડયંત્ર છે અને સરકાર હવે પાકિસ્તાન પર દોષનો ટોપલો ઢોળીને હાથ ખંખેરી રહી છે.

પહલગામમાં હુમલો કરનારા આતંકવાદી હજુ સુધી ઝડપાયા નથી તેથી આતંકવાદીઓની ઓળખ છતી નથી થઈ એ વાત સાચી છે. આ સંજોગોમાં આતંકવાદીઓ પાકિસ્તાની ના હોય એવું બને પણ સવાલ આતંવાદીઓ ક્યા દેશના નાગરિક છે કે ક્યાં રહે છે એ મહત્ત્વનું નથી ને તેનાથી કોઈ ફરક પણ નથી પડતો. આ હુમલો કોણે કરાવ્યો એ મહત્ત્વનું છે. હુમલો કરનારા જમ્મુ અને કાશ્મીરના હોય તો ટેકનિકલી પાકિસ્તાની ના કહેવાય પણ પાકિસ્તાનના ઈશારે હુમલો કર્યો તેનો મતલબ આ હુમલો પાકિસ્તાને જ કરાવ્યો છે.

પાકિસ્તાન જમ્મુ અને કાશ્મીરના યુવાઓને ગુમરાહ કરીને હાથમાં બંદૂકો પકડાવી રહી છે, આતંકવાદના રવાડે ચડાવી રહી છે. કહેવાતી જિહાદના નામે આ યુવકો પાકિસ્તાનના ઈશારે નિર્દોષ લોકોનાં લોહી વહાવી રહ્યા છે એ જોતાં પાકિસ્તાનીઓ સીધા હુમલામાં સામેલ હોય કે ના હોય, આ હુમલો પાકિસ્તાને જ કરાવેલો કહેવાય.

એનઆઈએ અને આપણી બીજી એજન્સીઓની આ ઘોર નિષ્ફળતા કહેવાય કે પહલગામ હુમલાના અઢી મહિના પછી પણ આપણે હુમલો કરનારા આતંકીઓને શોધી નથી શક્યા. હુમલો કર્યા પછી આ આતંકીઓ હવામાં ઓગળી ગયા ને આપણે તેમના સગડ નથી શોધી શક્યા એ મોટી નિષ્ફળતા છે તેમાં બેમત નથી. પહલગામના હુમલાખોરો તરત જ ઝડપાઈ જવા જોઈતા હતા એ સાચું પણ આતંકવાદીઓ ઝડપાયા નહીં માત્ર એ કારણસર પાકિસ્તાને હુમલો કરાવ્યો નથી એવું ના કહી શકાય.

ચિદમ્બરમના લોજિકને લાગુ પાડીએ તો ભૂતકાળમાં કૉંગ્રેસના શાસનમાં થયેલા આતંકવાદી હુમલાઓને પણ આ વાત લાગુ પડે જ છે. ભૂતકાળમાં થયેલા સંખ્યાબંધ આતંકવાદી હુમલામાં આતંકવાદીઓ ઝડપાયા નથી કે તેમની ઓળખ છતી થઈ નથી. એ છતાં કૉંગ્રેસની સરકાર આતંકવાદ માટે પાકિસ્તાનને જવાબદાર ગણાવતાં નિવેદનો આપતી હતી તો એ નિવેદનો ખોટાં હતાં?

કૉંગ્રેસે એ વખતે આતંકવાદીઓ પાકિસ્તાની હોવાના કે પાકિસ્તાનના ઈશારે આતંકવાદી ઘટનાને અંજામ અપાયો હોવાના જે કહેવાતા પુરાવા આપેલા એ બધા બકવાસ હતા? ચિદમ્બરમ જ્ઞાન પિરસવા બેઠા છે ત્યારે આ સવાલનો જવાબ આપવો જોઈએ. ચિદમ્બરમ પોતે કૉંગ્રેસની સરકારમાં ગૃહ મંત્રી હતા ને આતંકવાદી હુમલા વખતે પાકિસ્તાનને જવાબદાર ગણાવીને ઊભા થઈ જતા તો એ બધું પણ ખોટું હતું?

પાકિસ્તાનનો સવાલ છે તો પાકિસ્તાન તો આતંકવાદીઓ પકડાય તેમને પણ પોતાના માનવા તૈયાર નથી હોતું. ૨૦૦૮માં મુંબઈમાં થયેલા ભીષણ આતંકવાદી હુમલામાં ઝડપાયેલો એક માત્ર આતંકવાદી અજમલ કસાબ પાકિસ્તાની હતો છતાં પાકિસ્તાન માનવા તૈયાર નહોતું. પાકિસ્તાને સાવ નામક્કર જઈને હાથ ઊંચા કરી નાખેલા ને જાહેર કરી દીધેલું કે, કસાબ તો પાકિસ્તાની છે જ નહીં.

ભારતે પાકિસ્તાનને કસાબનું ઠામ-ઠેકાણું આપ્યું, પાકિસ્તાનમાં રહેતાં તેનાં સગાંની વિગતો આપી ને કસાબના પરિવારને મળેલાં નાણાંની વિગતો આપી છતાં પાકિસ્તાને કદી કસાબ પાકિસ્તાની હોવાનું નહોતું સ્વીકાર્યું. તેનો મતલબ એ થોડો થયો કે, કસાબ પાકિસ્તાની નહોતો? ભારતે ૨૦૦૮ના મુંબઈ હુમલામાં પાકિસ્તાનની સંડોવણીનું ડોઝિયર વારંવાર આપેલું પણ પાકિસ્તાને કદી પોતાની સંડોવણી માની નથી કે પોતાના માણસો આતંકવાદ ફેલાવે છે એ સ્વીકાર્યું નથી. તેના કારણે પાકિસ્તાન આતંકવાદમાં સામેલ નથી એવું ના કહી શકાય.

કૉંગ્રેસના ચિદમ્બરમ સહિતના નેતા આ પ્રકારના વાંધા ઊભા કરીને હલકી માનસિકતા બતાવી રહ્યા છે. ભૂતકાળમાં જ્યારે પણ કૉંગ્રેસની સરકારોએ કહ્યું કે, આતંકવાદમાં પાકિસ્તાનનો હાથ છે ત્યારે આ દેશનાં લોકોએ કોઈ પણ શંકા વિના આ વાતને સ્વીકારી છે. ભાજપ સહિતના વિપક્ષોએ પણ આ વાત સહજતાથી સ્વીકારી છે ને કોઈ સવાલ કર્યા નથી જ્યારે કૉંગ્રેસ તો શંકાઓ કરી કરીને સવાલો પર સવાલો કર્યા કરે છે.

કૉંગ્રેસ પોતાની શંકા સાચી હોવાના કોઈ પુરાવા રજૂ કરતી હોય તો પણ સારું પણ કૉંગ્રેસ માત્ર શંકા કરે છે કોઈ પુરાવા નથી મૂકતી. ચિદમ્બરમે એ જ કર્યું છે. આતંકવાદી પાકિસ્તાની હતા તેના પુરાવા એનઆઈએ એ નથી આપ્યા તો આતંકી પાકિસ્તાની નહોતા તેના પુરાવા પણ ક્યાં છે?

કૉંગ્રેસના નેતા માત્ર નિવેદનબાજી કર્યા કરે છે, તેના સિવાય કશું કરતા નથી. આ દેશના મુખ્ય વિપક્ષ તરીકે કૉંગ્રેસે ગંભીરતાથી વર્તવું જોઈએ અને માત્ર નિવેદનબાજી કરીને દરેક મુદ્દે સરકાર સામે શંકાઓ કરીને સવાલો કરવાના બદલે નક્કર વાતો કરવી જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર વર્ષાઋતુ પ્રારંભ, મંગળવાર, તા. ૨૯-૭-૨૦૨૫, મંગલાગૌરી પૂજન, નાગપંચમી

- ભારતીય દિનાંક ૭, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ સુદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ સુદ-૫
- પારસી શહેનશાહી રોજ ૧૯મો ફરવરદીન, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૧૪મો ગોશ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૧મો ખોરશેદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૩જો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૪થો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની રાત્રે ક. ૧૯-૨૭ સુધી, પછી હસ્ત
- ચંદ્ર કન્યામાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કન્યા (પ, ઠ, ણ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૫, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૦, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૧, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૫૩, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૧૫ (તા. ૨૦)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૮, રાત્રે ક. ૨૧-૧૦
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ શુક્લ - પંચમી. મંગલાગૌરી પૂજન, નાગપંચમી, ઋક શુક્લ યજુઃ શ્રાવણી જાગ્રતગૌરી પંચમી (ઓરિસ્સા), સૂર્ય મહાનક્ષત્ર પુષ્ય, વાહન મોર.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, અર્યમા પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, મંગળ-સૂર્ય ગ્રહદેવતાનું પૂજન, મુંડન કરાવવું નહિ, સીમંત સંસ્કાર, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક, પાટ-અભિષેક, બગીચો, ધજા, પતાકા, બી વાવવું, ખેતીવાડી, રોપા વાવવા, ધાન્ય ભરવું, વિનાયક પૂજા, શિવ પાર્વતી પૂજા, વિશેષરૂપે. આચમનઃ ચંદ્ર-શુક્ર યુતિ લાગણીવાળા, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ મૌલિક વિચારધારા, ચંદ્ર-શનિ પ્રતિયુતિ મહેનતુ સ્વભાવ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ
- અવ્યવહારુ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-શુક્ર યુતિ, ચંદ્ર-હર્ષલ ત્રિકોણ, ચંદ્ર-શનિ પ્રતિયુતિ, ચંદ્ર-નેપ્ચૂન પ્રતિયુતિ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, વક્રી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

## યુપીના વધુ એક મંદિરમાં નાસ ભાગઃ બે મોત

લખનઊ : ઉત્તર પ્રદેશના બારાબંકીમાં શ્રાવણ માસના ત્રીજા સોમવારે પૌરાણિક અવસાનેશ્વર મહાદેવ મંદિરમાં દુર્ઘટના સર્જાઈ છે. જેમાં મંદિરના દર્શન સમયે વીજ તાર તૂટયો હતો. જેના લીધે ટીન શેડ પર કરંટ આવ્યો હતો. આ કરંટના લીધે લોકોના નાસભાગ મચી હતી જેમાં બે લોકોના મોત થયા છે. તેમજ ૩૫ લોકો ઘાયલ થયા છે. આ અંગે મળતી જાણકારી મુજબ વાંદરાઓએ વીજ તાર ટીન શેડ પર પાડયો હતો. આ સમગ્ર દુર્ઘટનાની વિગત મુજબ બારાબંકી જીલ્લાના હૈદરગઢના પૌરાણિક અવસાનેશ્વર મહાદેવ મંદિરમાં રવિવારે રાત્રે મોટી દુર્ઘટના સર્જાઈ હતી. જેમાં શ્રાવણ માસના ત્રીજા સોમવાર મહાદેવને જળાભિષેક માટે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. ■

## મૌનવ્રત ...: સંસદમાં કૉંગ્રેસ તરફથી બોલશો એ સવાલ પર થરૂરનો જવાબ

નવી દિલ્હીઃ કોંગ્રેસના બુદ્ધિજીવી નેતાઓમાં જેમનું નામ મોખરે આવે છે તેવા શશી થરૂર છેલ્લા ઘણા સમયથી કોંગ્રેસથી નારાજ થઈ રહ્યા છે અને કોંગ્રેસને નારાજ કરી પણ રહ્યા છે. મોદી સરકારે વિદેશોમાં ઑપરેશિન સિંદૂર વિશે ભારતનો પક્ષ રજૂ કરવા માટે થરૂરની વરણી કરી હતી અને થરૂરે વિદેશોમાં ઑપરેશન સિંદૂરની વાહવાહી કરી છે ત્યારે સ્વાભાવિક છે કે તે સંસદમાં ઑપરેશાન સિંદૂર મામલે મોદી સરકારની આલોચના કરવાના નથી. તેમ છતાં કોંગ્રેસે તેમને આજની પ્રસ્તાવિત ચર્ચામાં ભાગ લેવા કહ્યું હતું, જેનો તેમણે ઈનકાર કર્યો છે.

આજની સંસદની ચર્ચા પહેલા તો વિપક્ષોએ હંગામો કરવાથી ગૃહ સ્થગિત થયું છે, પરંતુ મળતી માહિતી મુજબ કોંગ્રેસના વિપક્ષના નેતા એટલે કે રાહુલ ગાંધીના કહેવાથી થરૂરનો સંપર્ક કરવામાં આવ્યો હતો અને તેમને સરકારની ટીકા કરવા જણાવવામાં આવ્યું હતું. ■

## યુપીના સીએમપદે સૌથી લાંબો વખત રહેવાનો વિક્રમ આદિત્યનાથનો

લખનઊઃ ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે એક નવો રેકોર્ડ બનાવ્યો છે. યોગી આદિત્યનાથ રાજ્યમાં સૌથી લાંબા સમય સુધી મુખ્ય પ્રધાન તરીકે સેવા આપનારા પ્રથમ નેતા બન્યા છે. તેમણે રાજ્યના પ્રથમ સીએમ ગોવિંદ વલ્લભ પંતનો રેકોર્ડ તોડ્યો છે. યોગી આદિત્યનાથે અત્યાર સુધી ૮ વર્ષ અને ૧૩૨ દિવસનો કાર્યકાળ પૂર્ણ કર્યો છે, જ્યારે ગોવિંદ વલ્લભ પંતનો કુલ કાર્યકાળ આઝાદી પૂર્વ સહિત ૮ વર્ષ અને ૧૩૨ દિવસનો રહ્યો હતો. યોગી આદિત્યનાથે ૧૯ માર્ચ ૨૦૧૭ના રોજ મુખ્યમંત્રી પદની શપથ લીધી હતી, જ્યારે વર્ષ ૨૦૨૨માં તે સતત બીજી વખત સીએમ બન્યા છે. યોગી આદિત્યનાથ ઉત્તર પ્રદેશના બાવીસમા મુખ્ય પ્રધાન છે. તે ગોરખનાથ મઠના મહંત છે. આ ઉપરાંત તે એવા પ્રથમ મુખ્ય પ્રધાન છે જેમણે સતત બીજી વાર મુખ્ય પ્રધાનપદના શપથ લીધા છે. યોગી આદિત્યનાથે વર્ષ ૧૯૯૮માં ૨૬ વર્ષની ઉંમરમાં ગોરખપુર લોકસભા બેઠક પરથી ચૂંટણી જીતીને રાજનીતિના પ્રવેશ મેળવ્યો હતો. તે દેશના યુવા સાંસદ હતા. તે સતત પાંચ વાર ગોરખપુર બેઠક પરથી લોકસભા પહોંચ્યા હતા.

યોગી આદિત્યનાથની રાજકીય સફર વર્ષ ૧૯૯૮માં શરૂ થઈ હતી. તેમજ મુખ્ય પ્રધાન બન્યા બાદ તેમણે અનેક પરંપરાઓને તોડી હતી. જેમાં એવું કહેવામાં આવતું હતું કે જે મુખ્યમંત્રી નોએડાની મુલાકાત લે છે તે બીજી વાર મુખ્યમંત્રી નથી બનતા. તેમજ પહેલાની સરકારો નોઈડાના વિકાસ યોજનાઓનો લખનઊથી ઓનલાઈન શુભારંભ કરવામાં આવતો હતો. જોકે, યોગી આદિત્યનાથે આ પરંપરાને તોડી અને સીએમ બન્યા બાદ અનેક વાર નોઈડાની મુલાકાત લીધી હતી. તેમજ પ્રથમ કાર્યકાળ બાદ બીજો કાર્યકાળ પણ સફળતાપૂર્વક ચાલી રહ્યો છે. ■

## આઈઆઈટી ખડગપુરમાં આટલા સ્યૂસાઇડ કેમ?

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે સોમવારે ખાસ કરીને આઈઆઈટી ખડગપુર અને ગ્રેટર નોએડામાં શારદા યુનિવર્સિટીમાં આત્મહત્યાના બનાવો પર પ્રશ્નો ઉઠાવ્યા હતાં અને બંને કેસની તપાસ ''ઝડપથી આગળ વધારવા''નો નિર્દેશ આપ્યો હતો. જસ્ટિસ જે. બી. પારડીવાલા અને આર. મહાદેવનની ખંડપીઠ શૈક્ષણિક સંસ્થાઓમાં આત્મહત્યાના મૃત્યુ અંગેના કેસની સુનાવણી કરી રહી છે. ચોથા વર્ષના મેકેનિકલ એન્જિનિયરિંગ વિદ્યાર્થીની આત્મહત્યાની ઘટના પર, ખંડપીઠે આઈઆઈટી ખડગપુરના વકીલને પૂછ્યું હતું કે, ''તમારા આઈઆઈટી ખડગપુરમાં શું સમસ્યા છે? વિદ્યાર્થીઓ આત્મહત્યા કેમ કરી રહ્યા છે?'' ■

## થાઈલૅન્ડ-કમ્બોડિયા વચ્ચે યુદ્ધ વિરામ

કુઆલા લમ્પુરઃ દક્ષિણપૂર્વ એશિયામાં હવે શાંતિ સ્થપાશે કારણે કે મલેશિયાના વડા પ્રધાન અનવર ઈબ્રાહિમની મધ્યસ્થી બાદ થાઈલેન્ડ અને કમ્બોડિયા આજે મધ્યરાત્રિથી જ તત્કાલિક અને બિનશરતી યુદ્ધવિરામ માટે સહમતિ સાધવામાં આવી છે. થાઈલેન્ડ અને કમ્બોડિયા બન્ને વચ્ચેના સંઘર્ષમાં ૩૫ જેટલા લોકોના મૃત્યુ થયા હતાં અને આ સ્થિતિમાં ૨,૬૦,૦૦૦થી વધુ લોકોને વિસ્થાપનનો ભોગ બનવું પડ્યું હતું. આસિયાન પ્રાદેશિક જૂથના પ્રમુખ તરીકે વાટાઘાટોની અધ્યક્ષતા કરતા અનવરે કહ્યું કે, બંને પક્ષોમાં સામાન્ય સ્થિતિ પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી પગલાં લેવા અંગે સામાન્ય સહમતિ બની છે. ■

## ઇયુ પર ૧૫ ટકા ટૅરિફ : અમેરિકાની ટ્રેડ ડીલ ફાઇનલ

ન્યૂ યૉર્ક : અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા શરૂ કરવામાં આવેલા ટેરિફ વોર બાદ હવે અનેક દેશોએ અમેરિકા સાથે ટ્રેડ ડીલ કરી છે. જેમાં જાપાન બાદ હવે અમેરિકાએ યુરોપીય સંઘ સાથે પણ ટ્રેડ ડીલ કરી છે. આની જાહેરાત અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે કરી હતી. આ ટ્રેડ ડીલને ડોનલ્ડ ટ્રમ્પે અત્યાર સુધીનો સૌથી મોટી ડીલ ગણાવી છે. જે બંને પક્ષ માટે ફાયદાકારક રહેશે. ટ્રમ્પે આ જાહેરાત બાદ જણાવ્યું હતું કે આ ડીલ અંતર્ગત તમામ દેશો માટે બજાર ખોલી દેવામાં આવ્યા છે. તેમજ યુરોપીય સંઘના તમામ દેશો પર ૧૫ ટકા ટેરિફ લગાવવામાં આવશે. આ ઉપરાંત યુરોપીય સંઘ અમેરિકા પાસેથી ડિફેન્સ ઇકવીપમેન્ટની ખરીદીમાં વધારો કરશે. તેમજ ઊર્જા ક્ષેત્રમાં પણ યુરોપીયન સંઘ અમેરિકા પાસેથી ૧૫૦ અરબ ડોલરની ઊર્જાની ખરીદી કરશે. જેના લીધે બંને પક્ષો વચ્ચે આર્થિક સહયોગને મજબૂતી મળશે.■

## અલ્લાહુ અકબર કહી આપી બૉમ્બની ધમકીઃ ઇન્ટરનેશનલ ફ્લાઈટનું કરાયું ઇમર્જન્સી લેન્ડિંગ

ગ્લાસગો, સ્કોટલેન્ડઃ બ્રિટનના લ્યુટનથી ગ્લાસગો જતી ઇઝીજેટની ફ્લાઇટનું ઇમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. ઇઝીજેટની ફ્લાઇટમાં એક મુસાફર અચાનક જોરથી બૂમો પાડવા લાગ્યો અને ફ્લાઇટમાં બોમ્બ હોવાની ધમકી આપી હતી. આ મુસાફરે વિમાનમાં જ અમેરિકા મુર્દાબાદ અને ટ્રમ્પ મુર્દાબાદ સાથે સાથે અલ્લાહુ અકબર જેવા નારાઓ પણ લગાવ્યા હતા. વિમાનમાં બોમ્બ હોવાની ધમકી મળતી તાત્કાલિક વિમાનનું લેન્ડિંગ કરવું પડ્યું હતું. આ દરમિયાન વિમાનમાં સવાર દરેક લોકોના જીવ તાળવે ચોંટી ગયાં હતાં. આ સમગ્ર ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. વાયરલ વીડિયો પ્રમાણે આ વ્યક્તિ ટોયલેટમાંથી બહાર આવ્યો અને વિમાનને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા બૂમો પાડવા લાગ્યો હતો. જોકે, આ વ્યક્તિને અન્ય મુસાફરોએ તેને કાબૂમાં લઈ લીધો હતો. ■

## બિહારની બલિહારીઃ 'ડૉગ બાબુ'ને નામે રહેઠાણ પ્રમાણપત્ર જારી થયું

પટણાઃ પટણાના ગ્રામીણ વિસ્તારમાં તાજેતરમાં જ એક રખડતા કૂતરા માટે 'ડોગ બાબુ' ના નામે રહેઠાણનું પ્રમાણપત્ર જારી કરવામાં આવ્યું હતું, જે માટે વહીવટીતંત્રે તમામ સંબંધિત વ્યક્તિ સામે એફઆઈઆર નોંધાવ્યો છે. બિહારમાં મતદાર યાદીના ખાસ સઘન સુધારા દરમિયાન આવા દસ્તાવેજો મેળવવા માટે ચાલી રહેલા વિવાદના ભાગરૂપે, ગયા અઠવાડિયે મસૌરી સર્કલમાં રહેઠાણનું પ્રમાણપત્ર જારી કરવામાં આવ્યું હતું. બિહાર રાઇટ ટુ પબ્લિક સર્વિસ એક્ટ હેઠળ, નાગરિકો રહેઠાણનું પ્રમાણપત્ર મેળવવા માટે ઓનલાઇન અરજી કરી શકે છે અને યોગ્ય ચકાસણી પછી સંબંધિત અધિકારીઓ દ્વારા તે જારી કરવામાં આવે છે.

'કુત્તા બાબુ' અને 'કુતિયા દેવી' નામના માતા-પિતા સાથે રખડતા કૂતરા 'ડોગ બાબુ'નો ફોટો ધરાવતા પ્રમાણપત્રના સ્ક્રીનશોટ સોશ્યલ મીડિયા પર વાયરલ થયા છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### ટ્રમ્પના દાવાની

ભાગરૂપ ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા સફળ અને નિર્ણાયક ઑપરેશન સિંદૂરની ચર્ચા દરમિયાન જયશંકરે કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલા બાદ પડોશી દેશને એવો કડક સંદેશો આપવાની જરૂર હતી કે જો તમે અમારી સરહદ ઓળંગશો અને અમારા દેશને કે નાગરિકોને નુકસાન પહોંચાડવાના પ્રયાસ કરશો તો તેને ચુપચાપ સહન કરી લેવામાં નહીં આવે. (એજન્સી)■

### આપણે કેટલા

માગી હતી. કૉંગ્રેસના નેતા ગૌરવ ગોગોઈએ સોમવારે લોકસભામાં ઑપરેશન સિંદૂરની ચર્ચા દરમિયાન કેન્દ્ર સરકાર પર આક્રમક પ્રહાર કર્યા હતા. કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે ઑપરેશન સિંદૂરનો બચાવ કરતી દલીલો પૂરી કર્યાનાં તુરંત બાદ વિપક્ષે ચર્ચા આગળ વધારી હતી અને સવાલ ઉઠાવ્યા હતા.

તેમણે કહ્યું હતું કે વિપક્ષ મોદી પાસે એ જાણવા માગે છે કે જો પાકિસ્તાન ઘૂંટણીયે પડવા તૈયાર હતું તો પછી શા માટે તમે ઑપરેશન સિંદૂર અટકાવી દીધું અને તમે કોને સરન્ડર થયા હતા?

ટ્રમ્પનું કહેવું છે કે ભારત-પાક વચ્ચેના યુદ્ધમાં પાંચથી છ જૅટ ફાઈટર તોડી પડાયા હતા. એક જૅટ ફાઈટરની કિંમત કરોડોમાં હોય છે, એમ તેમણે કહ્યું હતું.

આ કારણે જ અમે સંરક્ષણ પ્રધાન પાસે જાણવા માગીએ છીએ અને તેમણે સ્પષ્ટતા કરવી જોઈએ કે ઑપરેશન સિંદૂર દરમિયાન ભારતે કેટલા જૅટ ફાઈટર ગુમાવ્યા? સત્ય જાણવાની દેશમાં હિંમત છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી)■

### આ તો હું હતો

જો હું ન હોત તો છ મોટા યુદ્ધો ચાલી રહ્યા હોત- ભારત પાકિસ્તાન સાથે લડી રહ્યું હોત. શુક્રવારથી સ્કોટલેન્ડની ખાનગી મુલાકાતે રહેલા ટ્રમ્પે કહ્યું કે આપણી પાસે ઘણા બધા હોટસ્પોટ છે જ્યાં યુદ્ધ ચાલી રહ્યું હતું. મને લાગે છે કે ભારત અને પાકિસ્તાન ખૂબ મોટા હોટસ્પોટ હતા, કારણ કે તમે બે પરમાણુ રાષ્ટ્રો વિશે વાત કરી રહ્યા છો. તે ખૂબ જ મોટું હોટસ્પોટ હતું. ■

### પહલગામના આતંકવાદીઓ

એજન્સીએ આટલા અઠવાડિયા શું કર્યું એ અંગે કોઈ જાણકારી આપવા સરકાર તૈયાર નથી. શું તેમણે આતંકવાદીઓને ઓળખી કાઢ્યા છે? તેઓ ક્યાંથી આવ્યા હતા? મારો મતલબ અમને જે જાણવા મળ્યું છે તે મુજબ તેઓ ઘરઆંગણેના જ છે. શા માટે તમે એમ ધારી લો છો કે તેઓ પાકિસ્તાનથી આવ્યા હતા? કેમ કે તેનો કોઈ પુરાવો નથી. ઑપરેશન સિંદૂરમાં ભારતને કેટલું નુકસાન થયું હતું તેની વિગતો પણ સરકાર જાહેર નથી કરી રહી. (એજન્સી)■

### પહલગામનો માસ્ટરમાઇન્ડ

પણ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં ત્રણ આતંકવાદીઓને ઠાર મારવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરમાં ઓપરેશન મહાદેવ અંતર્ગત કાર્યવાહી દરમિયાન સુરક્ષાદળોએ પહલગામ હુમલાના આરોપી સુલેમાન શાહ ઉર્ફે હાશિમ મુસાને ઠાર કર્યો હતો. મળતી વિગતો અનુસાર આ કાર્યવાહીમાં આતંકી હમઝા અને યાસીરને પણ ઠાર કરવામાં આવ્યા હતાં. સુરક્ષાદળો ઘણા લાંબા સમયથી આ આતંકીઓની શોધખોળ કરી રહ્યા હતાં. તે ઉપરાંત સરકારે પણ સુલેમાન પર ૨૦ લાખ રૂપિયાનું ઇનામ રાખ્યું હતુ.

હાશિમ મુસા લશ્કર-એ-તૈયબાનો એક સક્રિય અને ખતરનાક કમાન્ડર હતો. તેના માથા પર ૨૦ લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. મુસા પાકિસ્તાની સેનાની સ્પેશ્યલ ફોર્સનો પૂર્વ પેરા કમાન્ડો રહી ચૂક્યો હતો. તેને આતંક ફેલાવવાની ઊંડી તાલીમ મળી હતી. આધુનિક હથિયારો અને યુદ્ધ ટેકનિક માહિર મુસાએ પહલગામ હુમલાની સંપૂર્ણ યોજના તૈયાર કરી હતી. ■

### લક્ષ્ય સિદ્ધ થયું

આતંકવાદી તાલીમ કેન્દ્ર અને છાવણીઓ પર કરેલી અસરકારક કાર્યવાહી હતી. ભારતીય સેનાએ ઑપરેશન સિંદૂર અંતર્ગત પાકિસ્તાન તેમ જ પીઓકેસ્થિત સાત આતંકવાદી તાલીમ કેન્દ્ર તેમ જ છાવણીનો સંપૂર્ણપણે નાશ કર્યો હતો અને ભારત પાસે તેના પુરાવા પણ છે, એમ તેમણે કહ્યું હતું. માત્ર બાવીસ જ મિનિટમાં કાર્યવાહી કરી પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવામાં આવ્યો હતો એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે આ કાર્યવાહી ઉશ્કેરણીજનક નહોતી. ઑપરેશન સિંદૂર હાથ ધરતા અગાઉ ભારતીય સેનાએ તમામ પરિબળોને ધ્યાન પર લીધાં હતાં અને આતંકવાદીઓને વધુમાં વધુ નુકસાન પહોંચાડી શકાય તેવો વિકલ્પ અપનાવ્યો હતો.

બાહ્ય દબાણને કારણે ઑપરેશન સિંદૂર રોકી દેવામાં આવ્યું હોવાના દાવાને તેમણે પાયાવિહોણો અને ખોટો લેખાવ્યો હતો. (એજન્સી)■

### તપાસ અહેવાલને

ઍડવોકેટ કપિલ સિબલને સવાલ કર્યો હતો કે શા માટે તમે તપાસ પૂરી થવાની અને અહેવાલ જાહેર થવાની રાહ જોઈ? શા માટે તમે ઈન્કવાયરી પેનલ સમક્ષ ઉપસ્થિત રહ્યા? શું તમે વીડિયો હટાવી દેવામાં આવે તે માટે કોર્ટમાં આવ્યા હતા? શું મનગમતો આદેશ માટે તમે તક લેવા માગતા હતા?

સિબલે કહ્યું હતું કે ઈન-હાઉસ ઈન્કવાયરી પેનલનો અહેવાલ જસ્ટિસ વર્માના મહાભિયોગનો આધાર ન બની શકે. કોર્ટે કેસની આગામી સુનાવણી માટે ૩૦ જુલાઈ મુકરર કરી હતી. (એજન્સી)■

### રખડતા કૂતરાઓના

''અમે આ સમાચાર વિષયની આપમેળે નોંધ લઈએ છીએ,'' તેવો ખંડપીઠે આદેશ આપ્યો હતો. તેણે સુપ્રીમ કોર્ટ રજિસ્ટ્રીને જાહેર હિતમાં સુઓ મોટો અરજી તરીકે નોંધણી કરાવવા કહ્યું. ''આ આદેશ સમાચાર અહેવાલ સાથે ભારતના મુખ્ય ન્યાયાધીશ સમક્ષ યોગ્ય આદેશો માટે રજૂ કરવામાં આવે,'' એમ ખંડપીઠે કહ્યું હતું. ■

### ગાંધીનગરની મહિલા

ધમકીભર્યા લેટર પણ મોકલવામાં આવ્યા હતા. આંતરરાષ્ટ્રીય ગેંગે સિનિયર સિટિઝન મહિલા ડોક્ટરને એવી રીતે ડરાવવાની શરૂઆત કરી કે તમારા ફોનથી અપમાનજનક મેસેજ પબ્લિકલી વારંવાર પોસ્ટ થાય છે, તેથી તમારી સામે એફઆઈઆર દાખલ થશે. પછી તો ધીમે ધીમે અલગ અલગ રીતે સરકારી એજન્સીઓનાં નામના ખોટા લેટર મોકલી ઘરમાં પડેલું સોનું વેચાવી પૈસા પડાવ્યા હતા. બાદમાં લોકરમાં રહેલા સોના પર લોન લેવડાવી, એફડી તોડાવી અને વર્ષો પહેલા લીધેલા શેર પણ વેચાવી નાખ્યા. આ બધામાંથી જે રૂપિયા આવ્યા એ અલગ અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવી દીધા હતા.

આ ઘટના સામે આવતાં સાયબર સેલ પણ ચોંકી ઊઠ્યું હતું. ગાંધીનગરના સીઆઇડી ક્રાઇમના સાઇબર સેલે ૩૫ જેટલા અલગ અલગ શખસો સામે ૧૬ જુલાઇના રોજ ડિજિટલ અરેસ્ટનો ગુનો નોંધ્યો હતો. ■

### બિહારમાં મતદાર યાદી

કવાયત માટે આધાર અને મતદાર ઓળખપત્ર સ્વીકારવાનું ચાલુ રાખવા જણાવ્યું હતું, જેમાં બંને દસ્તાવેજો ''ખરા હોવાની ધારણા'' હોવાનું જણાવાયું હતું.

કોર્ટે કહ્યું કે તે પ્રથમ દૃષ્ટિએ સર્વોચ્ચ અદાલતના આદેશ સાથે સંમત છે અને ચૂંટણી પંચે તેના પ્રતિ-સોગંદનામામાં સ્વીકાર્યું હતું કે આધાર, મતદાર કાર્ડ અને રેશનકાર્ડ સ્વીકારવા જરૂરી છે. ''જ્યાં સુધી રેશનકાર્ડનો સંબંધ છે ત્યાં સુધી આપણે કહી શકીએ છીએ કે તે સરળતાથી બનાવટી થઈ શકે છે પરંતુ આધાર અને મતદાર કાર્ડમાં કેટલીક પવિત્રતા છે અને તેમની ખરા હોવાની ધારણા છે. તમે આ દસ્તાવેજો સ્વીકારવાનું ચાલુ રાખો,'' એમ ખંડપીઠે કહ્યું હતું. ■

### નવી ઓબીસી યાદી

વકીલ કપિલ સિબલની દલીલોની નોંધ લીધી અને કહ્યું હતું કે આ આશ્ચર્યજનક છે. હાઇકોર્ટ આવો આદેશ કઇ રીતે આપી શકે? અનામત એ વહીવટી કાર્યનો એક ભાગ છે. વાંધાજનક ચુકાદાના કેટલાક ભાગોને ટાંકીને મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે જારી કરાયેલા નિર્દેશોનું સંપૂર્ણ અર્થઘટન કરવાની જરૂર છે. મુખ્ય ન્યાયધીશે જણાવ્યું કે અમે આના પર નોટિસ જારી કરીશું. આ આશ્ચર્યજનક છે. હાઇકોર્ટ આને કેવી રીતે રોકી શકે? અનામત એ વહીવટી કાર્યોનો એક ભાગ છે. ઇન્દિરા સાહની(મંડલ ચુકાદો)થી તે સ્થાપિત કાયદો છે, સ્થિતિ એવી છે કે કારોબારી આ કરી શકે છે. ખંડપીઠે કહ્યું કે અનામત આપવા માટે કારોબારી સૂચનાઓ પૂરતી છે અને આ માટે કાયદો બનાવવાની જરૂર નથી. ■

# અમદાવાદમાં બીજા દિવસે પણ મેઘમહેર, સિઝનનો ૨૬ ઈંચ વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યના હવામાન વિભાગ દ્વારા ૨૭ અને ૨૮ જુલાઈ એમ બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી.રવિવારે અમદાવાદ શહેરમાં સરેરાશ ૩.૭૫ ઈંચ વરસાદ નોંધાયો હતો. સૌથી વધુ વટવા વિસ્તારમાં ૫ ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જ્યારે રામોલ, મણિનગરમાં ૪ ઈંચથી વધુ વરસાદ નોંધાયો હતો.

૨૮ જુલાઈ સોમવારે પણ અમદાવાદ શહેરમાં વહેલી સવારથી વરસાદી વાતાવરણ જોવા મળી રહ્યું છે. સવારના ૬થી ૧ વાગ્યા સુધીમાં શહેરમાં સૌથી વધુ જગતપુર, રાણીપ, વિરાટનગર, ગોતા સહિતના વિસ્તારમાં સરેરાશ બે ઇંચ વરસાદ નોંધાયો છે, જ્યારે શહેરમાં સરેરાશ એક ઈંચ વરસાદ નોંધાયો હતો. તે ઉપરાંત



શહેરના , રામોલ, મણીનગર, ઓઢવ, નિકોલ, શાહપુર, શાહીબાગ, અસારવા, જમાલપુર, ચાંદલોડિયા, ગોતા એસજી હાઇવે, સાયન્સ સિટી, ન્યુ રાણીપ, જગતપુર, વસ્ત્રાપુર, ઉસ્માનપુરા, પાલડી, વાસણા, આશ્રમરોડ, ઇન્કમટેક્સ, વાડજ સહિતના વિસ્તારોમાં સારો એવો વરસાદ પડ્યો હતો. જ્યારે નરોડા, સૈજપુર, એરપોર્ટ, સરદારનગર, કુબેરનગર, કઠવાડા, વટવા, ચાંદખેડા, મોટેરા, સાબરમતી સરખેજ, શ્યામલ, પ્રહલાદનગર, આનંદનગર સહિતના વિસ્તારોમાં સામાન્ય વરસાદ ખાબક્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, શહેરમાં દર સિઝનમાં ૩૫ ઇંચ વરસાદ પડતો હોય છે. જો કે, અત્યાર આ સિઝનમાં ૨૬ ઇંચ એટલે કે, ૭૧ ટકા વરસાદ પડી ચૂક્યો છે. ■

# ગુજરાતમાં અનરાધાર વરસાદથી જનજીવન પ્રભાવિત થયું

## ૧૩૨ તાલુકામાં વરસાદ, ૨૯ જળાશયો છલકાયા

અમદાવાદઃ ગુજરાતમાં વરસાદી માહોલ જામ્યો છે. રાજ્યના અનેક જિલ્લામાં ભારે વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. રાજ્યમાં હાલ ટ્રફલાઇન પસાર થતી હોવાથી વરસાદી માહોલ સર્જાયો છે. હવામાન વિભાગ દ્વારા આગામી સાત દિવસ રાજ્યમાં ભારે વરસાદની આગાહી કરી હતી. બે દિવસ દક્ષિણ ગુજરાત, મધ્ય ગુજરાતમાં અને ઉત્તર ગુજરાતમાં કેટલાક ભાગોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી હતી. જ્યારે માછીમારોને પણ આગામી ૨ દિવસ દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી.

સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા મુજબ, રાજ્યમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૧૩૨ તાલુકામાં વરસાદ વરસ્યો હતો. ઉમરપાડામાં સૌથી વધુ ૪.૭૬ ઈંચ વરસાદ પડ્યો હતો. છોટાઉદેપુરમાં ૩.૧૯ ઈંચ, બોડેલીમાં ૨.૯૯ ઈંચ, જાંબુઘોડામાં ૨.૩૨ ઈંચ, જેતપુર પાવીમાં ૨.૨૪ ઈંચ, ગરબાડામાં ૨.૨૦ ઈંચ, સોનગઢમાં ૨.૦૯ ઈંચ, ડોલવણમાં ૧.૮૯ ઈંચ વરસાદ વરસ્યો હતો. રાજ્યમાં એક તાલુકામાં ચાર ઈંચથી વધારે, એક તાલુકામાં ત્રણ ઈંચથી વધારે, પાંચ તાલુકામાં બે ઈંચથી વધારે, ૨૨ તાલુકામાં એક ઈંચથી વધારે વરસાદ પડ્યો હતો. જ્યારે ૧૦૩ તાલુકામાં એક ઈંચથી ઓછો વરસાદ નોંધાયો હતો.

ગુજરાતનાં ૨૯ જળાશયો હાલ ૧૦૦ ટકા ભરાઈ ગયાં છે. જેમાં કચ્છના સૌથી વધુ ૫, ભાવનગરના ૪, સુરેન્દ્રનગરનાં ૩ જળાશયનો સમાવેશ થાય છે. ૬૩ જળાશયોમાં ૭૦ ટકાથી ૧૦૦ ટકા, ૪૨ જળાશયોમાં ૫૦ ટકાથી ૭૦ ટકા જળસ્તર છે. હજુ પણ ૩૫ જળાશયો એવા છે જ્યાં જળસ્તર ૨૫ ટકાથી નીચું છે. હાલ ગુજરાતના ૫૧ જળાશયમાં જળસ્તર ૯૦ ટકાથી વધુ હોવાથી હાઇએલર્ટ હેઠળ મૂકવામાં આવ્યા છે. ૨૨ જળાશયો એલર્ટ અને ૧૯ જળાશયો વોર્નિંગ હેઠળ છે.

રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા નિગમ લિ.માં હાલનો સંગ્રહ કુલ ક્ષમતાના ૬૩.૬૦ ટકા ભરાયેલો છે. હાલ નર્મદા ડેમની સપાટી ૧૨૪.૩૧ મીટર છે અને મહત્તમ સપાટી ૧૩૮.૬૮ મીટર છે. ૨.૬૨ લાખ ક્યૂસેક પાણી આવવાથી ડેમની સપાટીમાં દોઢથી બે મીટરનો વધારો થશે. રાજ્યમાં સિઝનનો ૬૧.૩૨ ટકા વરસાદ નોંધાયો છે. કચ્છમાં સૌથી વધુ ૬૪.૧૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૬૫ ટકા, પૂર્વ મધ્યમાં ૬૨.૪૯ ટકા, સૌરાષ્ટ્રમાં ૫૪.૯૦ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૬૩.૮૮ ટકા વરસાદ વરસ્યો છે. ■

# વડોદરાના આજવા સરોવરના ૬૨ દરવાજામાંથી ૧૧૦૦ ક્યૂસેક પાણી વિશ્વામિત્રીમાં છોડાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સાર્વત્રિક વરસાદથી સરોવરો, જળાશયો, અને ડેમમાં પાણીની સારી આવક થઈ છે. ભારે વરસાદથી જળાશયો ભરાતા લોકોમાં ખુશીનો માહોલ છે. વડોદરાનું આજવા સરોવર ફરી એક વાર છલોછલું ભરાઈ ગયું છે. આજવા સરોવરમાં પાણીની સપાટી વધીને ૨૮ જુલાઈના રોજ બપોરે ૨૧૧.૫૫ ફૂટ થઈ હતી. આજવા સરોવરના ૬૨ દરવાજામાંથી હાલમાં ૧૧૦૦ ક્યુસેક પાણી વિશ્વામિત્રી નદીમાં વહી રહ્યું છે. ૧૫ ઓગસ્ટ સુધી ૬૨ દરવાજાનું લેવલ ૨૧૧ ફૂટ સુધી જાળવી રાખવામાં આવશે, ત્યારબાદ પાણી ૨૧૨ ફૂટ સુધી ભરી શકાય છે. આજવા સરોવર અને તેના ઉપરવાસમાં છેલ્લા ૨૪ કલાકમાં સરેરાશ ત્રણ ઇંચ જેટલો વરસાદ નોંધાતા આજવા સરોવરની સપાટી વધી છે.

આજવા સરોવરમાં પાણીની સપાટી ૨૧૧ ફૂટથી પણ ઓછી કરી ૨૦૮ ફૂટ સુધી તબક્કાવાર લાવવા માટે પંપિંગ સિસ્ટમ મૂકવામાં આવી છે, અને તેના પંપો અગાઉ ચાલુ કરવામાં આવ્યા હતા. છેલ્લા કેટલાક દિવસોથી કુદરતી રીતે જ પાણીનો નિકાલ ૬૨ દરવાજામાંથી થઈ રહ્યો હોવાથી પંપિંગ બંધ કરાયું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર સરોવરની સપાટી ૨૧૧ ફૂટ સુધી ન આવે ત્યાં સુધી પાણી છોડવાનું ચાલુ રહેશે. પાણી છોડવાની પ્રક્રિયા સંભાળપૂર્વક હાથ ધરવામાં આવી રહી છે જેથી નદીકાંઠાના વિસ્તારોમાં કોઈ નુકસાન ન થાય.

આજવા સરોવર વડોદરા શહેર માટે મહત્ત્વપૂર્ણ પાણીનું સ્રોત છે. દર વર્ષે ચોમાસામાં સરોવર ભરાય છે અને શહેરના પાણી પુરવઠાને મજબૂત બનાવે છે. આ વર્ષે પંચમહાલ અને પાવાગઢના કેચમેન્ટ વિસ્તારમાં ભારે વરસાદ પડ્યો છે, જેના કારણે સરોવર ઝડપથી ભરાઈ ગયું છે. પાણી છોડવાની કામગીરીને કારણે વિશ્વામિત્રી નદીના કાંઠે રહેતા નાગરિકોને સાવચેત રહેવાની સલાહ આપવામાં આવી છે. નદીના પ્રવાહમાં વધારો થવાને કારણે નદીકાંઠા વિસ્તારમાં અનાવશ્યક ભીડ ન કરવા અપીલ કરવામાં આવી છે.

વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન અને જળસંચય વિભાગ પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યા છે. પાણી છોડવાની પ્રક્રિયા નિયંત્રણ હેઠળ છે અને હાલ કોઈ જોખમજનક પરિસ્થિતિ નથી. આજવા સરોવર ભરાવાની સાથે વડોદરા શહેરના પાણી સંગ્રહમાં વધારો થવાથી આવતા મહિનાઓમાં પાણીની કોઈ અછત રહેશે નહીં. વરસાદી માહોલને કારણે નાગરિકોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ■

# અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર ૧૫ કિ.મી.નો ટ્રાફિક જૅમ પાંચ દિવસમાં ત્રીજી વખત વાહનો અટવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભારે વરસાદથી ટ્રાફિકની સમસ્યા સતત વણસી રહી છે. અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર ૨૮ જુલાઈના રોજ ફરી એક વખત ૧૦ કિ.મી.નો ટ્રાફિકજામ સર્જાયો હતો, જે બપોર ૩ વાગ્યે વધીને ૧૫ કિ.મી. સુધી પહોંચ્યો હતો. વડોદરા નજીકના જામ્બુવા બ્રિજ પર ખાડા પડતાં વરણામાંથી કપુરાઇ ચોકડી સુધી વાહનોની લાઈન લાગી હતી. ૫ દિવસમાં આ ત્રીજી વખત ટ્રાફિકજામ થયો છે. જેનાથી વાહન ચાલકો હેરાન-પરેશાન થઈ રહ્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલાં ૧૯ જૂને પણ ભારે ટ્રાફિકજામ થયો હતો. ત્યાર બાદ ૨૬ જૂન, ૨૮ જૂન, ૨૯ જૂન, ૨૩ જુલાઈ, ૨૪ જુલાઈ અને ૨૮ જુલાઈના દિવસે પણ ટ્રાફિકજામ થયો હતો. આમ, ૩૯ દિવસમાં ૭ વાર ટ્રાફિક જામ થયો છે.

અમદાવાદ-મુંબઇ નેશનલ હાઇવે નં-૪૮ ઉપર વડોદરા પાસે જાંબુવાબ્રિજ પર પડી ગયેલા મોટા મોટા ખાડાઓને કારણે લોકો ટ્રાફિકજામની સમસ્યાથી ત્રસ્ત થયા છે.

જાંબુવાબ્રિજ પરથી રોજનાં એક લાખ કરતાં વધુ વાહનો પસાર થાય છે, જેમાં સૌરાષ્ટ્ર, ઉત્તર અને મધ્ય ગુજરાતથી દક્ષિણ ગુજરાત અને મુંબઇ તરફ લોકો જતા હોય છે. આ ઉપરાંત આસપાસની કંપનીઓમાં નોકરી કરતા લોકો અને બિઝનેસ સાથે સંકળાયેલા લોકોનો પણ સમાવેશ થાય છે. આ બધા લોકો ટ્રાફિકજામની સ્થિતિથી ત્રસ્ત છે અને ઝડપથી બ્રિજનું કામ પૂરું કરીને ટ્રાફિકજામથી મુક્તિ અપાવવામાં આવે એવી માગ કરી રહ્યા છે. ■

# રાજકોટના રેલનગર વિસ્તારમાંથી 30 લાખથી વધુના એમડી ડ્રગ્સ સાથે બે આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ એસઓજીએ મોટા ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો. એસઓજીએ શહેરના રેલનગર વિસ્તારમાં આવેલા ગુલમહોર પ્લાઝા એપાર્ટમેન્ટમાં દરોડો પાડીને ૩૦૩ ગ્રામ એમડી ડ્રગ્સ સાથે બે આરોપી રણજીત ઉર્ફે કાનો ટિકિટ અને હિતેન્દ્રસિંહ ઉર્ફે હકોની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી ૩૦ લાખથી વધુનો એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટ એસઓજીએ ડ્રગ્સ વિરુદ્ધ ઓપરેશન હાથ ધર્યું છે. જેના ભાગરૂપે બાતમીના આધારે આ દરોડો પાડવામાં આવ્યો હતો. રાજકોટના ઇતિહાસમાં પોલીસની એમડી ડ્રગ્સ મામલે આ સૌથી મોટી રેડ મનાય છે.■

### લખપતિ દીદી યોજનામાં ગુજરાતને હળહળતો ‘અન્યાય’

# કેન્દ્ર સરકારે ૨૬૭ કરોડ આપવાની જાહેરાત કર્યા બાદ ફદિયું પણ ન આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંસદનું ચોમાસું સત્ર ચાલી રહ્યું છે, જેમાં લખપતિ દીદી યોજનાને લઈ જાહેર કરવામાં આવેલી વિગતો મુજબ ગુજરાતને હળહળતો અન્યાય થઈ રહ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે. કેન્દ્ર સરકારએ ગુજરાતને લખપતિ દીદી યોજના અંતગર્ત ૨૬૭ કરોડ આપવાનું નક્કી કર્યુ હતું, પરંતુ એક પણ રૂપિયો આપ્યો નથી.

આ ઉપરાંત એવી પણ માહિતી સામે આવી કે કેન્દ્ર સરકારે લખપતિ દીદી યોજના માટે બિહાર, છત્તીસગઢ, ઓડિશા, હરિયાણા, પંજાબ, અરુણાચલ, તામિલનાડુ સહિત અન્ય રાજ્યોને લાખો કરોડો રૂપિયાની ગ્રાન્ટની લ્હાણી કરી હતી. જ્યારે આ યોજના અંતર્ગત કેન્દ્રએ ગુજરાતને ૨૬૭ કરોડ આપવા મોટા ઉપાડે જાહેરાત કરી હતી. પણ અત્યાર સુધીમાં એક પણ રૂપિયાની ગ્રાન્ટ આપી નથી.

સંસદમાં રજૂ થયેલાં રિપોર્ટ અનુસાર ગુજરાતમાં ૬.૦૬ લખપતિ દીદી છે. જ્યારે મહારાષ્ટ્રમાં ૨૨.૬૯ લાખ, આંધ્ર પ્રદેશમાં ૧૭.૪૧ લાખ, મધ્ય પ્રદેશમાં ૧૨.૮૪ લાખ, ઉત્તરપ્રદેશમાં ૧૧.૧૫ લાખ, પશ્ચિમ બંગાળમાં ૧૧.૫૯ લાખ, ઓડિશામાં ૭.૮૦ લાખ મહિલાઓ લખપતિ દીદી યોજના બની હતી. વિકસિત ગુજરાત કરતાં અન્ય રાજ્યોમાં મહિલાઓએ લખપતિ દીદી યોજનાનો વધુ લાભ મેળવ્યો હતો. મહિલાઓ આત્મનિર્ભર બને તે માટે ગુજરાતને પૂરતું પ્રોત્સાહન જ નથી મળતું.

કેન્દ્ર સરકારની આ જાહેરાત બાદ ગુજરાતની હજારો મહિલાઓ આશા સેવી રહી હતી કે આ યોજના થકી તેમને રૂ. ૧ લાખ સુધીની લોન અને અન્ય સહાય મળી શકશે, જે તેમને નાના ઉદ્યોગો શરૂ કરવામાં અથવા હાલના વ્યવસાયોને વિસ્તારવામાં મદદરૂપ થશે. જોકે, ભંડોળના અભાવે આ યોજના ગુજરાતમાં અટકી પડી છે, જેના કારણે લાભાર્થી મહિલાઓમાં નિરાશા જોવા મળી રહી છે. આ મામલે ગુજરાત સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવામાં આવી છે કે કેમ, તે અંગે કોઈ સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નથી. જોકે, આ મુદ્દો આગામી સમયમાં રાજકીય ગરમાવો પકડી શકે છે. ■

# અમદાવાદમાં છ માસમાં ૪૯ હજાર લોકો ઓવર સ્પીડિંગમાં ઝડપાયા, ૧૧.૪૫ કરોડ રૂપિયાનો દંડ ફટકારાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં આડેધડ પાર્કિંગ થતા હોવાના કારણે રોડ સાંકડા થઈ રહ્યા છે અને અકસ્માત તથા ટ્રાફિકજામની સમસ્યા વણસી રહી છે. હાઇકોર્ટે આ બાબતે ટ્રાફિક પોલીસને કાર્યવાહી કરવા આદેશ આપ્યા બાદ ટ્રાફિક પોલીસે ચાલુ વર્ષે આ પ્રકારની સમસ્યા નિવારવા માટે અઢી લાખથી વધુ લોકોને પાર્કિંગના નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ ૧૫.૫૮ કરોડનો દંડ ફટકાર્યો છે. આ સાથે જ અકસ્માત નિવારવા માટે રિક્ષા સહિતનાં અમુક વાહનોમાં ડ્રાઇવરથી વધુ લોકોને બેસાડવા બદલ ૯૦૨૬ લોકોને ૫૨ લાખથી વધુનો દંડ ફટકાર્યો છે. જ્યારે ઓવરસ્પીડિંગના ૪૯ હજાર કેસ કરીને ૧૧.૪૫ કરોડનો દંડ ફટકાર્યો છે.

શહેરમાં જેટલા પણ અકસ્માત સર્જાય છે તેમાં ભોગ બનનારે હેલ્મેટ ન પહેર્યું હોય અથવા આરોપીના વાહનની ઓવરસ્પીડ હોવાથી અકસ્માત સર્જાતા હોવાનું બહાર આવ્યું હતું. આ પ્રકારના બનાવો અટકે તે માટે ટ્રાફિક પોલીસે છ જ માસમાં ઓવરસ્પીડિંગના ૪૯ હજાર કેસ કરીને રૂ. ૧૧.૪૫ કરોડનો દંડ ફટકાર્યો છે. જ્યારે શહેરમાં છ માસમાં ૯૫ હજારથી વધુ લોકો રોંગ સાઇડ વાહન હંકારતા ઝડપાતા પોલીસે ૧૭ કરોડથી વધુનો દંડ ફટકાર્યો છે.

શહેરમાં રોડ રસ્તાની બિસ્માર હાલત અને ટ્રાફિક જામ સહિતના પ્રશ્નોથી લોકો કંટાળી ગયા છે. ચાલુ વર્ષે ટ્રાફિક પોલીસે લાખો લોકો સામે કાર્યવાહી કરી છે. ટ્રાફિક પોલીસે વિવિધ વિસ્તારમાં આ સમસ્યાને ડામવા માટે કાર્યવાહી હાથ ધરી હતી.

જેમાં ટ્રાફિક પોલીસે પાર્કિંગના નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે લાલઆંખ કરી છે. ચાલુ વર્ષે ટ્રાફિક પોલીસે ૨.૫૬ લાખ ચલણ ઇસ્યૂ કરીને ૧૫.૮૫ કરોડનો દંડ ફટકાર્યો છે. તો શહેરમાં અકસ્માતની સંખ્યા ભલે ઘટી હોય પરંતુ અનેક એવા વાહનચાલકો બેદરકારી દાખવે છે જેનાથી અકસ્માત થવાનો ભય રહે છે.

જેમાં રિક્ષા સહિતનાં વાહનોમાં ડ્રાઇવરની સાથે અન્ય માણસો બેસાડવા જોખમીભર્યું સાબિત થતું હોવાથી ટ્રાફિક પોલીસે ૯૦૨૬ જેટલા મેમો જનરેટ કરીને ૫૨.૭૨ લાખનો દંડ ફટકાર્યો છે. ■

# ગેનીબેન ઠાકોરે સંસદમાં ગુજરાતની સાંસ્કૃતિક અને ઐતિહાસિક વિરાસતના સંરક્ષણને સંવર્ધનનો મુદ્દો ઉઠાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંસદનું ચોમાસુ સત્ર ચાલી રહ્યું છે. જેમાં બનાસકાંઠાથી કોંગ્રેસના સાંસદ ગેનીબેન ઠાકોરે ગુજરાતની સાંસ્કૃતિક અને ઐતિહાસિક વિરાસતના સંરક્ષણના સંવર્ધનનો મુદ્દો ઉઠાવ્યો હતો. જેના જવાબમાં સંસ્કૃતિ અને પર્યટન પ્રધાન ગજેન્દ્ર સિંહ શેખાવતે કહ્યું, ભારત સરકાર ગુજરાતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાના સંરક્ષણ-પ્રોત્સાહન માટે સતત પ્રયત્નશીલ છે. ગુજરાત રાજ્યમાં એએસઆઈની દેખરેખ અને જાળવણી હેઠળ ૨૦૫ કેન્દ્રીય રીતે સંરક્ષિત સ્મારકો છે.

કેન્દ્રીય પ્રધાને ગુજરાતમાં નવાં સંગ્રહાલયો અથવા સાંસ્કૃતિક કેન્દ્રો સ્થાપવા માટેની દરખાસ્તોની વિગતો અને સ્થિતિ વિશેના એક પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે હાલમાં, સંસ્કૃતિ મંત્રાલય પાસે વિચારણા માટે આવી કોઈ દરખાસ્ત પેન્ડિંગ નથી. પ્રધાન શેખાવતે જણાવ્યું હતું કે જરૂરિયાત અને સંસાધનોની ઉપલબ્ધતા અનુસાર એએસઆઈએ સૂર્ય મંદિર (મોઢેરા), રાણી કી વાવ (પાટણ) અને ચાંપાનેર-પાવાગઢ જેવાં ઐતિહાસિક સ્થળોના સંરક્ષણ અને જાળવણીનું કાર્ય હાથ ધરે છે. આ સ્મારકોના સંરક્ષણ અને જાળવણી માટે છેલ્લા ત્રણ વર્ષમાં કરવામાં આવેલા ફાળવણી અને ખર્ચની વિગતો આપવામાં આવી હતી. પ્રધાન ગજેન્દ્રસિંહ શેખાવતે સાંસદ ગેનીબેન ઠાકોરના ગુજરાતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાના સંરક્ષણ અને પ્રોત્સાહન માટે કોઈ પહેલ અંગેના અતારાંકિત પ્રશ્ન નં. ૧૨૭૭નો પ્રત્યુત્તર આપ્યો હતો.

સંસદમાં આપવામાં આવેલી માહિતી અનુસાર, એએસઆઈએ સમૃદ્ધ સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને પ્રદર્શિત કરવા માટે ગુજરાતના કચ્છ જિલ્લામાં ધોળાવીરા ખાતે એક (૦૧) પુરાતત્ત્વીય સ્થળ સંગ્રહાલય પણ સ્થાપિત કર્યું છે. સંસ્કૃતિ મંત્રાલયે ગુજરાતની લોક સંસ્કૃતિને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે ઉદયપુર ખાતે પશ્ચિમ ક્ષેત્ર સાંસ્કૃતિક કેન્દ્ર (ડબલ્યુઝેડસીસી) ની સ્થાપના કરી છે. ડબલ્યુઝેડસીસી ગુજરાત રાજ્યમાં વિવિધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનું આયોજન કરે છે. ડબલ્યુઝેડસીસી, ઉદયપુર દ્વારા ગુજરાત રાજ્યમાં આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમોમાં વસંતોત્સવ, રાષ્ટ્રીય એકતા દિવસ, ડાંગ દરબાર, નુપુર નૃત્ય મહોત્સવ અને આદિવાસી ઉત્સવનો સમાવેશ થાય છે. સંસ્કૃતિ મંત્રાલયે છેલ્લાં ત્રણ વર્ષમાં વડનગર ખાતે પુરાતત્ત્વીય અનુભવ સંગ્રહાલયને નાણાકીય સહાય પણ પૂરી પાડી છે એમ કેન્દ્રીય સંસ્કૃતિ અને પર્યટન પ્રધાન ગજેન્દ્રસિંહ શેખાવતે જણાવ્યું હતું. ■

# કોંગ્રેસે વિધાનસભામાં ઉપનેતા તરીકે શૈલેષ પરમાર, મુખ્ય દંડક તરીકે કિરીટ પટેલની નિમણૂક કરી

અમદાવાદઃ ગુજરાતમાં કોંગ્રેસ દ્વારા વિધાનસભામાં ઉપનેતા તરીકે શૈલેષ પરમારની નિમણૂક કરી હતી. જ્યારે મુખ્ય દંડક તરીકે ડો. કિરીટભાઈ પટેલ, ઉપદંડક તરીકે વિમલભાઈ ચુડાસમા, ઉપદંડક તરીકે ઈમરાનભાઈ ખેડાવાલા, ખજાનચી તરીકે દિનેશભાઈ ઠાકોર, મંત્રી તરીકે કાંતિભાઈ ખરાડી, પ્રવક્તા તરીકે જીગ્નેશભાઈ મેવાણી, પ્રવક્તા તરીકે અનંતભાઈ પટેલની નિમણૂક કરી હતી.

ગુજરાત વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી કડી અને વિસાવદરની પેટા ચૂંટણીમાં કોંગ્રેસની હાર થતાં પ્રદેશ પ્રમુખેથી શક્તિસિંહ ગોહિલે રાજીનામું આપ્યું હતું. જે બાદ નવા પ્રદેશ પ્રમુખ તરીકે તાજેતરમાં જ અમિત ચાવડાની નિમણૂક કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભામાં કોંગ્રેસ પક્ષના વિરોધ પક્ષના નેતા તરીકે ડો. તુષાર ચૌધરીને નિયુક્ત કરવામાં આવ્યા હતા. ■

# ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષ પૂર્ણ થવા પર લોગો ડિઝાઈન સ્પર્ધાનું આયોજનઃ વિજેતાને ત્રણ લાખનો પુરસ્કાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતની સ્થાપનાના ગૌરવશાળી ૭૫ વર્ષ ૨૦૩૫માં પૂર્ણ થવાના છે. આવા ઐતિહાસિક પ્રસંગની ઉજવણી રૂપે, ગુજરાત સરકારે માય ગવ ઈન્ડિયા પ્લેટફોર્મ પર રાષ્ટ્રીય સ્તરે લોગો ડિઝાઈન સ્પર્ધાનું આયોજન કરવાનો નિર્ણય કર્યો છે. ગુજરાતના ૭૫ વર્ષની આ ભવ્ય યાત્રાના પ્રતીકરૂપે સર્જનાત્મક અને અર્થપૂર્ણ ‘લોગો’ મંગાવી, તેને રાજ્યના આર્થિક નેતૃત્વ, ટેક્નોલોજીકલ પ્રગતિ, સાંસ્કૃતિક પ્રભુતા અને લોકકેન્દ્રિત શાસનને ઉજાગર કરવાનો શુભ આશય આ સ્પર્ધામાં રહેલો છે.

મુખ્ય પ્રધાને સર્જનાત્મકતાની અભિવ્યક્તિના આગવા અવસર સમાન આ લોગો ડિઝાઈન માટેની રાષ્ટ્રીય સ્પર્ધામાં નામાંકનનો માય ગવ. ઈન પ્લેટફોર્મ પર પ્રારંભ કરાવ્યો હતો. દેશભરમાંથી નાગરિકો પોતે ડિઝાઇન કરેલા લોગો તા. ૨૮ જુલાઈ થી ૧૪ ઓગસ્ટ દરમિયાન માય ગવ. ઈનની લિંક પર સબમીટ કરી શકશે. આ રાષ્ટ્રીય સ્પર્ધામાં પસંદગી પામનાર લોગોને રૂપિયા ૩ લાખનો પુરસ્કાર તેમ જ પ્રથમ પાંચ સ્પર્ધકોને મુખ્ય પ્રધાનના હસ્તે સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે.

ગુજરાત૭૫ વાઈબ્રન્ટ હેરીટેજ, વિઝનરી ફ્યુચરની થીમ સાથે યોજાનારી ગુજરાત૭૫ લોગો સ્પર્ધામાં લોકોની સહભાગિતા વધારીને તથા લોકોમાંથી જ પ્રાપ્ત થયેલા લોગો થકી એક આગવી ઓળખ ઊભી કરીને ગુજરાતની સ્થાપનાના ૭૫ વર્ષના ઉત્સવમાં પોતીકાપણું સુનિશ્ચિત કરવાનો ભાવ અભિપ્રેત છે.

ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ, ગૌરવશાળી ઇતિહાસ અને અદભુત વારસા સાથે ગુજરાતે જે વાઇબ્રન્ટ વિકાસ કર્યો છે તેની અભિવ્યક્તિ આ લોગોમાં સ્પર્ધકો ડિઝાઇન કરીને સબમીટ કરી શકશે. સ્પર્ધાના અન્ય નિયમો અને જાણકારી માય ગવ. ઈન પર ઉપલબ્ધ કરવામાં આવેલા છે.

આ પહેલ ગુજરાતની સ્થાપનાના ૭૫માં વર્ષની ઉજવણીને જનભાગીદારીથી સર્વ-સમાવેશક અને સર્વવ્યાપી બનાવવાનો એક નવીન પ્રયાસ છે. એટલું જ નહીં, આ સ્પર્ધા દ્વારા નાગરિકો ગુજરાતના વારસા, પરંપરા અને સંસ્કૃતિ સાથે જોડાઈ શકશે અને વિજેતા થયેલા લોગો માટે એક આગવું ગૌરવ, આગવી ઓળખ અને વિશેષતા બની રહેશે. ■

# ગુજરાતમાં નિવૃત્ત શિક્ષકોની ભરતી મુદ્દે સરકારનો યુ-ટર્નઃ વચગાળાનો નિર્ણય રદ કર્યો

અમદાવાદઃ ગુજરાતમાં પહેલા વિદ્યાસહાયકની ભરતીની જાહેરાત કરવામાં આવી હતી હવે એ જ નિર્ણયને ફરી બદલી દેવાની ફરજ પડી હતી. ગુજરાત સરકારે નિવૃત્ત શિક્ષકોની ભરતી કરવાનો નિર્ણય કર્યો હતો તેને અનેક લોકોએ મનસ્વી ગણાવ્યો હતો. હવે સરકારે આ નિર્ણય રદ કર્યો હતો. આ અંગે સરકારે એક નવો પરિપત્ર જાહેર કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં શિક્ષકોની ઘટને લઈને વિદ્યાસહાયકોની ખાલી જગ્યાઓને ભરવા માટે સરકારે નિવૃત્ત શિક્ષકોની ફરી ભરતી કરવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ આ નિર્ણય મનસ્વી હતો કે, કારણે અનેક યુવા શિક્ષકો લાઈનમાં હોવા છતાં પણ નિવૃત શિક્ષકોની ભરતી કરવાનો શા માટે નિર્ણય લેવામાં આવ્યો તે એક મોટો પ્રશ્ન હતો. આ ખાલી જગ્યાઓમાં ભરતી કરવા માટે સરકારે નવા શિક્ષકોની જગ્યાએ નિવૃત્ત શિક્ષકોને વિદ્યાસહાય તરીકે કોન્ટ્રાક્ટ આધારિત ભરતી કરવાનો નિર્ણય કર્યો હતો.

આવો નિર્ણય લેવામાં આવતા લોકો ખૂબ જ વિરોધ કર્યો હતો. એટલું જ નહીં પરંતુ આ મામલે વિપક્ષે પણ સરકારની આલોચના કરી હતી. જૂના પરિપત્રમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે, બાળકોનું શિક્ષણ ના બગડે તે માટે આ ભરતી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ સરકારના આ નિર્ણયની ખૂબ જ વિરોધ કરવામાં આવ્યો હતો. કારણે તે નિર્ણયના કારણે હજારો-લાખો યુવાઓનાં સપનાં રોળાઈ રહ્યાં હતાં. મોટી સંખ્યામાં લોકોએ વિરોધ કર્યો તેના કારણે સરકારે તે ભરતીના નિર્ણયને રદ કરવાની ફરજ પડી હતી. ■

### દારૂનું ગોડાઉન ઝડપાયું

# વડોદરાની રમણગામડી જીઆઈડીસીમાંથી ૪૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાના રમણગામડી જીઆઈડીસીમાંથી વિશાળ દારૂનું ગોડાઉન ઝડપી પાડવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં પોલીસે લાખો રૂપિયાનો વિદેશી દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. વરણામા પોલીસે અમદાવાદ ઓઢવના બુટલેગરનું દારૂનું ગોડાઉન ઝડપી પાડ્યું હતું. પાર્થ કન્સ્ટ્રક્શન કંપનીના બોર્ડવાળા આ ગોડાઉનમાં દારૂનું કટિંગ ચાલતું હતું તે સમયે જ પોલીસે દરોડો પાડ્યો હતો. પોલીસે રૂપિયા ૩૭ લાખના દારૂના જથ્થા સહિત ૪૮ લાખના મુદ્દામાલ સાથે ૫ની ધરપકડ કરી કરી હતી. દારૂનું ગોડાઉન ઝડપાતા ચકચાર મચી ગઇ હતી.

મળેલી માહિતી પ્રમાણે, વરણામા પોલીસને બાતમી મળી હતી કે, રમણગામડી ગામની સીમમાં પટેલ એસ્ટેટમાં પાર્થ કન્ટ્રક્શન નામના બોર્ડવાળા ગોડાઉનમાં નારાયણલાલ કસ્તુરરામ સૈન ( રહે. ૧૫-૧૬, શહેરી ગરીબ આવાસ, ઓઢવ, અમદાવાદ શહેર(મુળ રહે. રાજસ્થાન) બહારથી મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો મંગાવી ગોડાઉનમાં રાખે છે અને મોટા પ્રમાણમાં તેનું ગેરકાયદેસર વેચાણ કરે છે. હાલમાં પણ આ ગોડાઉનમાં અલગ-અલગ વાહનોમાં ભારતીય બનાવટનો દારૂનો જથ્થો સપ્લાય કરવાનું કામ ચાલુ છે. ■

# સંસ્થા સમાચાર

## કચ્છના ઈતિહાસમાં પ્રથમ વખત સમસ્ત જૈન સમાજના પ્રતિભાઓનો સન્માન કાર્યક્રમ યોજાયો




તસવીરમાં કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડા, કચ્છ જિલ્લા ભાજપના અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ, જૈન સમાજના શ્રેષ્ઠી મનીષભાઈ મોરબીયા, સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ચેરમેન હાર્દિકભાઈ મામણીયા, કચ્છ યુનિવર્સિટીના કુલપતિ મોહનભાઈ પટેલ, કચ્છ બી.જે.એસ.ના પ્રમુખ હિતેશભાઈ ખંડોર, ક.વિ.ઓ. મહાજનના પ્રમુખ જીગરભાઈ છેડા, જે.જે.સી. સેન્ટ્રલ બોર્ડ ટ્રસ્ટના ચેરમેન રમેશભાઈ મોરબીયા.

ભારતીય જૈન સંગઠન કચ્છ બીજેએસ દ્વારા પ્રતિભા સ્પોટ લાઈટ - ૨૦૨૫ ના કાર્યક્રમનું આયોજન ભુજ મધ્યે કરવામાં આવ્યું હતું અને જેમાં સમગ્ર કચ્છના બીએપીએસથી જૈન સમાજ ના લોકો આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા

પ્રતિભા સ્પોટ લાઈટ - ૨૦૨૫ માં ધોરણ ૧૦ થી ઉપરના ૭૦% ટકા થી વધુ માર્ક મેળવેલ ડિગ્રી સુધીના યુવાઓ નું સન્માન કરવામાં આવ્યું હતું જેમાં ૪૪૦ પ્રતિભાઓને સન્માનવામાં આવ્યા હતા જેમાં ૧૨૦ પ્રતિભાઓ એ ૨૦૨૫ માં ડીગ્રી મેળવેલ નુ સન્માન કરવામાં આવ્યું હતું

કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય પ્રસંગે બીએપીએસ મંદિરના પૂજ્ય સંત શ્રી આત્મતૃપ્ત સ્વામી સારંગપુર પૂજ્ય સરલ મુની સ્વામી સારંગપુર તથા ભુજ મંદિરના કોઠારી સ્વામી પૂજ્ય વિવેક મંગલ સ્વામી સમારોહ અધ્યક્ષ મનીષભાઈ મોરબીયા ઉદઘાટા રમેશભાઈ જેઠાલાલ મોરબીયા મુખ્ય મહેમાન કચ્છ સાંસદ અને ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી વિનોદભાઈ ચાવડા કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજીભાઈ વરચંદ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને જન્મભૂમી ગ્રુપના મેનેજિંગ ટ્રસ્ટી હાર્દિકભાઈ મામણીયા કચ્છ યુનિવર્સિટી ના વાઇસ ચાન્સલર શ્રી મોહનભાઈ પટેલ યસ બેન્કના પૂર્વ ડાયરેક્ટર અતુલભાઈ ભેદા ભુજ સાત સંઘના પ્રમુખ સ્મીતભાઈ ઝવેરી શ્રી કમલેશભાઈ સંઘવી આરાધના ભવનના અધ્યક્ષ શ્રી કમલભાઈ મહેતા કવિઓ મહાજન ભુજ ના અધ્યક્ષ જીગરભાઈ છેડા વીબીસી સમાજના પૂર્વ પ્રમુખ ભોગીલાલ મહેતા મુખ્ય દાતા પરિવારનાધનલક્ષ્મીબેન યક્ષ મંદિરના ટ્રસ્ટી ચીમનભાઈ ગમારા કચ્છ જિલ્લા યુવા ભાજપના પ્રમુખ તાપસ શાહ, શહેરના મહામંત્રી જીગરભાઈ શાહ, ગાંધીધામના પૂર્વ નગરપતિ તેજસ શેઠ, ભુજના કાઉન્શીલર ધીરેનભાઈ લાલન, માકપટ સમાજના પ્રમુખ કેતનભાઇ શાહ મુન્દ્રા સમસ્ત જૈન સમાજના પ્રમુખ ભુપેન્દ્રભાઈ મહેતા ભુજ માકપટ સમાજના પ્રમુખ જયેન્દ્રભાઈ શાહ વીબીસી મોટા સમાજના ઉપ-પ્રમુખ મહેશભાઈ મહેતા આઠકોટી મોટી પક્ષના પ્રમુખ વિનોદભાઈ મહેતા તપગરછ સંઘ પ્રમુખ કિર્તીભાઈ શાહ આઠકોટી નાની પક્ષ ના પ્રમુખ નીતીન મહેતા કચ્છ દશા શ્રી માળી સમાજના પ્રમુખ નિલેશ મહેતા કટારીયા તીર્થના મંત્રી રાજેશ કુબડીયા ભુજ યુવા ગ્રુપ પ્રમુખ અમિત શાહ માકપટ યુવા ગ્રુપ પ્રમુખ કેયુર શાહ છ કોટીજૈનસંઘભુજના મંત્રી ભદ્રેશ ભાઈ દોશી મુન્દ્રા પાંજરાપોળ ના પ્રમુખ નવીનભાઈ મહેતા સેવનતીભાઈ દોશી વર્ધમાન નગર એસોસિયનના પ્રમુખ રાહુલ મહેતા જૈન સમાજના આગેવાન ધર્મેન્દ્રભાઈ કચ્છી મંત્રી રચનાબેન શાહ તેરાપંથ સંઘના પ્રમુખ વાડીલાલ મહેતા વગેરે કચ્છ ભરના જૈન સમાજના પદાધિકારીઓ ની ઉપસ્થિતિમાં કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમમાંમુખ્યદાતા માતૃશ્રી મંજુલાબેન જેઠાલાલ મોરબીયા પરિવાર હસ્તે રમેશભાઈ મોરબીયા ( જે જે સી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન ), અનશન વ્રત ધારી જૈન સમાજ રત્ન શ્રી તારાચંદભાઈ જગશીભાઈ છેડા ( હસ્તે હંસાબેન તારાચંદભાઈ છેડા ) અને ખંડોર હિંમતલાલ માવજીભાઈ પરિવાર માધાપર રહ્યા હતા. જેમનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

નવમા પાનાનું ચાલુ

### વરસાદને કારણે

આવક દિવસેને દિવસે ઘટી રહી છે. નાસિક બજાર સમિતિમાં નાસિક તાલુકાઓ સહિત મુખ્યત્વે કાલવણ, સિન્નર અને નિફાડ તાલુકાઓમાંથી ટમેટાં વેચાણ માટે આવે છે. ગયા અઠવાડિયાથી લાસલગાંવ બજાર સમિતિમાં પણ ટામેટાંની હરાજી શરૂ થઈ ગઈ છે. શરૂઆતમાં પ્રતિ ક્રેટ (૨૦ કિલો)નો ભાવ ૬૭૫ રૂપિયા હતો. અઠવાડિયાના અંત સુધીમાં આ જ ભાવ વધીને સરેરાશ ૮૫૧ રૂપિયા પ્રતિ ક્રેટ અને પછી ૧૦૫૧ રૂપિયા થઈ ગયો હતો.

### સત્ય ટૂંક સમયમાં

છે. રોહિણી ખડસેએ તેના ઓફિશિયલ એક્સ એકાઉન્ટ પર આ અંગે એક પોસ્ટ શેર કરી છે. જેમાં તેણે પતિ સાથેનો એક ફોટો શેર કર્યો છે. આ ફોટો સાથે, તેણે સંદેશ આપ્યો છે કે સત્ય ટૂંક સમયમાં બહાર આવશે. મને કાયદો અને પોલીસ વ્યવસ્થા પર સંપૂર્ણ વિશ્વાસ છે. સમય એ દરેક વસ્તુનો જવાબ આપશે. સત્ય યોગ્ય સમયે બહાર આવશે! જય મહારાષ્ટ્ર, એમ રોહિણી ખડસેએ આ પોસ્ટમાં કહ્યું છે.

### ₹ ૩૮૨ કરોડનું

હતી. લંગડાએ ખુલાસો કર્યો હતો કે તે એમડી ડ્રગ કર્ણાટકના મૈસૂર ખાતેથી ખરીદતો હતો. પરિણામે પોલીસની એક ટીમ મૈસૂર રવાના થઈ હતી.

સાકીનાકા પોલીસની ટીમે સ્થાનિક પોલીસની મદદથી મૈસૂર શહેરના રિંગ રોડ પરના સર્વિસ રોડ ખાતે આવેલા એક ગૅરેજ અને હોટેલ પર કાર્યવાહી કરી હતી. લોકોને દેખાડવા પૂરતું આ ગૅરેજ શરૂ કરવામાં આવ્યું હતું. પોલીસની ટીમ ગૅરેજમાં પ્રવેશી ત્યારે અંદરના ભાગમાં ડ્રગ્સ બનાવવાનું કારખાનું હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે શનિવારે કારનાખામાંથી અંદાજે ૩૮૨ કરોડ રૂપિયાનું ૧૮૮ કિલો એમડી જપ્ત કર્યું હતું.

એ સિવાય કારખાનામાંથી એમડી બનાવવા માટેનો કાચો માલ અને સાધનસામગ્રી પણ જપ્ત કરવામાં આવી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ડીસીપી નલાવડેએ જણાવ્યું હતું કે ડ્રગ્સ તસ્કરી સાથે સંકળાયેલી સિન્ડિકેટના ચાર આરોપીને મૈસૂરથી તાબામાં લેવાયા હતા. આ કેસમાં અત્યાર સુધીમાં આઠ આરોપીની ધરપકડ સાથે ૩૯૦ કરોડ રૂપિયાનું એમડી હસ્તગત કરાયું હતું. પકડાયેલામાંથી ચાર આરોપી મુંબઈના છે અને મૈસૂરથી ડ્રગ્સ મુંબઈ તેમ જ અન્ય રાજ્યોમાં સપ્લાય કરવામાં આવતું હતું.

### શનિ શિંગણાપુર

(૪૩)એ શનિ શિંગણાપુર ગામમાં શેટે વસ્તી ખાતેના નિવાસસ્થાને ગળાફાંસો ખાધો હતો. શેટે મંદિરના સંચાલન મંડળના ભૂતપૂર્વ ટ્રસ્ટી પણ હતા. તેમની આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. આ પ્રકરણે પોલીસે એડીઆર નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસના જણાવ્યા મુજબ સોમવારની સવારે શેટેના પરિવારના સભ્યો વારંવાર તેની રૂમનો દરવાજો ખટખટાવી રહ્યા હતા, પરંતુ અંદરથી કોઈ પ્રત્યુત્તર મળ્યો નહોતો. ડરી ગયેલા પરિવારજનોએ પડોશીઓની મદદથી રૂમનો દરવાજો તોડ્યો હતો. દરવાજો ખોલતાં જ રસી સાથે ગળાફાંસો ખાધેલી હાલતમાં શેટે નજરે પડ્યો હતો. બનાવની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

બેભાન શેટેને નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. પોસ્ટમોર્ટમનો અહેવાલ મળ્યા બાદ જ મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે, એમ પોલીસે જણાવ્યું હતું. રાજ્ય વિધાનસભાના તાજેતરના ચોમાસું સત્રમાં બનાવટી ઍપ દ્વારા ભંડોળ એકઠા કરવા અને મંદિરના દૈનિક સંચાલનમાં ભ્રષ્ટાચારના મુદ્દા ઉપસ્થિત કરવામાં આવ્યા હતા. આ મુદ્દે રાજ્ય સરકારે મંદિરનું સંચાલન કરતા ટ્રસ્ટ સામે ગુનો નોંધવાના નિર્દેશ પોલીસને આપ્યા હતા. શેટેની આત્મહત્યાની તપાસ દરમિયાન પોલીસ મંદિરના ટ્રસ્ટ સામે થયેલા ભ્રષ્ટચારના આક્ષેપો સાથે તેને કોઈ સંબંધ છે કે કેમ તેની પણ તપાસ કરશે. (પીટીઆઈ)

### ઑનલાઈન ગેમ

પુત્ર મોહમ્મદ ઈમરાન ખુસરુ (૩૨) અને તેના પિતા મોહમ્મદ અમીર ખુસરુ (૬૫)ની ધરપકડ કરી હતી.

વસઈમાં રહેતી આર્શિયાનું શંકાસ્પદ સંજોગોમાં મૃત્યુ થયું હોવાથી તેના શબને વસઈના કબ્રસ્તાનમાં દાટવામાં આવ્યું હોવાની માહિતી ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-બેના અધિકારીને મળી હતી. માહિતીને આધારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે તપાસ હાથ ધરી હતી. પૂછપરછમાં અમીરે પોલીસને જણાવ્યું હતું કે આર્શિયા તેની બીજી પત્ની હતી. પગ લપસવાને કારણે જમીન પર પટકાવાથી આર્શિયાએ જીવ ગુમાવ્યો હતો અને સગાંસંબંધીઓની હાજરીમાં તેની અંતિમ ક્રિયા પાર પાડવામાં આવી હતી.

જોકે પોલીસે બિલ્ડિંગમાં લાગેલા સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસતાં અમીરનો પુત્ર ઈમરાન ઘટનાની સવારે બેબાકળો થઈ ઘરમાંથી વારંવાર અંદર-બહાર કરતો હોવાનું દેખાયું હતું. શંકાને આધારે તાબામાં લઈ પોલીસે આકરી પૂછપરછ કરતાં તેણે હત્યાની કબૂલાત કરી હતી.

ટુર્સ ઍન્ડ ટ્રાવેલ્સનો વ્યવસાય ધરાવતા ઈમરાનને ઑનલાઈન ગેમ રમવાની લત હતી. ગેમ રમવા તેને ૧.૮૦ લાખ રૂપિયાની જરૂર હતી. આ માટે તેણે સાવકી માતા આર્શિયા પાસે નાણાં માગ્યાં હતાં. આર્શિયાએ રૂપિયા આપવાનો ઇનકાર કરતાં ગુસ્સામાં ઈમરાને તેની હત્યા કરી હતી. બાદમાં બેડરૂમના કબાટમાંથી સોનાની બે બંગડી અને એક ચેઈન ચોરી ત્યાંથી રવાના થઈ ગયો હતો. આ બાબતની જાણ ઈમરાનના પિતા અમીરને હતી. તેણે ઘરમાંથી લોહીના ડાઘ લૂંછી નાખ્યા હતા અને નજીકના ડૉક્ટર પાસેથી ડેથ સર્ટિફિકેટ મેળવ્યું હતું. આ કામમાં અમીરના ભાઈએ મદદ કરી હતી. પરિણામે પોલીસે અમીરના ભાઈ અને ડૉક્ટરને તાબામાં લઈ તેમની પણ પૂછપરછ હાથ ધરી હતી.

### રાજ્ય સરકારની

જણાવતાં સરનાઈકે એવી સ્પષ્ટતા કરી કે આના દ્વારા મરાઠી યુવાનોને રોજગારની મોટી તક મળશે.

આ એપનું નામ 'જય મહારાષ્ટ્ર', 'મહા-રાઇડ', 'મહા-યાત્રી' અથવા 'મહા-ગો' રાખવાનો પ્રસ્તાવ છે. તેમણે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ સરકારી એપ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને બંને નાયબ મુખ્યપ્રધાનો (એકનાથ શિંદે અને અજિત પવાર)ની અંતિમ મંજૂરી સાથે ટૂંક સમયમાં ચાલુ કરવામાં આવશે. આ એપ વિકસાવવા માટે 'મહારાષ્ટ્ર ઇન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સપોર્ટ ટેકનોલોજી' અને 'મિત્રા' સહિતની ખાનગી કંપનીઓ સાથે ચર્ચા શરૂ કરવામાં આવી છે. સિસ્ટમમાં પારદર્શકતા જાળવી રાખવા માટે આમાં તમામ જરૂરી પાસાંઓનો સમાવેશ કરવામાં આવ્યો છે અને એપ ટૂંક સમયમાં તૈયાર થઈ જશે.

#### વાહન ખરીદી માટે પણ મદદ કરાશે!

આ યોજના હેઠળ મરાઠી યુવાનોને ખાસ આર્થિક સહાય પૂરી પાડવામાં આવશે. બેરોજગાર યુવાનોને રોજગારી પૂરી પાડવા માટે, વાહન ખરીદી માટે મુંબૈ બેંક દ્વારા ૧૦ ટકાના વ્યાજ દરે લોન આપવામાં આવશે. મુંબૈ બેંકના ચેરમેન પ્રવીણ દરેકરે આની ખાતરી આપી હતી. તેમણે કહ્યું કે મુંબૈ બેંકની મદદથી, બેરોજગાર યુવાનોને આર્થિક સહાય ઉપલબ્ધ થશે.

અન્નાસાહેબ આર્થિક વિકાસ નિગમ, ભટકે વિમુક્ત નિગમ, ઓબીસી નિગમ અને એમએસડીસી દ્વારા સબસિડીના રૂપમાં ૧૧ ટકા વ્યાજ પરત આપશે. તેથી, આ લોન વ્યાજમુક્ત જેવી બની રહેશે, એમ પણ સરનાઇકે સમજાવ્યું હતું.

#### ક્યાં સુધી પહોંચ્યું કામ?

કેન્દ્ર સરકારની એગ્રીગેટર માર્ગદર્શિકા અનુસાર, આ એપ્લિકેશનના નિયમો ઘડવાનું કામ અંતિમ તબક્કામાં છે. હાલમાં, ખાનગી સંસ્થાઓ અનધિકૃત એપ્લિકેશનો દ્વારા મોટો નફો રળી રહી છે. આ માટે, તે કંપનીઓ ડ્રાઇવરો અને મુસાફરોને લૂંટી રહી છે. સરકાર પાસે પુષ્કળ મશીનરી, ટેકનોલોજી અને માનવશક્તિ હોવાથી, જો સરકાર આવી એપ્લિકેશન વિકસાવશે, તો તેનાથી ફક્ત મુસાફરો જ નહીં પરંતુ ડ્રાઇવરોને પણ ફાયદો થશે, એવું માનવામાં આવી રહ્યું છે.

આ સંદર્ભમાં, આગામી પાંચમી ઓગસ્ટના રોજ મંત્રાલયમાં સંબંધિત પક્ષકારોની એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં એપ બનાવવાના ટેકનિશિયનો અને સરકારી અધિકારીઓ હાજર રહેશે, તેથી આ સરકારી એપ્લિકેશનને આ બેઠકમાં અંતિમ સ્વરૂપ આપવામાં આવશે, એમ પણ પ્રતાપ સરનાઇકે જણાવ્યું હતું.

### જયંત પાટીલના

મહાયુતિમાં જોડાશે એવી ચર્ચા થઈ રહી છે, પરંતુ રાજકીય વર્તુળોમાં એવી પણ ઘણી ચર્ચા છે કે જયંત પાટીલના પક્ષપ્રવેશમાં કોઈક રીતે અજિત પવારે જ અવરોધ ઊભો કરવામાં આવ્યો હતો. આ બધા વચ્ચે અજિત પવારે તનપુરેના ઘરે જઈને મુલાકાત કરી હતી. તનપુરેના પિતા ભૂતપૂર્વ સાંસદ છે અને શરદ પવાર સાથે પણ કામ કરી ચૂક્યા છે. અત્યારે એવું કહેવામાં આવી રહ્યું છે કે અજિત પવારની આ પારિવારિક મુલાકાત ભવિષ્ય માટે એક અલગ રાજકીય એજન્ડા હોઈ શકે છે. શરદ પવારની પાર્ટીમાં ઘણા નેતાઓને અજિત પવાર પોતાની પાર્ટીમાં લઈ રહ્યા છે. અજિત પવાર આગામી દિવસોમાં ભાજપ અને શિવસેના સામે કઠિન પડકાર ઊભો કરવાની તૈયારીઓ કરી રહ્યા હોવાનું કહેવાઈ રહ્યું છે. તેવી જ રીતે, તનપુરેના ઘરે રાત્રિભોજનની મીટિંગ આવા જ હેતુ માટે યોજાઈ હતી એવું માનવામાં આવી રહ્યું છે અને રાજકીય મુદ્દાઓ પર અડધો કલાક ચર્ચા થઈ હતી. અત્યારે એવું માનવામાં આવી રહ્યું છે કે તનપુરેને પોતાની પાર્ટીમાં ખેંચી લેવાની તૈયારીઓ અજિત પવાર તરફથી કરવામાં આવી રહી છે.

આ જિલ્લામાં ભાજપના વધી રહેલા પ્રભાવને રોકવાનો આની પાછળ હેતું હોવાનું પણ માનવામાં આવી રહ્યું છે.

આને કારણે, ભવિષ્યમાં અજિત પવાર તનપુરેને પોતાની પાર્ટીમાં લેશે કે નહીં તે અંગે ઘણી ચર્ચા થઈ રહી છે. એક તરફ, મામા જયંત પાટીલનો પક્ષ પ્રવેશ રોકવામાં આવી રહ્યો છે અને બીજી તરફ ભાણેજને પક્ષમાં લેવા માટેની તૈયારીઓ કરવામાં આવી રહી છે આ બધા પાછળ કેવું રાજકારણ રમાઈ રહ્યું છે એવી ચર્ચા જિલ્લામાં ચાલી રહી છે.

### કેબિનેટ પ્રધાન

પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ આ વિવાદમાં ઉતર્યા છે.

ફડણવીસે સંજય શિરસાટ દ્વારા લખાયેલા પત્ર અંગે નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું હતું કે કોઈએ આવો પત્ર લખીને વિવાદ ન ઉભો કરવો જોઈએ. પ્રધાનોએ એકબીજા સાથે વાત કરવી જોઈએ. જો તેમને કોઈ સમસ્યા હોય, તો તેમણે મને આવીને જણાવવું જોઈએ. સમસ્યાનું નિરાકરણ આવી શકે છે. પ્રધાનો અને રાજ્યકક્ષાના પ્રધાનો બંને સરકારનો ભાગ છે. બધી સત્તાઓ પ્રધાનો પાસે છે.

ફડણવીસે એમ પણ સ્પષ્ટ કર્યું હતું કે પ્રધાનો દ્વારા આપવામાં આવતી સત્તાઓ હેઠળ રાજ્યકક્ષાના પ્રધાનોની કેટલીક સત્તા છે, એમાં કોઈ શંકા નથી. જોકે, આડકતરી રીતે તેમણે શિરસાટની ટીકા કરી છે.

તેમણે કહ્યું હતું કે 'એવું માનવું ખોટું છે કે રાજ્યકક્ષાના પ્રધાનોને બેઠકો યોજવાનો અધિકાર નથી. બેઠકો યોજવાનો તેમને સંપૂર્ણ અધિકાર છે. એમ કહીને તેમણે ભાજપના પ્રધાન માધુરી મિસાળનો બચાવ કર્યો હતો. વધુમાં તેમણે કહ્યું હતું કે, જો આવી બેઠકોમાં કોઈ નીતિ વિષયક નિર્ણયો લેવામાં આવે તો તે પ્રધાન સાથે વાત કર્યા વિના લેવા જોઈએ નહીં. અથવા જો આવા નિર્ણયો લેવામાં આવે છે, તો પ્રધાનોની મંજૂરી લેવી જોઈએ. કેબિનેટ પ્રધાન અને રાજ્યકક્ષાના પ્રધાનોએ સુમેળ દાખવવો જોઈએ.

### ખડસેના જમાઈની

દિલ્હીમાં પત્રકારો સાથે વાત કરતા રાઉતે ખડસેના જમાઈ પ્રાંજલ ખેવલકરની ધરપકડને શંકાસ્પદ ગણાવી અને શાસક ભાજપની કરતા એવો આરોપ લગાવ્યો હતો કે તે રાજકીય હરીફોના પરિવારના સભ્યોને 'લક્ષ્ય' બનાવી રહી છે અને તેમને બદનામ કરી રહી છે. તેમણે ખડસેનો ઉલ્લેખ કરીને કહ્યું હતું કે, મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાનનું મોં બંધ કરવા માટે તેમના પર દબાણ લાવવાના હેતુથી આ કરવામાં આવ્યું છે. રવિવારે વહેલી સવારે પુણેના એક એપાર્ટમેન્ટમાં પોલીસે 'રેવ પાર્ટી' પર દરોડો પાડ્યો હતો અને ત્યાંથી માદક દ્રવ્યો, હુક્કા સેટ અપ અને દારૂ જપ્ત કર્યાનો દાવો કર્યા પછી, એકનાથ ખડસેની પુત્રી રોહિણી ખડસેના પતિ પ્રાંજલ ખેવલકરની છ અન્ય લોકો સાથે ધરપકડ કરવામાં આવી હતી. રોહિણી ખડસે એનસીપી (એસપી) મહિલા પાંખના રાજ્ય એકમના વડા છે.

'આખો મામલો શંકાસ્પદ છે,' એમ રાઉતે કહ્યું હતું. 'ખડસે છેલ્લા ત્રણ દિવસથી હની ટ્રેપ વિશે વાત કરી રહ્યા છે. તેઓ (રાજ્યના કેબિનેટ પ્રધાન) ગિરીશ મહાજનની આમાં સંડોવણી વિશે વાત કરી રહ્યા છે, પરંતુ તેની કોઈ તપાસ થઈ રહી નથી. હવે જ્યારે ખડસે વાત કરી રહ્યા છે, ત્યારે તેમના જમાઈની ધરપકડ કરવામાં આવી છે,' એમ રાજ્યસભાના સાંસદે કહ્યું હતું. મહારાષ્ટ્રમાં દરેક જગ્યાએ આવી ઘટનાઓ બની રહી છે, એવો દાવો પણ તેમણે કર્યો હતો. તેમણે પોલીસ પર એવો પણ આરોપ લગાવ્યો કે તે ગુલામ બની ગઈ છે અને સરકાર વિરુદ્ધ બોલનારાઓને લક્ષ્ય બનાવી રહી છે. મહાજને તાજેતરમાં ખડસે પર એવો આરોપ લગાવ્યો હતો કે તેઓ કથિત હનીટ્રેપ કૌભાંડના સંદર્ભમાં પાયાવિહોણા આરોપો લગાવીને તેમની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

## જૈન મરણ

**દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

જૂનાગઢ નિવાસી હાલ ઘાટકોપર અ. સૌ. ઉષાબેન (ઉં. વ. ૭૮) ભરતભાઇ હરકચંદ દડીઆના ધર્મપત્ની. રોશનભાઇ અને રીમાબેનના માતુશ્રી. હેતલબેન અને સોહિલભાઇના સાસુ. મુસ્કાન, રિશીના દાદી. સિદ્ધના નાની. પિયર પક્ષે સ્વ. સવિતાબેન જમનાદાસ બખાઇ (વેરાવળ) હાલ માટુંગા મુંબઇના સુપુત્રી તા. ૨૬-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ધોરાજી નિવાસી હાલ બોરીવલી સ્વ. લાભુબેન સ્વરૂપચંદ અજમેરાના પુત્ર જયંતીલાલ અજમેરા (ઉં. વ. ૯૦) તા. ૨૬-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જયશ્રીબેનના પતિ. સ્વ. રતીલાલ કોઠારીના જમાઇ. સ્વ. રમેશભાઇ, પ્રફૂલભાઇ, બકુલભાઇ, અશોકભાઇ તથા જયોતિબેન નિરંજનભાઇ શાહના ભાઇ. તે કિન્નરી રાકેશ સંઘવી, ફાલ્ગુની મનિષ સંઘવી, ભીરા નિલેશ સંઘવીના પિતાશ્રી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

માંગરોળ નિવાસી હાલ કફ પરેડ પ્રવીણચંદ્ર નારણદાસ શાહના ધર્મપત્ની રસીલાબેન શાહ. તે સ્વ. રામપ્રસાદ પાનાચંદ ઝવેરીના દીકરી. તે ભવ્યેશભાઇ, પૃથેશભાઇ તથા દિવ્યેશભાઇના માતુશ્રી. તા. ૨૬-૭-૨૫ શનિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. ઠે. જે-૫૨, મેકર ટાવર, કફ પરેડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નાગલપરના અ.સૌ. માયા સુભાષ બોરીચા (ઉં.વ.૫૯) તા. ૨૮-૭-૨૫ના અવસાન પામેલ છે. કેસરબેન મેઘજી વેલજીના પુત્રવધુ. સુભાષના પત્ની. હિરલ, દીપના માતા. મંજુલાબેન કુંવરજી દેઢિયાના પુત્રી. કેતન, હિના, તલવાણા ધૃતિ ધનસુખ ફુરિયા, સમાભાઈના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. સુભાષ બોરીચા, એ-૯, દ્વારકેશ, સી.એસ.રોડ નં. ૧, દહીંસર (પૂ).

લાખાપુરના વશનજી કુંવરજી શેઠીયા (ઉં.વ. ૬૯) તા. ૨૬-૭-૨૫ના અવસાન પામેલ છે. ગંગાબાઇ કુંવરજીના પુત્ર. સુશીલાબેનના પતિ. મનીષા, પારૂલ, ભાવેશના પિતા. હંસરાજ, સુંદરબેન, લક્ષ્મીબેન, કેસરબેન, મણીબેનના ભાઇ. રામાણીયાના ગંગાબાઇ મુરજીના જમાઇ. ચક્ષુદાન કરેલ છે. પ્રાર્થના : શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં.સં. કરસન લધુ નિસર હોલ, દાદર (વે.) ૨.૦૦થી ૩.૩૦.

ગોધરાના રાજેશ પ્રેમજી ગોસર (ઉં.વ. ૬૮) તા. ૨૬-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લક્ષ્મીબેન પ્રેમજી કાનજીના સુપુત્ર. શીલાના પતિ. રચના, શ્વેતા, ગૌતમના પિતાશ્રી. ઝવેરબેન (જ્યોતિબેન), હેમલતા જયંતીલાલના ભાઇ. પત્રીના ધનવંતી/ચંપા ધનજી ધરોડના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. રાજેશ ગોસર, એલ.મેજોર, ૧૬૨ ઇ., ડો. આંબેડકર રોડ, દાદર (પૂર્વ).

ભુજપુરના પુષ્પાબેન (પાનબાઇ) શાંતીલાલ ગાલા (ઉં.વ.૭૯) તા. ૨૭-૦૭-૨૫ના દેવલોક પામ્યા છે. ભાણબાઇ, રતનબેન વેલજીના પુત્રવધુ. સ્વ. શાંતીલાલના ધર્મપત્ની. સ્વ. નરેન્દ્ર, પ્રીતિ, સ્વ. હીના, અજયના માતુશ્રી. તેજબાઇ પુનશી છેડાના સુપુત્રી. મગનલાલ, નવીનાર લક્ષ્મીબેન વિશનજી, ભુજપુર નિર્મલા નેણશીના બહેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રીતી મારૂ, એફ-૧૦, માય માઉલી સો., માનપાડા રોડ, ડોંબીવલી (ઇ.).

**ઝાલાવાડી શ્વેતાંબર મૂ. પૂજક વિશા શ્રીમાળી જૈન**

વઢવાણ નિવાસી (નડિયાદવાળા) હાલ મુંબઇ સ્વ. વિમળાબેન રતીલાલ માણેકચંદ શાહના પુત્ર કાંતિભાઇ શાહ (ઉં. વ. ૮૯) તે સ્વ. પ્રભાબેન (પ્રજ્ઞાબેન)ના પતિ. સ્વ. છાયાબેન મહેશભાઇ પરીખ, ચેતન અને હિતેનના પિતાશ્રી. કિન્નરી તથા જીજ્ઞાના સસરા. તે શારદાબેન મહાસુખભાઇ શાહ અને સ્વ. રંજનબેન વિરેન્દ્રભાઇ શાહ, મહેન્દ્રભાઇ (મનુભાઇ), સ્વ. ચંદ્રકાન્તભાઇ, ડો. પંકજભાઇ તથા રશ્મીનભાઇના મોટાભાઇ. તે સ્વ. હરીલાલ લક્ષ્મીદાસ શાહ (એલ.ટી.વાળા)ના જમાઇ શનિવાર, તા. ૨૬-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે.

**રાધનપુર તીર્થ જૈન**

રાધનપુર તીર્થ નિવાસી સ્વ. મંજુલાબેન કાંતિલાલ હરજીવનદાસ શાહના સુપુત્ર સુરેશભાઇ (ઉં. વ. ૮૨) તા. ૨૮-૭-૨૫ના સોમવારના અરિહંતશરણ થયા છે. તે સ્વ. ચારુબેનના પતિ. સુજીત અને વૈશાલીના પિતા. ભારતી તથા સચીનકુમારના સસરા. કિન્નરી ધીરમ કોરડીયાના દાદા. સ્વ. તરલીકાબેન સ્નેહકાંત વોરા, બીપીનભાઇ, સ્વ. પ્રમોદભાઇ અને અશ્વિનભાઇના ભાઇ. સ્વ. ગણપતલાલ પૂનમચંદ દોશીના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ત્રંબૌના સ્વ. જીવાબેન રીણા ગાલાના પુત્રવધુ સ્વ. ગેલાભાઈના ધર્મપત્ની નિલાબેન (ઉં.વ. ૧૦૦)તા. ૨૭-૭-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. રૂપશી, નવીન, જયંતિ, ઈશ્વર, ગં.સ્વ. કેસર, જવેર, ભાનુના માતુશ્રી. ગં.સ્વ. મંજુલા, તારા, ગુણવંતી, સ્વ. પુષ્પા, સ્વ. કોરશી, ચાંપશી, મણીલાલના સાસુ. ત્રંબૌના સ્વ. પાંચીબેન ગુણશી ખાખણ શાહના પુત્રી. સ્વ. પોપટના બેન. સ્વ. સોનાના નણંદ. રીતેશ, વિક્કી, હીરેન, વિશાલ, દિનેશ, હર્ષ, મયૂરી, સ્વ. ચાર્મી, અવની, ટીશાના દાદીમા. પ્રાર્થના તા. ૨૯-૭-૨૫, મંગળવાર ૧૦.૩૦ થી ૧૨.૦૦ સ્થળ : શ્રી થાણા વર્ધમાન સ્થા., તળાવપાળી, થાણા. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે.: વિક્કી રૂપશી ગાલા, વિકાસ કોમ્પલેક્ષ, થાણા.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ આધોઈ હરખચંદ મુલજી મણશી બોરીચા (ઉં.વ. ૮૬) મુંબઈ મધ્યે તા. ૨૬-૭-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. જીવાંબેન મુલજીના સુપુત્ર. સ્વ. ડાઈબેનના પતિ. નવિન, અમૃત(વેલુ)ના પિતાશ્રી. હસમુખ ગાલાના સસરા. યસના નાના. આધોઈના સ્વ. હાંસઈબેન પાચા સામંતના જમાઈ. પ્રાર્થના સભા.તા. ૩૦-૭-૨૫, બુધવારે શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, પારેખ લેન કોર્નર, એસ.વી.રોડ, કાંદીવલી(વેસ્ટ), નિવાસ સ્થાન. ૭૧૨, પારેખ રેડીયમ્સ, એમ.જી.ક્રોસ રોડ નં.૩, કાંદિવલી (વેસ્ટ).

**ઝાલાવાડી સ્થાનકવાસી દશાશ્રીમાળી જૈન**

મુળી નિવાસી હાલ સાંતાક્રુઝ, સ્વ. ધીરજબેન - રતિલાલ ત્રિકમલાલ શાહના સુપુત્ર નરેન્દ્ર શાહ (ઉં.વ.૭૬) તે મૃદુલાબેનના પતિ. અ.સૌ. મેઘના તથા બિરેનના પિતા. અ.સૌ. ફાલ્ગુની તથા અભિજીતભાઇના સસરા. સ્વ. પ્રવિણચંદ, સ્વ. સવિતાબેન શેઠ, સ્વ. મંજુલાબેન મોદી, સ્વ. કોકીલાબેન ગાંધી, સ્વ. સરોજબેન શાહના ભાઇ. સુદામનિવાસી સ્વ. હરિલાલ મોહનલાલ ખંધારના જમાઇ. રવિવાર તા. ૨૭-૭-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર ૨૯-૭-૨૫ના ૪ થી ૬. ૧ લે માળે, વિશ્વેશ્વર ભવન, સંન્યાસ આશ્રમ કમ્પાઉન્ડ, વિલે પાર્લે (વેસ્ટ).

**દશા હુમડ દિગંબર જૈન**

ભાવનગર નિવાસી, સ્વ. જયશ્રીબેન તથા સ્વ. હર્ષદભાઈ દામોદરદાસ ધામીના પુત્ર મૌલિક (ઉં.વ.૫૧) ૨૬/૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મેઘનાબેનના પતિ. ભવ્ય તથા સિદ્ધિના પિતા. ભારતીબેન તથા કિશોરભાઈ મનસુખલાલ મારડિયાના જમાઈ. સ્વ. ઈન્દુભાઈ, સ્વ. જશવંતભાઈ, સ્વ. વસુબેન વિપિનભાઈ શાહના ભત્રીજા. બંને પક્ષની પ્રાર્થનાસભા ૨૯/૭/૨૫ મંગળવાર ૪ થી ૬. શ્રી વર્ધમાન સ્થા જૈન સંઘ, ડાયમંડ ટોકીઝની સામે, એલ ટી રોડ, બોરીવલી (વેસ્ટ).

**દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગઢડા નિવાસી હાલ બોરીવલી, સ્વ. મણીલાલ માણેકચંદ કામદારના સુપુત્ર અનંતરાય કામદાર (ઉં.વ.૮૨) તા. ૨૬/૦૭/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. જ્યોતિબેનના પતિ. સ્વ. અજય, જીતેશ, નિમિષાબેન ચંદ્રેશકુમાર શાહ તથા સ્વ. રાજેશના પિતાશ્રી. મોનાલીના સસરા. મહેન્દ્રભાઈ, નરેન્દ્રભાઈ સ્વ. ભાનુબેન, વિલાસબેન, અરૂણાબેન, પ. પૂ. અવનીબાઇ મહાસતીજી અને લતાબેનના ભાઈ. ચૂડા નિવાસી સ્વ. શિવલાલ પ્રેમચંદ દોશીના જમાઈ. પ્રાર્થના/લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશાશ્રીમાળી જૈન સમાજ**

વાંકાનેર નિવાસી હાલ ભાયંદર, માતૃશ્રી પ્રભાબેન રમણીકલાલ સંઘવીના સુપુત્ર ચેતન (ઉં.વ. ૫૫) તા. ૨૮/૦૭/૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અવંતિ, યોગેશ, ચંદ્રેશ, સ્વ. નિલાબેનના ભાઈ. નિશા, દક્ષા, નેહાના દિયર. મુકેશભાઇ વોરાના સાળા. એ/૩૦૩, સાલાસર કૃપા, બાગેશ્રી પાર્ક, શિવસેના ગલી, ભાયંદર (વેસ્ટ). લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

ડેડી ફરદુનજી મોતાફરામ તે ઓ. ઝવેરના ધણીયાની. તે મરહુમો ઓસતી મેહરબાઇ ઓસતા ફરદુનજી મોતાફરામના દીકરા. તે ઓસ્તી રુખશાના, નીલુફર, એરવદ, આરજાસપ, ઓસતી પરસીસના પપ્પા. તે ઓસતી શરલી, પીતર, મરહુમ ઓસતા દારાયસ જમશેદજી મોદીના સસરા. તે મરહુમો ખુદ મીનુ, ઓસ્તી, તેહમીના ભાઇ. તે એરવદ હોરમઝદીયાર, એરવદ દીનીયાર, રાયન ને નનદીતાના મમાવાજી. (ઉં. વ. ૯૩) રે. ઠે. સી/૨૪, મલબારી બિલ્ડિંગ, ન્યુ ખરેઘાત કોલોની, બાબુલનાથ રોડ, મુંબઇ-૪૦૦૦૦૭.

મીનુ રૂસ્તમજી માજુ તે મનીના ધની. તે મરહુમો દીનામાય રુસ્તમજી માજુના દીકરા. તે રુમી ને હોમીયારના પપ્પા. તે પરસીસ ને દીપીકાના સસરા. તે મરહુમ અસપીના ભાઇ. તે ઝુબીન ને આરઝાનના બપાવા. (ઉં. વ. ૮૬) રે. ઠે. બિલ્ડિંગ નં-૭, રૂમ. નં-૪, ખેરઘાત કોલોની, એન. એસ. માર્ગ, મુંબઇ-૪૦૦૦૦૭.

## હિન્દુ મરણ

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ ગઢશીશા હાલ ઘાટકોપર નિવાસી મોતીલાલ ચોથાણી (ઉં. વ. ૮૪) રવિવાર તા. ૨૭-૭-૨૫ના રામશરણ પામ્યા છે. તે સ્વ. ગોદાવરીબેન વાઘજી ચોથાણીના પુત્ર. તે સ્વ. કાંતિલાલ, સ્વ. જવાહરલાલ, સ્વ. રમાબેન કેશવજી ખાંટ, સ્વ. નર્મદાબેન તુલસીદાસ ધીરાવાણી, સ્વ. ભારતીબેનના ભાઇ. તે સ્વ. દમંયતીબેન, ગં. સ્વ. મધુબેનના દીયર, તે સ્વ. મયૂર, ઝુલી બીપીન ચંદારાણા, ઉમા ભાવેશ ઠક્કરના પિતાશ્રી. તે જયોતિ યોગેશ, જાગૃતિ નૈષધ, રાજેશ, હીના, દીપ્તી, હીપેનના કાકાજી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. લીલાબાઇ મેઘજી હરિરામ કતીરાના સુપુત્ર સ્વ. રામજીભાઇના ધર્મપત્ની ગં. સ્વ. દેવમણીબેન (ઉં. વ. ૮૯) કચ્છ ગામ કોટડી મહાદેવપુરી. તે હાલ મુલુંડ તે સ્વ. જશોદાબેન ચાંપસી દનાની (ભગદે) કચ્છ ગામ વરડિયાવાળાના જયેષ્ઠ સુપુત્રી. તે જયંતી, ગિરીશ, બીપીન, નીપેશ તથા સ્વ. (આશાબેન) અ. સૌ. ભાવિકાબેન અતુલકુમાર જોબનપુત્રાના માતુશ્રી. તે સ્વ. લીલાવતી પઠાઇ, સ્વ. કસ્તુરબેન ગોપાલજી, ગં. સ્વ. નિર્મળાબેન દરિયાલાલ, સ્વ. બાંયાબેન રાઘવજી આઇયા તથા સ્વ. બચુબેન વલભજી અનમના ભાભી. તે મીનાબેન, મનીષાબેન, ગીતાબેન, પ્રવિણાબેન તથા અતુલકુમાર હેમરાજ જોબનપુત્રાના સાસુજી. રવિવાર, તા. ૨૭-૭-૨૫ના શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. જયંતીભાઇ રામજી કતીરા, ૨૦૨, યશવંત સ્મૃતિ, તાંબે નગર, ગેટ નં.૨ની સામે, સરોજની નાયડુ રોડ, મુલુંડ (વેસ્ટ).

**ઔદિચ્ય સહસ્ર ઝાલાવાડી બ્રાહ્મણ**

થાણા નિવાસી વીરબાળાબેન તે સ્વ. ગજાનંદ દવેના ધર્મપત્ની (ઉં. વ. ૮૯) તા. ૨૭-૭-૨૫ રવિવારના કૈલાસવાસી થયા છે. કમલ દવે, માધવી અભ્યંકરના માતુશ્રી. પ્રીતિ અને પંકજના સાસુમા. દીપ-નિયતિના દાદીમા. સંધ્યાના દાદી સાસુ. ડિમ્પલ-હિમાનીના નાનીમા. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**બાલા સિનોર દશાનિમા વણિક**

ગં. સ્વ. સુભદ્રાબેન મોદી (પેપરવાળા) (ઉં. વ. ૯૨) તે સ્વ. બાબુલાલ ચંદુલાલ મોદીના ધર્મપત્ની. તે ઓચ્છવલાલ છોટાલાલ કડકિયા (લટકારી)ની સુપુત્રી. નયના, અમિત, નિકીતા, શૌરીન તથા સ્ટેલાના માતુશ્રી. હરેશકુમાર, શિલ્પાબેન, હેતનકુમાર, શિક્ષિતકુમાર, સંજયકુમારના સાસુજી રવિવાર, તા. ૨૭-૭-૨૫ના વૈકુંઠવાસી થયા છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૨૯-૭-૨૫ના ૫થી ૭. ઠે. વનિતા વિશ્રામ સ્કૂલ હોલ, પ્રાર્થનાસમાજ, મુંબઇ-૪ સ્થળે રાખેલ છે. બારમા, તેરમા તથા લૌકિક પ્રથા બંધ છે.

**વિશા સોરઠિયા વણિક**

લોએજવાળા હાલ બોરીવલી, સ્વ.મહેન્દ્ર શાહ (ઉં.વ.૮૩) અવલબેન મોરારજીના સુપુત્ર. સુશીલાબેનના પતિ. જીગ્નેશ તથા વૈશાલીના પિતા. જતીન તથા મોનાના સસરા. ગણોદવાળા જગજીવન ગોકલદાસ શાહના જમાઈ. સ્વ. વૃજલાલ, સ્વ ચંદ્રકાંત, સ્વ પ્રેમલતાબેનના ભાઈ ૨૬/૭/૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. ઠે. ૭૦૧/ સાઈકૃપા, ડૉ. ડી.એન.રોડ, એકવેરીયા ક્લબની બાજુમાં, એક્સર રોડ, બોરીવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**મોઢ ચાતુર્વેદિય ચૂંથા સમવાય બ્રાહ્મણ**

વાળુકડવાળા હાલ મુંબઈ, મધુબેન ત્રિવેદી (ઉં.વ.૭૯) તા. ૨૭-૭-૨૫ના સ્વર્ગવાસ પામ્યા છે. સ્વ. મુકુંદરાઇ જટાશંકર ત્રિવેદીના પત્ની. હિતેષા મિલનકુમાર દવે, મોના જતીનકુમાર ઠાકર, સ્વ. રીના ભાવેશકુમાર ત્રિવેદી, પ્રાચી પ્રણયકુમાર દીક્ષિતના માતુશ્રી. સ્વ. વિનોદરાય ત્રિવેદી, સ્વ. ચંપાબેન બ. ત્રિવેદી, સ્વ. શારદાબેન શૂ. શાસ્ત્રી, સ્વ. તારાબેન પ. દવેના ભાભી. તુષાર વિ. ત્રિવેદી, બકુલ વિ. ત્રિવેદીના કાકી. સ્વ. અરવિંદભાઇ મોહનલાલ દીક્ષિત, સ્વ. હસુમતીબેન શ. ત્રિવેદી અને હીનાબેન ભ. ત્રિવેદીના બેન. ધાર્મિક વિધિ ધાર્મિક સ્થળે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઇ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

તન-મન-ધનથી રહો તરોતાજા

# લાંબા ગાળાના સંપત્તિસર્જનનો રસ્તો છે

# My SENSEX અર્થાત My Sensible Expense



મારું પોતાનું અર્થતંત્ર

ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

'માર્કેટનું તમને શું લાગે છે?'

ફાઇનાન્શિયલ પ્લાનરની હાજરી હોય ત્યાં આ પ્રશ્ન અચૂક પુછાતો જ હોય છે. આ સવાલ બીજો કોઈ નહીં, પણ સ્ટોક માર્કેટ માટે જ હોય એ ધારી લેવાનું હોય છે.

ખરી રીતે તો અમને ફાઇનાન્શિયલ પ્લાનરોને ઈક્વિટી હોય, સોનું હોય, રિયલ એસ્ટેટ હોય કે પછી ડેટ હોય, કોઈની પણ માર્કેટ વિશે કોઈ પણ આગાહી કરવા વિશે કંઈ જ શીખવવામાં આવતું નથી. રોકાણવિષયક સલાહ આપવી એ પણ ફાઇનાન્શિયલ પ્લાનરની પ્રેક્ટિસમાં નાનો અમથો હિસ્સો હોય છે. વળી, ફક્ત રોકાણ વિશે સલાહ આપવી એ જ ફાઇનાન્શિયલ પ્લાનરનું મુખ્ય કામ હોતું નથી.

હવે આપણે ફરી મુખ્ય પ્રશ્ન પર પાછા આવીએ. 'માર્કેટનું તમને શું લાગે છે?' એવું પુછાય ત્યારે લોકોના મગજમાં સેન્સેક્સ જ રમતો હોય છે. 'બોમ્બે સ્ટોક એક્સચેન્જ લિમિટેડ' પર લિસ્ટેડ શેરોમાંથી ૩૦ શેરનો બનેલો આ ઇન્ડેક્સ છે. ઈક્વિટીના તમામ રોકાણકારો માટે આ નિર્દેશાંક મહત્ત્વનો છે, પરંતુ નાણાકીય આયોજન કર્યા વગર ફક્ત સેન્સેક્સની હિલચાલના આધારે નાણાકીય નિર્ણયો લેવામાં આવે તો નાણાકીય નુકસાન થવાનું મોટું જોખમ સર્જાઈ શકે છે.

અહીં આદર્શ સ્થિતિ તો એ છે કે દરેક વ્યક્તિ કે પરિવારને પોતાના સેન્સેક્સની પડી હોવી જોઈએ. આપણે તેને My Sensex અર્થાત્ My Sensible Expense એટલે કે સમજદારીપૂર્વકનો ખર્ચ કહીશું.

વાસ્તવિક જીવનની સ્થિતિ પરથી આ વાતની ચર્ચા કરીએ.

ધારો કે પરિવારમાં ૧૫ દિવસ પછી લગ્ન છે. તમે બધી તૈયારીઓ કરી લીધી છે અને કંકોત્રીઓ વહેંચી દેવાઈ છે. પરિવારમાં લગ્નનો માહોલ છે. એવામાં શેરબજારનો સેન્સેક્સ તૂટે છે. આવી સ્થિતિમાં શું કોઈ પરિવાર લગ્ન રદ કરશે કે ઊજવણીના ખર્ચમાં કાપ મૂકશે?

આપણા જીવનના પ્રસંગો સેન્સેક્સની હિલચાલ પર નિર્ભર હોતા નથી. આમ છતાં સંપત્તિસર્જન આપણા રોકાણની રકમ પર નિર્ભર હોય છે. રોકાણ ત્યારે જ કરી શકાય જ્યારે બચત હોય. આમ આપણી બચત જેટલી વધુ હોય એટલું રોકાણ વધુ રહે. બચતનો આધાર આપણી આવક અને ખર્ચ પર છે. આવકમાંથી પહેલાં રોકાણ કરવું અને પછી ખર્ચ કરવો. આ રીતે જોઈએ તો ક્રમ આવો હોવો જોઈએ: કમાઓ - બચાવો (રોકાણ કરો) - ખર્ચ કરો. આપણી બચત અને રોકાણ જેટલાં વધારે હશે એટલું ભવિષ્યનું સંપત્તિસર્જન વધારે હશે. વર્તમાનમાં ખર્ચવા માટે ઓછી રકમ ઉપલબ્ધ રહેશે.

કોણે કેટલો ખર્ચ કરવો જોઈએ અને સમગ્ર પરિવાર માટે કે દરેક સભ્ય માટે કેટલો ખર્ચ કરવો જોઈએ તેના વિશે હું કંઈ કહી શકું નહીં. એ નિર્ણય તો દરેકે જાતે જ લેવાનો હોય છે.

ચાળીસીમાં આવી પહોંચેલાં એક યુગલ સૂચિ- સૌરભ. એ યુગલે એક દિવસ મને સવાલ કર્યો કે એ લેન્ડ રોવર ખરીદવા માગે છે, શું અમને એ પરવડશે? સૂચિ અગ્રણી વકીલ હતી અને સૌરભ જાણીતો આર્કિટેક્ટ હતો. એમની દીકરી પ્રીતિ ઈંગ્લેન્ડમાં ડોક્ટરી ભણવા ગઈ હતી.

મારો જવાબ હતો, 'હા, તમને ચોક્કસ પરવડશે. '

આ જવાબ સાંભળીને એમને સારું લાગ્યું. બીજા દિવસે એમણે મને ફરી ફોન કર્યો. એ યુગલ મને બને તેટલું વહેલું મળવા માગતું હતું. મને જરા અજુગતું લાગ્યું, પણ મેં એમને અપોઇન્ટમેન્ટ આપી. એમને એ વાતની ફિકર હતી કે એમના લાંબા ગાળાના સંપત્તિસર્જન પર આ ખર્ચની કેટલી અસર થશે.

મને તો એમાં સાદી ગણતરી દેખાતી હતી. જો એ હાલ ૫૦ લાખ રૂપિયા ખર્ચી કાઢે તો એમનું નિવૃત્તિ માટેનું ભંડોળ લગભગ સાડા ત્રણ કરોડ જેટલું ઓછું થઈ જાય. આ ગણતરી વળતરના અમુક દરના આધારે હતી, પરંતુ લગભગ એટલો જ આંકડો આવતો હોય છે.

મારી ગણતરી જાણ્યા બાદ એમણે કહ્યું કે એમને એ મોંઘી કાર નથી જોઈતી. મેં એમને બજેટને સંતુલિત કરવા માટે ખર્ચને ઘટાડવાની સ્ટેપ ડાઉન પદ્ધતિ સમજાવી. મેં એમને કહ્યું, ધારો કે તમે દર મહિને ચાર વખત ફાઇવ સ્ટાર હોટેલમાં જમવા જાઓ છો. તેમાં સ્ટેપ ડાઉન કરો એટલે કે મહિને ત્રણ વાર જાઓ અથવા તો ક્યારેક ફાઇવ સ્ટારમાં અને ક્યારેક તેનાથી થોડી ઊતરતી જગ્યાએ જમવા જાઓ.

બીજો વિકલ્પ ચારમાંથી એક વખત બહારથી ઘરે જમવાનું મગાવવાનો છે. ઘરે કોઈ રસોઈયાને બોલાવીને જમવાનું બનાવડાવવાનો વિકલ્પ પણ શક્ય છે. આમાંથી કયો વિકલ્પ પસંદ કરવો એ એમના પોતાના પર છે.

પંદર દિવસ પછી સૌરભે મને ફોન પર કહ્યું કે એમણે સેકન્ડ હેન્ડ BMW કાર ખરીદી લીધી છે. ઘણા ઓછા કિલોમીટર ચલાવાયેલી એ કાર એમને ૨૦ લાખમાં મળી હતી. આ દંપતી બાકીના ૩૦ લાખ રૂપિયાનું રોકાણ કેવી રીતે કરવું તેની ચર્ચા કરવા મને મળવા માગતું હતું.

ફાઈનાન્શિયલ પ્લાનર તરીકે મારે કહેવાનું કે હંમેશાં My Sensex અર્થાત્ My Sensible Expense એટલે કે સમજદારીપૂર્વકના ખર્ચ પર લક્ષ આપવું. બચત અને રોકાણ વધારવાં, જેથી લાંબા ગાળે સંપત્તિસર્જન કરી શકાય... ■

વીમા સુરક્ષાકવચ

નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# મેટરનિટી વીમો: દરેક પરિવારે ખાસ જાણવા જેવું શું આમાં?



માતા બનનારી મહિલા માટે સગર્ભાવસ્થા આનંદદાયક અનુભવ હોય છે. જો કે, પ્રસૂતિનો ખર્ચ ક્યારેક વધુ પડતો થઈ જાય તો પરિવારે આર્થિક અગવડ ભોગવવાનો વારો આવે છે. હાલના સમયમાં સગર્ભાવસ્થા દરમિયાન નિયમિતપણે મેડિકલ ચેક-અપ કરાવવાથી લઈને સોનોગ્રાફી અને પ્રસૂતિનો ખર્ચ ક્યારેક આકરો પડે છે. એમાંય જ્યારે સિઝેરિયનથી પ્રસૂતિ કરાવવામાં આવે ત્યારે ખર્ચ ધાર્યા કરતાં વધારે થઈ જાય છે. આવા સમયે આરોગ્ય વીમા હેઠળનો મેટરનિટી વીમો ઉપયોગી થાય છે.

જોકે, મેટરનિટી વીમા વિશે હજી ઘણી ગેરમાન્યતા છે અને એનો ઉપયોગ ઓછા પ્રમાણમાં થઈ રહ્યો છે.

**મેટરનિટી વીમાની જરૂર શું?**

ખાનગી હોસ્પિટલોમાં સંપૂર્ણ સગર્ભાવસ્થા અને પ્રસૂતિની પહેલાંના અને પછીના ખર્ચ મળીને મોટો ખર્ચ થઈ જાય છે:

| ખર્ચનો પ્રકાર | ખાનગી હોસ્પિટલમાં સરેરાશ ખર્ચ |
|---|---|
| નોર્મલ ડિલિવરી | ₹ ૪૦,૦૦૦ ₹ ૧,૦૦,૦૦૦ |
| સિઝેરિયન | ₹ ૮૦,૦૦૦ ₹ ૨,૦૦,૦૦૦+ |
| પ્રસૂતિ પૂર્વેની અને પછીની સુશ્રૂષા | ₹ ૧૦,૦૦૦ ₹૩૦,૦૦૦ |
| નવજાત શિશુની સુશ્રૂષાને લગતો ખર્ચ (એનઆઇસીયુ, વગેરે) | ₹ ૫૦,૦૦૦ ₹ ૨,૦૦,૦૦૦ (જરૂર પડી હોય એ સંજોગોમાં) |

મેટરનિટી વીમો ન હોય તો ઉપરોક્ત ખર્ચ પરિવારે જાતે ભોગવવો પડે છે. એને લીધે બચત પર અસર થાય છે, ક્યારેક વધુ પડતો ખર્ચ થઈ જવાથી કરજ પણ લેવાની નોબત આવે છે.

**મેટરનિટી વીમો કોને કહેવાય?**

મેટરનિટી વીમા એટલે એવો આરોગ્ય વીમો, જેના હેઠળ આ ખર્ચ વીમાધારકે જાતે કરવાને બદલે વીમાના ક્લેમ દ્વારા પ્રાપ્ત કરી શકાય છે:

પ્રસૂતિનો ખર્ચ (નોર્મલ કે સિઝેરિયન)

* પ્રસૂતિ પૂર્વેની અને પછીની સુશ્રૂષા
* હોસ્પિટલાઇઝેશન અને રૂમ ચાર્જીસ
* ડોક્ટરનું કન્સલ્ટેશન અને તબીબી પરીક્ષણોનો ખર્ચ
* નવજાત શિશુની સારવારને લગતો ખર્ચ (સામાન્ય રીતે બાળક ૯૦ દિવસનું થાય ત્યાર સુધીનો)
* રસીકરણનો ખર્ચ (અમુક પ્લાનમાં આવરી લેવાયેલો હોય છે)

**મેટરનિટી વીમાનું સ્વરૂપ:**

**૧) રાઇડર તરીકે અથવા બેઝ પ્લાનમાં ઍડ-ઓન તરીકે**

મેટરનિટી કવર સામાન્ય રીતે રાઇડર તરીકે અથવા બેઝ પ્લાનમાં ઍડ-ઓન તરીકે આપવામાં આવે છે. એનો અર્થ એવો થયો કે વીમાધારક આ કવર માટે વધારાનું પ્રીમિયમ ચૂકવીને એ મેળવી શકે છે. એને રાઇડર સ્વરૂપે અથવા ઍડ-ઓન સ્વરૂપે લઈ શકાય છે.

**ઉદાહરણ:**

ધારો કે તમે XYZ કંપની પાસેથી પાંચ લાખ રૂપિયાની ઇન્ડિવિજ્યુઅલ હેલ્થ પોલિસી લીધી છે. તમે એમાં પ્રસૂતિને લગતા ખર્ચ માટે ૫૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ લાખ રૂપિયા સુધીનું મેટરનિટી રાઇડર લઈ શકો છો. એના માટે તમારે અમુક નિશ્ચિત રકમ વધારાના પ્રીમિયમ તરીકે ચૂકવવી પડે છે.

**ફાયદા:**

* બે અલગ અલગ પોલિસી લેવાની જરૂર પડતી નથી. એક જ પોલિસી હેઠળ આ ખર્ચ આવરી લેવાય છે.
* અલગથી લેવાયેલા પ્લાન કરતાં રાઇડર કે ઍડ-ઓન તરીકે એનો ખર્ચ ઓછો થાય છે.
* મેટરનિટી કવર પ્રસૂતિ પૂર્વેની અને પછીની બન્ને પ્રકારની સુશ્રૂષા માટે વપરાય છે. આ માટે કંપનીએ કયા પ્રકારનું રાઇડર આપ્યું છે એના પર નિર્ભર હોય છે.

**ગેરફાયદા:**

* સામાન્ય રીતે એમાં વેઇટિંગ પિરિયડ (નવ મહિનાથી લઈને ચાર વર્ષ સુધીનો) હોય છે.
* પ્રસૂતિના ખર્ચ માટેની સબ-લિમિટ ઓછી હોઈ શકે છે.
* બધી જ આરોગ્ય વીમા કંપનીઓ આ રાઇડર આપતી નથી.

**કોણે લેવું જોઈએ?**

જેમની બેઝ પોલિસી પહેલેથી હોય અને પછી લગ્ન થયાં હોય એવા યુગલે આ કવર લેવું જોઈએ. મેટરનિટી રાઇડર લગ્નના થોડા જ વખતમાં લઈ લેવાયું હોય તો પછીથી જરૂર પડ્યે એ ઉપયોગી થાય છે.

**૨) કોમ્પ્રિહેન્સિવ ફેમિલી ફ્લોટર પ્લાનના ભાગરૂપે મેટરનિટી કવર તરીકે**

ફેમિલી ફ્લોટર પ્લાન પરિવારના તમામ સભ્યો (સામાન્ય રીતે જીવનસાથી અને સંતાનો તથા ક્યારેક માતાપિતા)ને એક આરોગ્ય વીમા પોલિસી હેઠળ આવરી લે છે. આમાં અમુક પ્લાનમાં મેટરનિટી બેનિફિટ પહેલેથી અપાયેલો હોય છે.

**ફાયદા:**

* જો આખા પરિવાર માટેના વીમા સાથે મેટરનિટી કવર મળતું હોય તો એ ઓછું ખર્ચાળ ગણાય.
* પ્રીમિયમ પ્લાનમાં મેટરનિટી માટેની સબ-લિમિટ વધારે હોય છે.
* આવા પ્લાનમાં નવજાત શિશુને એના જન્મના ૯૦ દિવસ સુધી આપોઆપ આવરી લેવામાં આવે છે.
* આવા પ્લાનનું નવીનીકરણ સહેલાઈથી થઈ શકે છે અને એક જ પ્લાન હેઠળ કરવેરાની બચતનો લાભ પણ મળે છે.

**ગેરફાયદા:**

* વ્યક્તિગત પોલિસીની તુલનાએ આખા પરિવારની પોલિસીનું પ્રીમિયમ વધારે હોય છે.
* આ પોલિસીમાં પણ વેઇટિંગ પિરિયડ લાગુ પડે છે.
* રૂમ રેન્ટ માટેની મર્યાદા અથવા અમુક રોગ માટેની સબ-લિમિટને લીધે પોલિસી હેઠળ મળનારા એકંદર લાભમાં ઘટાડો થઈ શકે છે.

અહીં કહેવું જોઈએ કે યુવા દંપતીએ અથવા તો લાંબા ગાળા માટેનું કવરેજ ઈચ્છતા અને વૃદ્ધિ પામતા પરિવારોમાં આ પોલિસી હોવી જોઈએ. એમાં એક જ પ્લાન હેઠળ દંપતી અને સંતાનોને આવરી લેવામાં આવે છે.

**૩) એકલા મેટરનિટી કવર તરીકે**

આવો પ્લાન ફક્ત સગર્ભાવસ્થા, પ્રસૂતિ અને નવજાત શિશુની સુશ્રૂષાના ખર્ચને આવરી લેનારી એકલા મેટરનિટી કવરનો હોય છે. એને બેઝ હેલ્થ પોલિસી સાથે કોઈ સંબંધ હોતો નથી.

**ફાયદા:**

* ખાસ મેટરનિટીને લગતી જરૂરિયાતો પૂરી કરવા માટેનો આ પ્લાન હોય છે.
* અમુક પ્લાનમાં વેઇટિંગ પિરિયડ ઓછો (નવ મહિનાથી લઈને બે વર્ષ સુધીનો) હોય છે.
* નવજાત શિશુનું કવરેજ પહેલેથી આપોઆપ સામેલ જ કરાયેલું હોય છે.
* આરોગ્ય વીમાની બીજી પોલિસીના પૂરક તરીકે આ પ્લાન ઉપયોગી ઠરે છે.

**ગેરફાયદા:**

* મેટરનિટી સિવાયની કોઈ બાબત આવરી લેવાયેલી હોતી નથી.
* સામાન્ય રીતે એમાં મર્યાદિત લાભ આવરી લેવાયા હોય છે. હોસ્પિટલનાં મોટાં બિલનો ક્લેમ કરી શકાતો નથી.
* દરેક શહેરમાં કે દરેક આવક વર્ગ માટે કદાચ આવી પોલિસી બધે ઉપલબ્ધ ન હોય. આથી પોતાના રહેણાકના સ્થળ સંબંધે તપાસ કરી લેવી જરૂરી બને છે.

જે યુગલ પાસે પહેલેથી મેટરનિટી કવર ન હોય અને થોડા જ વખતમાં જેઓ સંતાનપ્રાપ્તિ માટે પ્રયત્ન કરવાના હોય તેઓ આવો પ્લાન લઈ શકે છે. ખાસ કરીને નોકરીના સ્થળે ગ્રુપ મેડિક્લેમમાં મેટરનિટી કવર સામેલ ન હોય તોપણ આ પ્લાન લેવાની જરૂર પડે છે.

**ઉપરોક્ત ત્રણે વિકલ્પોને લગતાં ફીચર્સની તુલના**

| ફીચર્સ | ઍડ ઓન રાઇડર તરીકે | ફેમિલી ફ્લોટર પ્લાન તરીકે | એકલા મેટરનિટી પ્લાન તરીકે |
|---|---|---|---|
| વ્યાપ | ફક્ત મેટરનિટી માટે લાગુ | સર્વાંગી | ફક્ત મેટરનિટી માટે લાગુ |
| વેઇટિંગ પિરિયડ | બેથી ચાર વર્ષ | બેથી ત્રણ વર્ષ | નવ મહિનાથી બે વર્ષ |
| પ્રીમિયમ | પ્રમાણમાં ઓછું કે મધ્યમ | પ્રમાણમાં મધ્યમ કે ઉંચું | પ્રમાણમાં ઓછું કે મધ્યમ |
| નવજાત શિશુને લગતો ખર્ચ | ક્યારેક આવરી લેવાયેલો હોય છે | મોટાભાગે આવરી લેવાયેલો હોય છે | સામાન્ય રીતે આવરી લેવાયેલો હોય છે |
| ફ્લેક્સિ-બિલિટી | ઓછી | વધારે | મધ્યમ |
| કોના માટે ઉપયુક્ત | આરોગ્ય વીમા પોલિસી ધરાવતા યુગલ માટે | સંતાનપ્રાપ્તિ માટે પ્રયત્ન કરનારું દંપતી ધરાવતા પરિવારો માટે | થોડા જ સમયમાં સંતાનપ્રાપ્તિ માટે પ્રયત્ન કરનારા દંપતી માટે |

**એક્સક્લુઝન**

* વેઇટિંગ પિરિયડ દરમિયાન આવતો ક્લેમ
* સ્વૈચ્છિક ગર્ભપાત
* કૃત્રિમ ગર્ભાધાન (મોટાભાગના પ્લાનમાં)
* પ્રિ-એક્ઝિસ્ટિંગ ડિસીસીઝને લીધે થયેલાં કોમ્પ્લિકેશન્સ (જો પ્રિ-એક્ઝિસ્ટિંગ ડિસીઝ વિશે પહેલેથી ફોડ પાડ્યો ન હોય તો)
* પોલિસીના નેટવર્કની બહાર કરવું પડેલું હોસ્પિટલાઇઝેશન (કેશલેસ માટે)

**યોગ્ય પ્લાન કેવી રીતે પસંદ કરવો?**

* ગર્ભધારણ થવા પહેલાં જ વેઇટિંગ પિરિયડ પૂરો થાય એ રીતે પ્લાન લઈ લેવો.
* નો-ક્લેમ બોનસ મળે છે કે કેમ અને આજીવન રિન્યુઅલ શક્ય છે કે નહીં એની તપાસ કરી લેવી.
* હોસ્પિટલના નેટવર્કની અને મેટરનિટી માટે ચોક્કસ કેટલું કવરેજ મળે છે એની જાણકારી લઈ લેવી.
* તમે કેટલું વધારે પ્રીમિયમ ભરો છો અને એની સામે કેટલા બેનિફિટ મળે છે એની સમીક્ષા કરી લેવી. હાલ થોડી વધુ રકમ ખર્ચાઈ જાય એ ચાલે, પણ ભવિષ્યમાં જરૂર પડે ત્યારે મેટરનિટીનો ખર્ચ વીમા કંપની પાસેથી મળી જાય એવી વ્યવસ્થા કરવી.
* નવજાત શિશુ માટેનું કવરેજ પહેલા જ દિવસથી શરૂ થાય એવા પ્લાનને પ્રાધાન્ય આપવું.

**સરકારી સહયોગ અને ગ્રુપ ઇન્સ્યોરન્સ**

* અહીં જણાવવું રહ્યું કે પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ નોકરિયાત વર્ગની મહિલાઓને સગર્ભાવસ્થા દરમિયાન નાણાકીય સહાય મળે છે.
* ઘણી કંપનીઓના આરોગ્ય વીમાના ગ્રુપ પ્લાનમાં મેટરનિટી કવર સામેલ હોય છે. એમાં વેઇટિંગ પિરિયડ શૂન્ય અથવા ઘણો ઓછો હોય છે.
* સ્વયં રોજગાર કરનારી મહિલાઓએ સમયસર સ્ટેન્ડઅલોન મેટરનિટી રાઇડર લઈ લેવું સારું.

**મેટરનિટી પ્લાન દ્વારા માતૃત્વના આનંદમાં વૃદ્ધિ કરો**


સગર્ભાવસ્થા દરમિયાન ઘણી બાબતોની કાળજી લેવાની હોય છે. આવા સમયે ભાવનાત્મક બાબતોને પ્રાધાન્ય આપવામાં આવે છે. જો આર્થિક અગવડ થાય તો માતૃત્વના આનંદમાં ઓટ આવવાની શક્યતા રહે છે. આથી આર્થિક જોગવાઈ પહેલેથી કરી લેવી સારી. આ હેતુસર મેટરનિટી ઇન્સ્યોરન્સ ખૂબ જ ઉપયોગી નીવડે છે.

હોસ્પિટલના બિલની ચિંતા કર્યા વગર નવા જીવનને આવકારવાની ખુશીમાં મહાલી શકાય એ માટે આ કવરેજ હોવું જોઈએ. આજકાલ મોંઘવારીના જમાનામાં જરાક પણ આર્થિક બોજ વધી જાય તો પરિવાર આખાએ સહન કરવું પડે છે. આથી કહેવાનું કે આજના સમયમાં મેટરનિટી કવરેજ વૈકલ્પિક નહીં, પણ અનિવાર્ય છે. ■

feedback@bombaysamachar.com
ફોકસ
નિધિ ભટ્ટ

# નાસ્તામાં પૌઆં કે ઉપમા, સ્વાસ્થ્ય માટે વધુ સારો નાસ્તો કયો?





**પોહા V/S સ્વાસ્થ્ય માટે ઉપમા:** પોહા કે ઉપમા, નાસ્તામાં કયું ખાવા માટે સ્વાસ્થ્યપ્રદ છે અને બંનેના ફાયદા અને ગેરફાયદા વિશે સંપૂર્ણ માહિતી મેળવો

પોહા V/S સ્વાસ્થ્ય માટે ઉપમા: દરરોજ સવારે નાસ્તાની વાત આવે ત્યારે સૌથી મોટો પ્રશ્ન એ હોય છે કે આજે શું ખાવું, કયું સ્વાદિષ્ટ અને સ્વસ્થ પણ છે? ભારતીય રસોડામાં ઘણા બધા વિકલ્પો ઉપલબ્ધ છે જે હળવા, ઝડપી અને સ્વાસ્થ્યથી ભરપૂર છે. આમાંથી પોહા અને ઉપમા બે સૌથી લોકપ્રિય અને પરંપરાગત વાનગીઓ છે, જે ચોક્કસપણે દરેક ઘરમાં ક્યારેક ને ક્યારેક બનાવવામાં આવે છે.

પરંતુ પ્રશ્ન એ છે કે, આમાંથી કઈ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ સારી છે? આ પ્રશ્નનો જવાબ આપતા ફૂડ એક્સપર્ટ કહે છે કે આ બંને વાનગીઓના પોષક ફાયદા અને ગેરફાયદા છે. ઉપમા પોહા કરતાં વધુ સારું છે. કારણ કે તે નાસ્તો છે જે સરળતાથી સુપાચ્ય છે.

- નાસ્તો ફક્ત સ્વાદ વિશે નથી, સ્વાસ્થ્ય માટે પણ મહત્ત્વપૂર્ણ છે... કેટલા ટકા લોકો હજુ પણ સ્વાદ શોધી રહ્યા છે

## પોહા

પોહા ચોખામાંથી બનાવવામાં આવે છે જે તેને ચપટી કરીને બનાવવામાં આવે છે. તે નાસ્તામાં ખૂબ જ લોકપ્રિય અને ઓછી કેલરીવાળો ખોરાક છે.

પોહામાં સારી માત્રામાં આયર્ન હોય છે, ખાસ કરીને જેઓ એનિમિયાથી પીડાય છે તેમના માટે આ શ્રેષ્ઠ છે.

તે સરળતાથી સુપાચ્ય છે, જેનાથી પેટ હલકું લાગે છે.

તેમાં ડુંગળી, વટાણા, મગફળી અને લીંબુ ઉમેરવાથી પોષણ અને સ્વાદ બંને વધે છે.

તે પાચનતંત્ર માટે ફાયદાકારક છે, અને ગૅસ કે એસિડિટીનું કારણ નથી.

તેમાં પ્રોટીનનું પ્રમાણ ઓછું હોય છે, તેથી તેને દહીં અથવા ફણગાવેલા કઠોળ જેવી પ્રોટીનયુક્ત વસ્તુઓ સાથે લેવું વધુ સારું છે.

## ઉપમા

ઉપમા મુખ્યત્વે રવા સોજીમાંથી બનાવવામાં આવે છે, જે ઘઉંમાંથી મેળવવામાં આવે છે. તે ખાસ કરીને દક્ષિણ ભારતીય રસોડામાં પસંદ કરવામાં આવે છે.

ઉપમામાં જટિલ કાર્બોહાઇડ્રેટ્સ હોય છે જે ધીમે ધીમે ઊર્જા છોડે છે, પેટને લાંબા સમય સુધી ભરેલું રાખે છે.

તે ફાઇબરથી ભરપૂર છે અને કબજિયાત જેવી સમસ્યાઓથી રાહત આપે છે.

તેમાં શાકભાજી ઉમેરીને તેને વધુ સ્વસ્થ બનાવી શકાય છે.

વજન ઘટાડવા માગતા લોકો માટે તે એક સારો વિકલ્પ માનવામાં આવે છે.

સોજી શુદ્ધ હોય છે, તેથી જો તેનું વધુ પડતું સેવન કરવામાં આવે તો તે વજન વધારી શકે છે.

ડાયાબિટીસના દર્દીઓએ મર્યાદિત માત્રામાં ઉપમા ખાવું જોઈએ.

બંને વાનગીઓ પોતપોતાની રીતે ફાયદાકારક છે, પરંતુ જો તમે હળવો, સરળતાથી સુપાચ્ય અને આયર્નથી ભરપૂર નાસ્તો ઇચ્છતા હોવ તો ઉપમા વધુ સારું છે. બીજી બાજુ જો તમે લાંબા સમય સુધી પેટ ભરેલું રાખવા માગતા હોવ અને તમારા વજનને નિયંત્રિત કરવા માંગતા હોવ તો પોહા એક સારો વિકલ્પ છે. પોહા અને ઉપમા બંને સ્વસ્થ નાસ્તાના વિકલ્પો છે, તફાવત ફક્ત તમારા શરીરની જરૂરિયાત અને સ્વાસ્થ્ય લક્ષ્યનો છે. ■

feedback@bombaysamachar.com

આજની ટૂંકી વાર્તા

નીલમ દોશી

# આઈ એમ સ્યોર...

ખડકની ધાર પાસે આવીને એક ક્ષણ તે અટકી...પણ..ના...હવે આગળ પાછળનો કોઇ વિચાર નહીં.. મન મક્કમ કરી તે ઝંપલાવવા જતી જ હતી ત્યાં પાછળથી કોઇએ તેનો હાથ પકડયો...

ચમકીને યુવતીએ પાછળ જોયું..લગભગ તેની જ ઉમરનો દેખાતો એક યુવક...

'કોણ છો તમે? છોડો. મારો હાથ કેમ પકડયો છે? મને બચાવવાની કોશિશ કરવાની કોઇ જરૂર નથી...મારી જિંદગીનું મારે જે કરવું હોય તે કરી શકું છું..અને હા..પ્લીઝ..કોઇ લેક્ચર નહીં...'

એકી શ્વાસે ગુસ્સાથી ધમધમતા અવાજે યુવતી બોલી ઊઠી...

યુવક મોટેથી ખડખડાટ હસી પડયો. એ હાસ્યના પડઘા નીચે ખીણમાં ફરી વળ્યા.

'કેમ હસ્યા? હસવા જેવી કોઇ વાત મેં નથી કરી. કે નથી કોઇ જોક કર્યો...'

'એક મિનિટ.એક મિનિટ. મારી વાત તો સાંભળો...'

'મારે કોઇની વાત સાંભળવાની જરૂર નથી...અને હસ્યા શા માટે?'

'તમારે વાત સાંભળવી જ નથી..તો કેવી રીતે કહું કે હું શા માટે હસ્યો?'

'એટલે..એટલે કે હું એમ કહેતી હતી કે... કે....'

યુવતી થોડી ગૂંચવાઇ..

જોકે બે પાંચ ક્ષણના મૌન પછી યુવકની સામે જોતા તેણે ઉમેર્યું.

'એટલે કે મને આત્મહત્યા ન કરવાની કોઇ શીખામણ..સલાહ આપવાના હો તો મારે કોઇ લેક્ચર નથી સાંભળવું...એમ હું કહેતી હતી..પણ મને નથી લાગતું મેં આમાં કોઇ હસવા જેવી વાત કરી હોય...બાય ધ વે...મારો હાથ પકડવાનો તમને કોઇ હક્ક નથી..'

'ઓહ..સોરી... રીયલી સોરી...' યુવકે હાથ છોડ્યો..

'ઇટસ ઓકે... હવે કહો હસ્યા શા માટે?'

'જયારે મરવા જ જઇ રહ્યા છો ત્યારે છેલ્લી ઘડીએ કશું જાણીને શો ફાયદો?'

'એક નાનું સરખું કુતૂહલ માત્ર..નથીંગ એલ્સ...'

'ઓકે..આમ પણ મરનારની અંતિમ ઇચ્છા પૂરી થવી જોઇએ..નહીંતર કયાંક ભૂત થઇને વળગે..અને મને ભૂત સાથે જરા પણ લગાવ નથી.'

'હવે વાતમાં મોણ નાખ્યા સિવાય સીધી રીતે કહી દો..મારે મોડું થાય છે.'

' શું કારણ છે આજે?'

'આજે તો મને હસવું આવ્યું. તમારા ભ્રમ ઉપર.જોકે કેટલાક ભ્રમ પણ કેવા મજાના હોય છે..અકબંધ જાળવી રાખવા જેવા.'

'ભ્રમ.મારો? કયો ભ્રમ? કેવો ભ્રમ? શાનો ભ્રમ?

'બાપ રે.એકી સાથે આટલા બધા પ્રશ્નો?'

'તમે એમ કહીને વાત ઉડાવો છો.....

'ઉડાવું છું? તમારી વાત? ના રે..સુંદર યુવતીઓની વાત ઉડાડવા જેટલો હું બેવકૂફ નથી.'

'બસ.બસ.મસ્કા મારવાની કોઇ જરૂર નથી. છોકરીઓને ભોળવવાનો એ સૌથી સરળ ઉપાય.પણ અહીં તમારી દાળ ગળે તેમ નથી જ. તમારે સીધી રીતે વાત કરવી છે કે નહીં?'

યુવતીના અવાજમાં લાલ લાલ ગુલમહોરી ગુસ્સો.ચહેરા પર રતાશના ટશિયા ફૂટયા.

'અરે, બાબા..સાવ સીધી વાત છે..તમે કહ્યું કે મને બચાવવાની કોઇ જરૂર નથી..તો તમારા એ ભ્રમ પર મારાથી હસાઇ ગયું.મને હસવાની થોડી કુટેવ ખરી.'

'એમાં ભ્રમ શાનો? અને તો પછી મારો હાથ કેમ પકડયો?'

'બચાવવા માટે નહીં.. કશુંક બતાવવા માટે...'

'શું બતાવવા માટે?'

'એટલું જ કે ખરેખર મરવાનો ઇરાદો હોય તો આ જગ્યા યોગ્ય નથી..હા..હાથ પગ તોડવા માટે આ લોકેશન પરફેક્ટ ખરું.'

'એટલે?'

'એટલે એમ જ. સાવ સીધી સાદી વાત. જરા નીચે જુઓ. ધ્યાનથી જુઓ. નીચે ઊંડી ખીણ ખરી, પણ કૂદયા પછી મરવાની કોઇ ગેરંટી નહીં.'

આટલે ઉંચેથી કૂદ્યા પછી માણસ મરે નહીં તો બીજું શું થાય?'

આઇ એમ સોરી ટુ સે.પણ તમારો ઓબ્ઝર્વેશન પાવર.અર્થાત.નિરીક્ષણ શક્તિ બહુ poor. નબળી જણાય છે.

'કેમ?'

'અરે, જોતા નથી ? ખીણમાં નીચે કેટલા બધા ઝાડવાઓ છે ? આખું જંગલ જ ઉગી નીકળ્યું છે. હવે તમે કૂદયા અને સીધા ખીણમાં જવાને બદલે એકાદ ઝાડવામાં અટવાઇ ગયા.એકાદ ઝાડવાને તમારી ઉપર પ્રેમ ઉભરાઇ આવ્યો ને તમને ઝાલી લીધા તો.? ન મરી શકો. ન જીવી શકો. ન નીચે જઇ શકો..ન ઉપર આવી શકો..બરાબર ત્રિશંકુની જેમ લટકી રહો. બસ. એ દ્રશ્યની કલ્પનાથી જ હું હસી પડ્યો..તમે આમ ઝાડ ઉપર લટકતા હો એ દ્રશ્ય કેવું લાગે ? બચાવોની ચીસ પાડો તો પણ કોઇ સાંભળી ન શકે.'

યુવતીએ નીચે જોયું..યુવકની વાત તો સાચી હતી. નીચે અસંખ્ય વૃક્ષો હતાં. એમાં ફસાઇ જવાની શકયતા નકારી શકાય તેમ નહોતી જ. પણ હજુ પેલી રતાશ અકબંધ.

'મીસ્ટર. તમે ખાંડ ખાવ છો.ઝાડમાં અટવાઇ ગઇ તો પણ છોડતા કંઇ વાર નથી લાગવાની.ઝાડ કંઇ મને પકડી નથી રાખી શકવાનું.'

'ઓહ. યસ. યુ આર રાઇટ.એ તો મને વિચાર જ ન આવ્યો.યુ આર જીનિયસ.'

'ફરી ખુશામત? એવી કોઇ જરૂર નથી.'

યેસ.. એટલી તો મને પણ ખબર છે કે તમારી ખુશામત કરવાની મારે કોઇ જરૂર નથી જ. આ તો આવી સીધી સાદી વાત હું ન વિચારી શક્યો..ને તમે એ બધું આગોતરું વિચારી લીધું એથી મેં કહ્યું. પરફેક્ટ પ્લાનિંગ. હવે તમે ઝંપલાવી શકો છો. ગો એહેડ...'

યુવતી તેની સામે જોઇ રહી. પોતાની મશ્કરી કરે છે કે શું?' પણ યુવક ગંભીર દેખાયો. તે ખીણમાં નીચે બારીકાઇથી જોઇ રહ્યો હતો. નહોતું બોલવું તો પણ યુવતીથી બોલાઇ જવાયું.

'નીચે ઝાડવા ગણો છો?'

'ના..ના..' ખીણમાં જોતા જોતા જ યુવકે જવાબ આપ્યો.

લાગે છે તો એવું જ કે જાણે ખીણના ઝાડવા ગણી રહ્યા છો.?

'ના રે..મને એવી કોઇ ગણતરીમાં રસ નથી.'

'તો પછી આમ બાઘાની જેમ નીચે.' વચ્ચે જ યુવકે તેને અટકાવી.

'થેંક્સ ફોર કોમ્પ્લીમેન્ટસ.પણ એક મિનિટ જરા નીચે જુઓ.'

શું જોવાનું છે હજુ?' કહેતા યુવતી થોડીક યુવકની નજીક ખસી અને તેની સાથે નીચે નજર કરી.

'શું છે અહીં?'

'નીચે. સાવ નીચે સુધી ઝાડવાઓ છે. દેખાય છે?' 'હા..તો તેનું શું છે?'

'એ જોઇને તમને કોઇ વિચાર નથી આવતો.?'

'એમાં વિચાર શો આવવાનો ?'

'કોઇ મહાન વિચાર નહીં.સાવ સીધો સાદો. સીમ્પલ.ક્ષુદ્ર વિચાર.

યુવતીના નાકના બંને ફોયણા ફૂંગરાયા. બરાબર લાલઘૂમ કેસૂડા જેવા.મરવાની ક્ષણે કોઇ તેની આ રીતે મશ્કરી કરી જાય? છોકરાઓ બધા સરખા. યશવંતીયા જેવા જ. એમનો વિશ્વાસ કરાય જ નહીં..

કશુંક બોલવા.બરાબર સંભળાવી દેવા જતી હતી ત્યાં જ.

'એમાં આમ મેઘધનુષી ન થાવ પ્લીઝ. જુઓ હું તમને સમજાવું. તમારી વાત બિલકુલ સાચી છે..સો ટકા સાચી છે.. કોઇ વૃક્ષ કંઇ તમને પક્ડી રાખી શકે નહીં.ધારો તો તમે ચોક્ક્સ છોડી શકો..પરંતુ તો યે મારી વાત સાવ નાખી દીધા જેવી નથી જ. ધારો કે કૂદયા પછી તમે કોઇ સાવ નીચા વૃક્ષની ડાળીમાં અટવાયા તો..? અહીં તો છેક નીચે સુધી ઝાડવાઓ છે. અને એકવાર જંપલાવ્યા પછી તમે કયાં અટવાવ એની તો ખાત્રી ન જ હોય ને?

એનો સીધો સાદો અર્થ એટલો જ થાય કે ઝાડની ડાળીઓ છોડયા પછી..મરવાની આટલી મહેનત..અને હિમત પછી પણ મરવાની કોઇ ખાતરી નહીં.કેમ કે પછી તો નીચે બહુ અંતર રહે જ નહીં ને? નકામા હાથ પગ જ ભાંગે.કંઇ શકરવાર ન વળે.

એના કરતાં જુઓ, હું તમને બેસ્ટ જગ્યા બતાવું.મરવાની પૂરી ખાતરીવાળી.એક છલાંગ અને ખેલ ખતમ.પૂરી ગેરંટી.'

'કેમ તમે મરવાની જગ્યા શોધવાના એક્સપર્ટ છો?'

'ના રે. પણ આપણે બંને એક જ હોડીના સવાર છીએ.'

'એટલે?'

એટલે એમ જ કે હું પણ તમારી જેમ જ મરવાના ભવ્ય ઇરાદા સાથે જ અહીં આવ્યો છું.. તેથી બેસ્ટ..ખાતરીબંધ લોકેશનની તલાશ કરતો હતો...પૂરી રિસર્ચ કર્યા પછી જ મેં આ તારણ કાઢ્યું છે. આપણને અધકચરું કશું ફાવે નહીં.. કામ કરવું તો પાક્કું કરવું..

'એટલે...તમે...તમે પણ આત્મહત્યા માટે અહીં આવ્યા છો?'

'શંકાને કોઇ સ્થાન નથી..આવી સૂમસામ જગ્યાએ શું ફરવા આવ્યો છું? એ પણ સાવ એકલા એકલા? હા..સાથે તમારા જેવી સુંદર યુવતીનો સથવારો હોય તો આ સૂમસામ જગ્યાએ આવવાનો ફાયદો ખરો...'

' શટ અપ...'

'સોરી..સોરી.. જસ્ટ જોકીંગ...પણ હા..છેલ્લી ઘડીએ થયેલી આ મજાની મુલાકાત બદલ આપનો આભાર માનું કે ઇશ્વરનો?'

'તમે ઇશ્વરમાં માનો છો?'

' કેમ તમે નથી માનતા?'

'માનું છું..પણ.....'

'તો પછી વચ્ચે પણ કેમ આવ્યો?'

'ક્યારેક એના અસ્તિત્વ અંગે શંકા જાગે ખરી.'

'ક્યારે? આપણું ધાર્યું બધું ન થાય ત્યારે?'

યુવતી મૌન રહી. થોડી પળ યુવક સામે જોઇ રહી.

'જવા દો..એ અંતહીન ચર્ચા.. પણ. તમે તો પુરુષ છો..તમારે વળી મરવાની જરૂર કેમ પડે?'

'કેમ? દુઃખી હોવાનો ઇજારો સ્ત્રીઓએ જ રાખ્યો છે..અમને કોઇ દુઃખ હોય જ નહીં..એવું માનો છો?'

'આપણા પુરુષપ્રધાન સમાજમાં સહન કરવાનું મોટે ભાગે સ્ત્રીઓને જ આવતું હોય છે.. તેથી..'

'હશે. એ તમારી અંગત માન્યતા છે. અંતિમ સમયે કોઇ વાદ વિવાદમાં ઉતરવાની મને પણ ઇચ્છા નથી.ચાલો, હું તમને મરવાની પરફેક્ટ જગ્યા બતાવું. તમે ઇચ્છો તો મારી સાથે..જ ઝંપલાવી શકો છો.એકથી બે ભલા.જીવનમાં સારી કંપની ન મળી તો વાંધો નહીં.મરતી વખતે સારી કંપની મળે એ પણ નસીબની વાત છે ને ? આમ પણ જીવનના હમસફર તો બધાને મળે..મોતના હમસફર કોને મળે? એકલા એકલા મરવાની મજા ન આવત. હવે તો તમારા જેવો સંગાથ મળી જવાથી મૃત્યુની યે મજા જ મજા...'

'પણ..તમારે વળી એવું કયું દુઃખ આવી ગયું કે મરવા સુધી પહોંચી ગયા..? '

યુવતીનું આશ્ચર્ય હજુ શમ્યું નહોતું. કોઇ પુરુષને દુઃખ હોય ને તે આમ મરવા નીકળે એ કદાચ માન્યામાં નહોતું આવતું.

'જવા દો..મેં કહ્યું ને મને પણ કોઇ ચર્ચામાં રસ નથી. દુઃખના નગારા શા માટે વગાડવા? જોકે મારા મરવાથી મમ્મી ચોક્કસ રડશે...કે પપ્પાને પણ દુઃખ તો બહુ થશે. પણ શું થાય? અને આમ પણ મારે એ થોડું જોવું પડશે? મર્યા પછી કંઇ દેખવું યે નહીં ને દાઝવું યે નહીં...જેને જે થવું હોય તે થાય.. લો..આ ચ્યુઇંગમ ખાશો ? આપણી આ અંતિમ મુલાકાતની એક સહપ્રવાસી તરીકેની અંતિમ ભેટ..'

'એક નંબરના સ્વાર્થી... તમારે જોવાનું નથી...એટલે મમ્મી રડે કે પપ્પા...ચાલે એમ જ ને?'

'આ તમે કહો છો? તમે?'

યુવતી મૌન રહી... કોઇ વિચારમાં કે... યુવકે ખીસ્સામાંથી ચ્યુંગમ ગમ કાઢીને યુવતી તરફ લંબાવી..

'જવા દો. એ બધા ફાલતુ વિચારો. એમ બધાના વિચાર કરવા બેઠા તો મરી રહ્યા...લો..આ ચ્યુઇંગમ ખાવ...

'મરતી વખતે વળી ચ્યુઇંગમ? ખરા છો તમે પણ....'

'ચ્યુઇંગ ગમ મને અતિ પ્રિય છે..તમે એને એક જાતનું વ્યસન કહી શકો લો...આત્મહત્યા કરનારે તો પોતાની આખરી ઇચ્છા પણ જાતે જ પૂરી કરવી રહી ને...'

'આજની આ અંતિમ ચ્યુઇંગ ગમ..લો..તમે પણ...'

લેવી કે ન લેવી? યુવતી એકાદ ક્ષણ કોઇ અવઢવમાં લાગી.

'અરે, ચ્યુઇંગ ગમ જ છે કોઇ ઝેર નથી..જોકે ઝેર હોય તો પણ હવે તમને કે મને શો ફરક પડે છે? ઊલટું આપણે કૂદવાની જરૂર નહીં પડે.'

યુવતીએ ચ્યુઇંગ ગમ લીધી.મોંમાં મૂકી.

'સાલ્લું કૂદવા માટે આમ તો ખાસ્સી હિંમતની જરૂર પડે નહીં ? મને તો થોડી બીક લાગે..તમને બીક નથી લાગતી ?'

'મરવું જ હોય એને વળી બીક શાની?'

'મને તો. તો યે ડર લાગે છે. કેટલું વાગશે.કયાં વાગશે? પડતાની સાથે જ કંઇ જીવ નીકળી જ જશે એની કોઇ ગેરંટી થોડી છે? પડ્યા પછી થોડી વાર પણ જીવી ગયા તો.? બાપ રે..કેવું દુઃખવાનું? મરતા પહેલા યે સાલ્લી પીડા સહન કરવાની... મરવાની બીજી કોઇ આસાન રીત નહીં હોય? આત્મહત્યા કરવાના એક હજાર અને એક સરળ ઉપાય. એવી કોઇ ચોપડી વિશે સાંભળ્યું હતું. તમે એ ચોપડી વિશે સાંભળ્યું છે?'

યુવતીએ માથું ધૂણાવ્યું.

'મેં પણ ખાલી સાંભળ્યું જ છે. વાંચી નથી. નહીંતર વધારે સારો, સરળ અને ખાતરીબંધ ઉપાય સૂઝયો હોત.પણ એ અહીં નથી મળતી.આવું બધું લખવાનું વિદેશી લેખકોને જ સૂઝે..જોકે જવા દો..હવે એ બધા માટે આમ પણ બહુ મોડું થઇ ગયું છે. હવે તો ચાલો...યાહોમ કરીને પડો.'

યુવતીએ કશો જવાબ ન આપ્યો. ચૂપચાપ યુવક સામે જોઇ રહી. યુવકની નજર સામે દેખાતા સૂર્ય તરફ મંડાઇ હતી.

યુવતી તરફ જોતા તેણે ધીમેથી પૂછ્યું.

'પાંચેક મિનિટ બેસવું છે? રાહ જોવી છે?'

'રાહ શેની ?'

'આ સૂરજ મહારાજ અંતર્ધ્યાન થાય તેની. જુઓ સામે અસ્ત થવાની તૈયારી ચાલી રહી છે. કાલે ઊગતો સૂરજ ભલે ન જોઇ શકીએ. આથમતો સૂરજ હી સહી. જોકે આથમતો. એ પણ આપણો એક ભ્રમ માત્ર જ ને? કયાંક આ જ સૂર્ય આ ક્ષણે ઊગતો હશે. આમ પણ જુઓ ને. સૂરજ તો રોજ એક જ. પણ સવાર તો રોજ અલગ જ ને? ક્યારે કઇ સવાર. કેવો રંગ લાવે એ કોણ કહી શકે? આથમતો સૂરજ કદાચ માનવીને ફિલસૂફ બનાવી દેતો હશે નહીં? જુઓ...જુઓ.. વાહ.જતા જતા યે કેવો રંગવૈભવ વેરી રહ્યો છે નહીં?

યુવકે સામે આંગળી ચીંધી. યુવતીએ તે તરફ નજર કરી. આકાશમાં સંધ્યાની લાલિમા પ્રસરતી જતી હતી.પર્વતની પેલે પાર અદ્‌ભુત દ્રશ્ય સર્જાયું હતું.

'ચાલો, આપણે આપણા ઇરાદાને આખરી અંજામ આપીશું ? રેડી ? વન..ટુ..થ્રી...કરીશું ? સાથે કે વારાફરથી?

યુવતીએ કશો જવાબ ન આપ્યો. ફરી થોડી ક્ષણો મૌનનું આવરણ ઓઢીને બંને ચ્યુઇંગ ગમ ચગળતા રહ્યા..

ક્ષિતિજ પરથી ધીમે ધીમે સૂર્ય આંખોથી ઓઝલ થતો રહ્યો. માળામાં પાછા ફરતા પંખીઓએ ઝાડવે ઝાડવે કલરવના દીવા પ્રગટાવ્યા. અઢળક ટહુકાઓ ખીણમાં પડઘાઇ રહ્યા. અચાનક યુવતી ધીમેથી બોલી ઊઠી..

'થેંકસ.મને બચાવવા માટે..ક્ષણિક આવેશમાંથી ઉગારવા માટે..'

'અરે, હું કંઇ તમને બચાવવા માટે થોડો જ. હું તો પોતે...'

વાકય પૂરું થાય એ પહેલા જ...

'આઇ એમ સ્યોર..તમે અહીં આત્મહત્યા માટે નહોતા જ આવ્યા.'

ઝાંખાપાંખા અજવાસમાં યુવકના ચહેરા પર સ્મિતની આછેરી લહેરખી ઉડાઉડ.યુવતીની આંખોમાં દીપ ઝળાહળા... ઝાડવાઓ કલબલાટથી ખીણ ગજવી રહ્યા.

(સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| વગર | PROMISE |
| વકરો | WITHOUT |
| વખત | WIFE |
| વચન | CASH |
| વનિતા | TIME |

### ઓળખાણ પડી?

ઘઉંનો લોટ, ઘી, સાકર, કાજુ અને એલચીના વપરાશથી તૈયાર કરાતી શ્રીલંકાની મીઠાઈની ઓળખાણ પડી?



અ) Muchang બ) Musket Nut ક) Kitul Palm ડ) Mung Kavum

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ્યા | ૨ ક | ૩ ર | ણ | ■ | ૪ ક | રો | ૫ ડ | પ | ૬ તિ |
| ૭ સ | મ | જુ | ■ | ૮ લો | મ | ■ | ર | ■ | ક |
| ૯ પી | ર | ■ | ૧૦ અ | ક | ળા | ૧૧ મ | ણ | ■ | ડ |
| ૧૨ ઠ | પ | ૧૩ કો | ■ | પ્રિ | ■ | હે | ■ | ૧૪ જ | મ |
| ■ | ૧૫ ટો | પ | ■ | ૧૬ ચ | ૧૭ થે | ચ્છ | ■ | ૧૮ ગ | બા |
| ૧૯ મ | ■ | ૨૦ રુ | ૨૧ પ | ■ | પ | ■ | ૨૨ પ | તી | જ |
| ૨૩ નો | ૨૪ રો | ■ | ૨૫ છી | ૨૬ પ | લું | ■ | સા | ■ | ■ |
| ૨૭ રં | ગી | ૨૮ ન | ■ | રા | ■ | ૨૯ વા | ર | ૩૦ દા | ૩૧ ત |
| જ | ■ | ગ | ■ | ૩૨ ભ | ૩૩ રો | સો | ■ | ૩૪ વ | ર |
| ૩૫ ન | ગ | ર | સે | વ | ક | ■ | ૩૬ સ | ત | ત |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | ■ | ૫-ક |
| ૬ | | | ■ | ૭ | | ■ | ૮ | ૯ | |
| | ■ | ■ | ૧૦ | | | ■ | ૧૧ | | ■ |
| ૧૨ | ૧૩ | | | | ■ | ૧૪ | ■ | ■ | ૧૪-ક |
| ■ | | ■ | | ■ | ૧૫ | | | ૧૬ | ■ |
| ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | | | ■ | ૧૯-ક | ૧૯-ખ |
| | ■ | ૨૦ | | | | ■ | ૨૧ | | |
| ૨૨ | ૨૩ | | ■ | | ■ | ૨૪ | | | ■ |
| ■ | | ■ | ૨૫ | | ■ | | ■ | ■ | ૨૫-ક |
| ૨૬ | | | | ■ | ૨૭ | | | | |

**આડી ચાવી**

૧. સિંહ જેવો અવાજ (૪)
૪. સિંહનો અવાજ (૩)
૬. હાજર હોવું તે (૩)
૭. નસીબ, છિદ્ર, વ્રણ (૨)
૮. કુશળ, માહિતગાર (૩)
૧૦. નિર્દોષ ગભરુ સફેદ પ્રાણી (૩)
૧૧. પ્રભાત, સવાર (૨)
૧૨. ઠગવું, ખાડામાં ઉતારવું (૫)
૧૪-ક. બી કાઢી લીધેલો કપાસ (૧)
૧૫. સંયોગ મેળાપ, સંવનન (૪)
૧૭. ટીકા, સૂચના, વક્રોક્તિ (૩)
૧૯. બિલાડીનો અવાજ (૩)
૧૯-ક. મારી --- ઉતારો રાજ - ગુ. ફિલ્મ (૨)
૨૦. --- માટી સૌંદર્ય પ્રસાધનમાં આવે (૪)
૨૧. ટેક્ષ, કર, દાણ (૩)
૨૨. --- તારી મા કહેશે, અમે કાનૂડો કહીશું (૩)
૨૪. અસીમ (૩)
૨૫. તારતમ્ય (૨)
૨૬. પંખીઓનો અવાજ (૪)
૨૭. તુલના, બરાબરી (૫)

**ઊભી ચાવી**

૧. રાજા, દેવ કે આચાર્યનું આસન (૪)
૨. મક્કાની જાત્રા (૨)
૩. સ્ત્રી (૨)
૪. પગલું (૩)
૫. કમાનાર (૩)
૫-ક બીક, ભય (૨)
૭. કૂતરાનું બોલવું (૩)
૯. ઘોડાની હણહણાટી (૨)
૧૦. વાછડાવાળું (૩)
૧૩. સ્ત્રીઓને --- બહુ પડે (૩)
૧૪. ભળી જાઉં, ઓગળી જાઉં (૩)
૧૫. શાણી સ્ત્રી (૩)
૧૬. સુગંધ ફેલાવવી તે (૪)
૧૭. કોયલનો અવાજ (૩)
૧૮. હાસ્ય ઉપજાવે એવું (૩)
૧૯. સંક્ષિપ્ત, ટૂંકું (૪)
૧૯-ખ આદત, ટેવ (૨)
૨૧. માથાકૂટ, જુલમ (૨)
૨૩. અનુકરણ (૩)
૨૪. ફરે નહીં એવું (૩)
૨૫. તદ્દન, બિલકુલ, સંપૂર્ણપણે (૨)
૨૫-ક. પત્તાંની રમતમાં ૧૨મું પાનું (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'સુષુપ્ત કંઈ ઊર્મિઓ પલકમાં જગાડી હતી' પંક્તિમાં 'ઊર્મિ' શબ્દનો અર્થ જણાવો.

અ) આંખો બ) રોષ ક) હાસ્ય ડ) લાગણી

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ NYCTOPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) વિમાન બ) અંધારું ક) વરસાદ ડ) સિંહ

### માતૃભાષાની મહેક

સમય એટલે કાળ અથવા વખત. સમય ઓળખવો જોવો એટલે પ્રસંગ કે સંજોગ બરાબર સમજવો કે જાણવો. સમય થવો એટલે કોઈ કામ કરવા માટેનો નિયત કે યોગ્ય વખત થવો. સમય ભરાઈ જવો એટલે અવકાશ ન રહેવો, વખત પૂરો થઈ જવો. અંત સમય નજીક આવવો, મૃત્યુ નજીક આવવું.

### ઈર્શાદ

મોતની તાકાત શી મારી શકે? જિંદગી તારો ઈશારો જોઈએ,
જેટલે ઊંચે જવું હો માનવી, તેટલા ઉન્નત વિચારો જોઈએ.
- 'શૂન્ય' પાલનપુરી

### સુડોકુ-૯૦૫૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | ૪ | | | | |
| | ૪ | ૯ | | | | ૧ | | |
| | | ૨ | | ૭ | ૬ | ૯ | | |
| ૯ | | | ૬ | | | | | ૫ |
| | ૨ | ૮ | | | | ૬ | ૩ | |
| ૪ | | | | | ૫ | | | ૭ |
| | | ૭ | ૨ | ૯ | | ૩ | | |
| | | ૩ | | | | ૭ | ૪ | |
| | | | | ૮ | | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૫૦

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | ૯ | ૮ | ૬ | ૧ | ૩ | ૨ | ૪ |
| ૪ | ૨ | ૬ | ૯ | ૭ | ૩ | ૧ | ૫ | ૮ |
| ૩ | ૮ | ૧ | ૪ | ૫ | ૨ | ૬ | ૭ | ૯ |
| ૨ | ૯ | ૫ | ૩ | ૮ | ૪ | ૭ | ૬ | ૧ |
| ૧ | ૬ | ૩ | ૭ | ૯ | ૫ | ૮ | ૪ | ૨ |
| ૭ | ૪ | ૮ | ૨ | ૧ | ૬ | ૯ | ૩ | ૫ |
| ૬ | ૧ | ૪ | ૫ | ૩ | ૯ | ૨ | ૮ | ૭ |
| ૯ | ૫ | ૭ | ૬ | ૨ | ૮ | ૪ | ૧ | ૩ |
| ૮ | ૩ | ૨ | ૧ | ૪ | ૭ | ૫ | ૯ | ૬ |

### માઈન્ડ ગેમ

સૌથી વધુ ગગનચુંબી ઈમારત ધરાવતું વિશ્વનું કયું શહેર 'સિટી ઓફ સ્કાયસ્ક્રેપર્સ' તરીકે પ્રખ્યાત છે એ કહી શકશો?

અ) લંડન બ) કુઆલા લમ્પુર ક) હોંગકોંગ ડ) એડન

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| અગર | SALT PAN |
| અધર | LIP |
| અમર | IMMORTAL |
| અવર | OTHER |
| અસર | EFFECT |

માઈન્ડ ગેમ
Sanremo

ઓળખાણ પડી?
મખાણા

ગુજરાત મોરી મોરી રે
ઝવેરાત

ચતુર આપો જવાબ અર્થ જણાવો
સર્વોચ્ચ સ્થિતિ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) સુભાષ મોમાયા (૩) મુલરાજ કપૂર (૪) ભારતી બુચ (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) નીતા દેસાઈ (૭) તાહેર ઔરંગાબાદવાલા (૮) શીરીન ઔરંગાબાદવાલા (૯) અબ્દુલ્લા એફ. મુનીમ (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) પુષ્પા પટેલ (૧૨) પ્રવીણ વોરા (૧૩) જ્યોત્સના ગાંધી (૧૪) રમેશ દલાલ (૧૫) હિના દલાલ (૧૬) ઈનાક્ષી દલાલ (૧૭) લજિતા ખોના (૧૮) મીનળ કાપડિયા (૧૯) હર્ષા મહેતા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નિખિલ બંગાળી (૨૩) અમીશી બંગાળી (૨૪) નુતન વિપીન શાહ (૨૫) અલકા વાણી (૨૬) મહેન્દ્ર લોઢાવિયા (૨૭) અંબરીષ ઓઝા (૨૮) વિણા સંપટ (૨૯) દેવેન્દ્ર સંપટ (૩૦) મહેશ દોશી (૩૧) જયવંત પદમશી ચિખલ (૩૨) ભાવના કર્વે (૩૩) અંજુ ટોલિયા (૩૪) કિશોર સંઘરાજકા (૩૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૭) ડાયના સંતોકે (૩૮) પુષ્પા ખોના (૩૯) નિતિન જયંતીલાલ બજરિયા (૪૦) અરવિંદ કામદાર (૪૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) હરીશ મનુભાઈ ભટ્ટ (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટિકિયા (૪૬) ધીરેન ઉદેશી (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિમા પમાણી (૪૯) દિલીપ પરીખ (૫૦) કમલ મટલીયા (૫૧) મહેશ સંઘવી

feedback@bombaysamachar.com
સ્વાસ્થ્ય સુધા
શ્રીલેખા યાજ્ઞિક

# અગ્રગન્ધા કે અજમો દેખાવે નાનો અમથો છતાં છે ગુણોનો ભંડાર!



ભારતીય રસોડામાં હંમેશાં હાથવગાં રહેતાં અજમાની ગણના આયુર્વેદમાં ઔષધી તરીકે કરવામાં આવી છે. અજમો કઈ વાનગીમાં વાપરવો જોઈએ તેનું એક આખું રસોઈ કે પાકકલા શાસ્ત્ર છે. અજમો શિયાળામાં બનતાં સ્વાદિષ્ટ ઊંધિયામાં અચૂક ઉમેરવામાં આવે છે. ફરસી પૂરી, મસાલા ભાખરી, ચોખાનું ખીચું કે ભજિયાનું ખીરું બનાવતી વખતે અજમો હાથેથી મસળીને ઉમેરવાથી તે વધુ સ્વાદસભર બને છે. ગુવાર-કોળું હોય કે વાલોળ-રીંગણનું શાક હોય અજમાનો ઉપયોગ વઘારમાં અચૂક કરવામાં આવે છે. ગુજરાતી ઘરોમાં રવિવારના બપોરના ભોજનમાં હલકી-ફૂલકી દાળ-ઢોકળી બનાવવામાં આવતી હોય છે. ઢોકળીના લોટમાં તથા દાળના વઘારમાં અજમાનો ઉપયોગ ખાસ કરવામાં આવતો હોય છે. તેથી જ તો આપણી દાળ-ઢોકળીનો સ્વાદ પૂરા વિશ્વમાં ખ્યાતિ પામ્યો છે. ભાવનગરી ગાંઠીયા હોય કે તીખી સેવ અજમાનો ઉપયોગ અચૂક કરવામાં આવે છે. ટૂંકમાં કહીએ તો ચણાના લોટની વાનગી કે મેંદાની વાનગીમાં અજમાની હાજરી હોવી આવશ્યક ગણાય છે. જેમ કે સમોસાના બહારી પડમાં અજમો અચૂક ઉમેરવામાં આવે છે. અજમા માટે એવું કહેવાય છે કે 'નાનું અમથું બીજ અનેક પ્રકારના અનાજને પચાવી શકે તેટલાં ગુણો ધરાવે છે.'

અજમાનો ઉપયોગ ભારતમાં હજારો વર્ષથી થતો આવ્યો છે. ભોજનની સાથે ઔષધી તરીકે તે ઘણો જ ઉપયોગી ગણાય છે. અજમાનો ઉપયોગ ફક્ત મસાલા તરીકે જ નહીં, પરંતુ ચૂર્ણ, કાઢો તથા તેલ બનાવીને કરી શકાય છે.

એક સમયે દાદી-નાની શિશુ રડવા લાગે ત્યારે પેટ ઉપર અજમો લસોટીને લગાવવાનું કહેતાં હતાં. વયસ્ક વ્યક્તિને ભારી ભોજન બાદ આફરો ચઢે કે પેટમાં ચૂંક આવે ત્યારે ૧ ચમચી અજમો- ચપટી મીઠાં સાથે ફાંકી લેવાની સલાહ દેવામાં આવતી. શરદી-સળેખમ-કફ વગેરે સમસ્યામાં અજમાને શેકીને એક પોટલીમાં બાંધીને છાતી ઉપર હળવે હાથે શેક કરવામાં આવતો. પ્રસૂતિ બાદ માતાને માટે ખાસ તૈયાર થતાં મુખવાસમાં અજમો અચૂક ઉમેરવામાં આવતો હોય છે. વળી માતા-શિશુની માલિશમાં ઉપયોગમાં લેવાતા તલના કે નાળિયેરના તેલમાં અજમો ભેળવીને ઉકાળ્યા બાદ તે તેલને ગાળી લેવામાં આવતું. જે બંને માટે અત્યંત લાભકારી ગણાતું. છાતીમાં બળતરાં, ગેસ, અપચાની સમસ્યામાં અજમો ઉકાળીને તેનું પાણી ધીમે ધીમે પીવાથી ત્વરિત આરામ મળે છે. હાલમાં ઉપરોક્ત નુસખા વિસરાતા જઈ રહ્યા છે. હા, 'ગૂગલ દાદીમા'ને પૂછીને નવા જમાનાની માતા ક્યારેક ઉપરોક્ત પ્રયોગ અજમાવતી જોવા મળે છે ખરી!

અજમાને ભારતની વિવિધ ભાષામાં અલગ-અલગ નામે ઓળખવામાં આવે છે.

જેમ કે સંસ્કૃતમાં અજમોદિકા, દીપ્યા કે અગ્રગન્ધા, હિન્દીમાં અજવાઈન કે જબાયન, તમિળમાં ઓમુમ, તેલુગુમાં વામુ, મલયાલમમાં અજવાણ, મરાઠીમાં અજમા કે યાયવાન, બંગાળીમાં યમાની, નેપાળીમાં જ્વાનો કહેવામાં આવે છે.

## અજમાના સ્વાસ્થ્યવર્ધક ગુણો :

**શ્વસન સંબંધિત સમસ્યામાં ગુણકારી :** અજમામાં ઍન્ટિ-ફંગલ, ઍન્ટિ-બેક્ટેરિયલ તથા ઍન્ટિ-ઈન્ફ્લેમેટરી ગુણો હોય છે. અજમામાં કાર્વાકોલ નામક તેલ હોય છે. અજમાનો કાઢો પીવાથી ગળામાં કફ ભરાઈ ગયો હોય તે બહાર નીકળે છે. તેથી શ્વસન સંબંધિત તકલીફમાં અજમાનો ઉપયોગ અક્સીર ગણાય છે. ૧ ચમચી અજમાને ૨ ગ્લાસ પાણીમાં ઉકાળી લેવો. ત્યારબાદ તે પાણીમાં ૧ નાની ચમચી લીંબુનો રસ ભેળવવો સ્વાદાનુસાર સંચળ ભેળવીને ધીમે ધીમે સવાર-સાંજ પીવાથી શ્વસન સંબંધિત તકીલફમાં રાહત મળે છે.

**પાચનશક્તિને સુધારવામાં ગુણકારી :** અજમાને આયુર્વેદમાં પાચનશક્તિને મજબૂત બનાવતી ઔષધિ તરીકે ઓળખવામાં આવે છે. ભોજન બાદ અજમો ફાંકી લેવાથી પાચન ઝડપથી થવા લાગે છે. અપચાની તકલીફથી છુટકારો મેળવી શકાય છે.

**તંદુરસ્ત દાંત માટે લાભકારી :** અજમામાં થાયમોલ નામક ઍન્ટિ-બેક્ટેરિયલ ગુણ છે જે મોં તથા દાંતના સ્વાસ્થ્યને સુધારવામાં મદદ કરે છે. અજમો ફાંકી જવાથી કે અજમાનું પાણી નિયમિત પીવાથી મોંમાં કે દાંતની વચ્ચે રહેલાં જીવાણુ વધતાં અટકે છે. અજમામાં ઍન્ટિ-કૈરોજેનિક ગુણ સમાયેલાં છે.

**હૃદય માટે લાભકારી :** અજમામાં પોટેશિયમ, ફૉલિક એસિડ, ફાઈબર સમાયેલું છે. જે હૃદયની તંદુરસ્તી માટે લાભકારી ગણાય છે. ફૉલિક એસિડ વિટામિન બીનો એક પ્રકાર ગણાય છે. જે હૃદયરોગના જોખમને ઘટાડે છે. વળી કૉલેસ્ટ્રોલને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

**સાંધાના દુખાવામાં લાભકારી :** સામાન્ય રીતે અનેક વખત વય વધવાની સાથે સાંધામા કળતરની ફરિયાદ વડીલો કરતાં હોય છે. આવા સમયે અજમાનો ઉપયોગ કરવો લાભકારી બની રહેશે. અજમાનું વિવિધ રીતે સેવન કરવાથી સાંધામાં થતાં કળતરમાં રાહત મેળવી શકાય છે.

**ઊંઘ ન આવવાની તકલીફમાં ગુણકારી :** આજકાલ માનસિક તણાવને કારણે વ્યક્તિ અનિંદ્રાની તકલીફ વારંવાર અનુભવતી હોય છે. જે ખરાબ પાચનનો સંકેત આપે છે. અજમામાં થાઈમોલ કમ્પાઉન્ડ સમાયેલું છે. જે પેટમાંથી ગેસ બહાર કાઢીને એસિડની સમતુલા જાળવી રાખવામાં મદદ કરે છે. તેથી ઊંઘ ન આવતી હોય તેવા સંજોગોમાં અજમો ફાંકવો કે અજમાનો કાઢો બનાવીને પીવાથી ગહેરી નિંદર આવશે.

**વજનને ઘટાડવામાં ગુણકારી :** મોટાપો આજના યુગની મોટી સમસ્યા ગણાય છે. મોટાપાથી બચવું હોય તેમણે ઘરેલુ નુસખા અચૂક અપનાવવા જોઈએ. જેમાં અજમાનો ઉપાય કારગર કહેવાય છે. ભોજન બાદ અજમાનું સેવન કરવાથી પાચન સંબંધિત પ્રત્યેક તકલીફમાં રાહત મળે છે. પાચનક્રિયા સુધરવાથી શરીરમાં જમા થયેલી ચરબી ફટાફટ ઘટવા લાગે છે. ભૂખને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. અજમાનો ઉપયોગ વિવિધ રીતે કરી શકાય છે. અજમાનો કાઢો બનાવીને નિયમિત પીવાથી ગેસ-અપચો-આફરા જેવી તકલીફથી કાયમી છુટકારો મેળવી શકાય છે. ■

### અજમાનો કાઢો બનાવવાની રીત



**કાઢાના મિશ્રણની સામગ્રી :** ૨૫૦ ગ્રામ અજમો, ૪ લીંબુનો રસ, સ્વાદાનુસાર સંચળ ૩ ગ્લાસ પાણી (૪ વ્યક્તિ માટે)

**બનાવવાની રીત :** સૌ પ્રથમ અજમો બરાબર સાફ કરી લેવો. એક મોટી થાળીમાં અજમો લેવો. તેમાં ૪ લીંબુનો રસ કાઢીને ભેળવી દેવો. સ્વાદાનુસાર સંચળ ભેળવવું. લીંબુનો રસ અજમામાં ભળી જાય ત્યાં સુધી થોડી થોડી વારે ભેળવવું. પંખા નીચે અથવા સૂર્યપ્રકાશમાં અજમાની થાળી રાખવી જેથી અજમો બરાબર સૂકાઈ જાય. બરાબર સૂકાઈ જાય ત્યારબાદ તેનો મિક્સરમાં પીસી લેવું. મિશ્રણને કાચની બોટલમાં ભરી લેવું. મિશ્રણ ૨-૩ માસ સુધી વાપરી શકાય છે.

કાઢો બનાવવા માટે : ૪ ગ્લાસ પાણીને ગરમ કરવા મૂકવું. પાણી ગરમ થાય એટલે ગેસ બંધ કરી દેવો. પાણીમાં અજમાનું તૈયાર કરેલું મિશ્રણ ૩ ચમચી ભેળવવું. બરાબર ભેળવીને ૪ ગ્લાસમાં કાઢીને ગરમાગરમ કાઢો વરસાદી મોસમમાં ધીમે ધીમે પીવો. સ્વાસ્થ્યની સાથે શરીરમાં તાજગી અનુભવાશે.

feedback@bombaysamachar.com
આરોગ્ય પ્લસ
સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# શું છે નિરોગી જીવનના ત્રણ સ્થંભ...?

નિરોગી જીવનના ત્રણ સ્થંભ છે :

આહાર- ઊંઘ- વ્યાયામ...

આમાંથી આહાર વિશે આપણે ગયા અઠવાડિયે સવિસ્તર વાત કરી હતી. હવે આ વખતે એ વાત આગળ ચલાવીએ...

વ્યવસ્થિત ચાવીને જમેલો આહાર અંદાજિત બે કલાકની અંદર પાચન થઈ જાય છે. અને તેને પચાવવા પાચનતંત્રને નહિવત બોજ (અંદાજે ૧૫%) પડે છે. જ્યારે તે જ આહારને ચાવીને ન જમવાથી આહારનું પાચન થતા ઓછામાં ઓછા ૩ થી ૪ કલાક થાય છે, અને તેને પચાવવા પાચનતંત્રને ખૂબ જ બોજ (૭૦થી ૮૦%) પડે છે.

આપણે ચાવીને જમવાના ફાયદાઓથી સારી રીતે વાકેફ છીએ, છતાં પણ તે સારી આદતને કેમ અપનાવી શકતા નથી, તેનાં અમુક કારણ અહીં દર્શાવ્યા છે,જેમકે...

૧) માણસના મનમાં એવું હોય છે કે, 'ચાવીને જમવાથી મારો સમય બગડશે.' પરંતુ તે ખૂબ જ ખોટી માન્યતા છે. અને આ માન્યતાના કારણે માણસ ચાવ્યા વગર જરૂરિયાત કરતાં વધારે કે ઓછું જમી લેતા હોય છે. આપણા મગજને અને પેટને વેગસ તંત્ર દ્વારા જોડાણ છે. જ્યારે મુખમાં પ્રથમ કોળિયો મૂકીએ ત્યારથી લઈને ૧૫થી ૨૦ મિનિટ સુધીમાં મગજ પેટને એ તંત્ર દ્વારા સંદેશો પહોંચાડે છે કે, 'હવે શરીરને વધુ આહારની જરૂર નથી.' તેથી આપણને તૃપ્તિનો અહેસાસ થવા લાગે છે. આ રીતે ૧૫થી ૨૦ મિનિટ પછી જ સંદેશો મળતો હોવાથી ઓછામાં ઓછું ૧૫ મિનિટ સુધી યોગ્ય માત્રામાં વ્યવસ્થિત ચાવીને જમવું જોઈએ, પરંતુ જો ઉતાવળમાં જમીએ તો પણ મગજ તો ૧૫ મિનિટ પછી જ તૃપ્તિના અહેસાસનો સંકેત આપશે તેથી ૧૫ મિનિટમાં આપણે જરૂરિયાત કરતાં વધુ જમી લેશું. આમ જો હંમેશાં જરૂર કરતાં વધારે જ જમીશું તો લાંબા સમયે તે શરીર માટે નુકસાનકર્તા નીવડશે.

૨) સ્વાદઃ

આપણે સ્વાદનું સુખ માણવા જ મોટા ભાગે જરૂરિયાત કરતાં વધારે જમતા હોઈએ છીએ. તેમ જ જેમ જેમ ચાવીએ તેમ તેમ અન્નમાંથી રસ ઓછો થતા સ્વાદ માણી શકાતો નથી. તેથી સ્વાદના લોભમાં પૂરતું ચાવ્યા વિના જ ટૂંક સમયમાં જ વધારે જમી લઈએ છીએ.

૩) શરમઃ

ઘણીવાર સાથે જમવા બેઠેલા બીજા મિત્રો વહેલા ઊભા થઈ જવાથી આપણે શરમને કારણે ચાવ્યા વિના જ જમીને વહેલા ઊભા થઈ જઈએ છીએ. માટે આપણે સહુ આજથી જ વ્યવસ્થિત ચાવીને જમવાનું શરૂ કરીશું તો આહાર જ ઔષધ બની જશે.

**૪ ) જમતી વખતે પાણીઃ**

પાણી પીવું હોય તો તો ભોજનની ૪૫ મિનિટ પહેલાં પીવું, ભોજન સમયે ખૂબ જ ઓછું અને ભોજન બાદ ૨ કલાક પછી પાણી પીવું.

જ્યારે પણ પાણી પીવાની વાત આવે ત્યારે આપણા મનમાં સ્ફૂરી આવે છે કે, 'પાણી ખૂબ જ પીવું જોઈએ.' અને આ માન્યતાને લીધે આપણને જમતી વખતે પણ વારંવાર પાણી પીવાની ટેવ પડી ગઈ હોય છે. વળી, કોઈકને તો જમતી વખતે છાશ જેવા પ્રવાહી વધારે માત્રામાં પીવાની ટેવ હોય છે. આમેય, ઉનાળા જેવી ઋતુમાં તો થોડું જમીને અડધું પેટ પ્રવાહીથી ભરી દઈએ છીએ. એ ખરું કે પાણી ખૂબ જ પીવું જોઈએ, પરંતુ 'ક્યારે પીવું અને ક્યારે ન પીવું,' તે જ્ઞાન જો આપણને ન હોય તો તે સ્વાસ્થ્યને ખૂબ જ નુકસાન પહોંચાડે છે.

આયુર્વેદમાં કહ્યું છે કે : 'જમ્યા પહેલાં પાણી પીવાથી જઠરાગ્નિ મંદ પડી જાય છે તેથી જમેલો ખોરાક પચતો નથી અને શરીર નિર્બળ રહે છે. અડધું જમી રહ્યા પછી થોડું (૧ થી ૨ ઘૂંટડા) પાણી પીવાથી ધાતુઓ યોગ્ય પ્રમાણમાં રહે છે. અને ભોજનને અંતે પાણી પીવાથી પેટમાં કફની વૃદ્ધિ થાય છે અને તેનાથી શરીર સ્થૂળ રહે છે...જેમ ચૂલામાં પાણી નાથવાથી અગ્નિ ઓલાઈ જાય છે તેમ જ જમતી વખતે વધારે પાણી પીવાથી જઠરાગ્નિ મંદ પડી જાય છે.

જમતી વખતે વધારે પાણી પીવાથી રોગત્પત્તિ કેવી રીતે થાય છે, તેની સાંકળ અહીં દર્શાવ્યું છે...

જમતા સમયે વધુ પાણી લેવાથી → જઠરાગ્નિ મંદ થઈ જાય છે અને પાચકરસો મોળા (Dilute) પડી જાય છે → પાચનશક્તિ નિર્બળ થઈ જાય છે --- પાચન થવામાં ખૂબ વાર લાગે છે → લાંબા સમય સુધી પેટમાં આહાર પડી રહે છે → અપચો, કબજિયાત, અજીર્ણ એસિડિટી જેવા અનેક રોગ ઉત્પન્ન થાય છે.

માટે હંમેશાં જમ્યા બાદ ૨ કલાક પછી જ પાણી પીવું જોઈએ.

**પાણી કઈ રીતે પીવું જોઈએ?**

ઘણા લોકોને એકસાથે જ બધું પાણી પી જવાની ટેવ હોય છે, પરંતુ તે સદંતર ખોટી રીત છે. જેમ આહારને ચાવીને જમવો જોઈએ તેવી જ રીતે પાણીને પણ લાળ ભળે તે રીતે ઘૂંટડે ઘૂંટડે શાંતિથી પીવું જોઈએ.



**શરીરને ફ્રીઝનાં ઠંડાં પ્રવાહીનું ગુલામ ન બનાવો**

ઘણા લોકો ઉનાળાની ધોમધખતી ગરમીમાં રાહત માટે, તો ઘણા લોકો એસીડીટી જેવી તકલીફમાં ફ્રીઝના ખૂબ જ ઠંડાં પ્રવાહી લેતા હોય છે. અમુક લોકોને તો બારેય માસ ફ્રીઝનું જ ઠંડું પાણી પીવાની ટેવ પડી ગઈ હોય છે, પરંતુ આ બધી કુટેવ છે.

ફ્રીઝનું ઠંડું પ્રવાહી શરીરને પચાવવું ખૂબ જ મુશ્કેલ પડે છે. કેમ કે, આપણે કાંઈ પણ જમીએ કે પીએ તેનું પાચન શરૂ કરતાં પહેલાં પેટને અમુક ગરમી ઉત્પન્ન કરવી પડે છે, પછી જ તેની પાચનક્રિયા શરૂ થાય છે.

જેમ મિસાઈલને આકાશમાં લોન્ચ કરતા પહેલાં તેને ખૂબ જ ગરમ કરવી પડે છે, તેવી જ રીતે આપણે કાંઈ પણ જમીએ કે પીએ તેનું પાચન શરૂ કરતાં પહેલાં પેટને અમુક ગરમી ઉત્પન્ન કરવી પડે છે.

જેટલું વધુ ઠંડું પ્રવાહી હોય તેટલી પેટને વધુ ગરમી ઉત્પન્ન કરવી પડે છે. અને તે વધારાની ગરમી ઉત્પન્ન કરવામાં આપણી ઘણી રોગપ્રતિકારક શક્તિ વપરાય જાય છે. એટલું જ નહિ, શરીરને તેના પાચન માટે વધારે એસિડ અને પાચકરસો છોડવા પડે છે. આ રીતે ફ્રીઝનું ઠંડું પ્રવાહી આપણને અપચો, કબજિયાત અને એસીડીટી જેવા અનેક રોગના શિકાર બનાવે છે.

આથી ફ્રીઝનાં ઠંડાં પાણીની જગ્યાએ માટલાનાં ઠંડાં પાણીનો ઉપયોગ કરવો. માટલાનું ઠંડું પાણી શરીરને નુકસાન કરતું નથી. કેમ જે, ફ્રીઝ અને માટલામાં પાણી ઠંડું થવાની પદ્ધતિ અલગ હોય છે. માટલાની અંદર માટીનાં જે તત્ત્વો પાણી ઠંડું થાય છે, તે તત્ત્વો પાચનતંત્રને નુકસાન કરતા નથી,જયારે ફ્રીઝ જે રીતે પાણીને ઠંડું કરે છે તે પાચનતંત્રને નુકસાન પહોંચાડી શકે છે.

નોંધઃ અહીં ફ્રીઝનો ઉપયોગ કરવાનો નિષેધ કરવામાં આવ્યો નથી. ફ્રીઝ તો માત્ર ખાદ્ય પદાર્થો બાહ્ય વાતાવરણ કરતાં વધુ સારા રહે તે માટે છે, નહિ કે પદાર્થોને ઠંડા કરીને વાપરવા માટે...ફ્રીઝનો સીધો જ આહાર માટે ઉપયોગ કરવામાં આવે તો તે પદાર્થની પોષકતા ખૂબ જ ઘટી જાય છે. માટે ફ્રીજના ખાદ્ય પદાર્થોનો ઉપયોગ કરવાનો હોય ત્યારે ૩૦ મિનિટ અગાઉ ફ્રીઝની બહાર કાઢીને પછી ઉપયોગમાં લેવા. આ વાત અનેક સંશોધનો દ્વારા પુરવાર થઈ છે.

**જીવન માટે ભોજન છે, ભોજન માટે જીવન નથી**

જીવવા માટે આહાર જરૂરી છે, પરંતુ આહાર જ જીવનનો હેતુ ન થઈ જવો જોઈએ. આહાર તો શરીરપોષણ કરવા માટે લેવાનો હોય છે, પરંતુ આજે આપણે આહારનો ઉપયોગ શરીરપોષણ કરવા કરતાં સ્વાદ માટે વધારે કરીએ છીએ. ભોજનમાં સ્વાસ્થ્ય કરતાં સ્વાદનું મહત્ત્વ વધી ગયું છે, પરંતુ અમુક જ એવા વિવેકી લોકો હોય છે કે, જેના ભોજનનો હેતુ સ્વાદ નથી હોતો, અને આથી જ તેઓ વધુ નિરોગી રહે છે.

બીજી તરફ, ભોગવૃત્તિથી ગ્રહણ કરેલો આહાર યોગ્ય રીતે પચતો નથી, તેનાથી પાચનતંત્રને ખૂબ જ કષ્ટ પડે છે. એટલું જ નહિ, ભોગવૃત્તિથી ગ્રહણ કરેલો આહાર આપણામાં કામ અને ક્રોધની વૃદ્ધિ કરે છે. તેમ જ આપણા સ્વભાવને વધારે ઉગ્ર બનાવે છે.

આપણે સફળતા જરૂર ઈચ્છીએ છીએ, પરંતુ તેમાં નડતરરૂપ બાબતોનો ત્યાગ કર્યા વિના! તેવી જ રીતે આપણને નિરોગી રહેવું પસંદ છે, પણ રસાસ્વાદનો ત્યાગ કર્યા વિના, પરંતુ તે શક્ય નથી. કેમ કે, સ્વાદ અને સ્વાસ્થ્ય એકસાથે રહી શકતા નથી માટે આજીવન સ્વસ્થ રહેવું હોય તો વધારે પડતા રસાસ્વાદનું સુખ છોડવું પડશે.

**કૃતજ્ઞભાવથી સ્મરણ કરતાં કરતાં જમવું**

ભગવાનની સ્મૃતિ સાથે કરેલું કોઈ પણ કાર્ય નિર્ગુણ થઈ જાય છે. આથી ભારત દેશના આધ્યાત્મિક ગ્રંથો હંમેશાં આપણી દરેક ક્રિયાને ભગવાન સાથે જોડવાનું શીખવે છે. તેથી આપણા પૂર્વજો જ્યારે પણ જમવા બેસતા ત્યારે હંમેશાં પરમેશ્વરની કૃતજ્ઞતા વ્યક્ત કરતાં હરિસ્મરણ સાથે જ જમતા હતા.

જોકે, આજે આપણે તદ્દન ઊલટું જ જીવી રહ્યા છીએ. આપણને મોટા ભાગે ટી.વી. જોતાં-જોતાં, ફોનમાં વાતો કરતાં-કરતાં અને કામનું પ્લાનિંગ કરતાં-કરતાં જ જમવાની કુટેવ પડી ગઈ છે. અને તેની આપણા પાચનતંત્ર ઉપર ખૂબ જ ખરાબ અસર થાય છે. જમતી વખતે ટીવી જોવાથી તેમાં આવતા રજોગુણી (સેક્સ સંબંધી) અને તમોગુણી (હિંસા, દ્વેષ, મારપીટ વગેરે સંબંધી) દૃશ્યો આપણામાં અનેક દોષો ઉત્પન્ન કરી શકે છે અને તે દોષો પાચનતંત્રને નિર્બળ બનાવી શકે છે.

આથી કૃતજ્ઞભાવથી ભગવાનના સ્મરણ સાથે જમવાથી → મગજ ખૂબ જ શાંતિ અને હળવાશ અનુભવે છે → મગજને યોગ્ય માત્રામાં જ લોહીની જરૂર પડે છે → તેથી મગજમાંથી લોહી પેટ તરફ આવે છે (પેરાસીમ્પેથેટીક અવસ્થા) → જઠરાગ્નિ પ્રદિપ્ત થાય છે અને પાચકરસો છૂટે છે → ઓછા સમયમાં વ્યવસ્થિત પાચન થાય છે.

આપણી પાચનક્રિયા પેટ કરતાં પણ મગજ સાથે વધારે જોડાયેલી છે તેથી યોગ્ય પાચન માટે જમતી વખતે મગજ શાંત અને સ્થિર હોવું ખૂબ જ આવશ્યક છે. એટલે કૃતજ્ઞભાવયુક્ત અને હરિસ્મરણ સાથે જમવાથી મગજ ખૂબ જ સ્થિરતા અને હળવાશ અનુભવે છે અને તે આપણા પાચનતંત્રને લાંબા સમય માટે સક્રિય રાખી શકે છે. માટે ભગવાનનું સ્મરણ કરતાં-કરતાં જમવું તે આપણા માટે ખૂબ જ ફાયદાકારક છે.

**ભગવત્સ્મૃતિ સાથે શુદ્ધભાવથી રસોઈ બનાવવી**

આ જ રીતે રસોઈ બનાવનાર વ્યક્તિના વિચારો ભોજન કરનાર પર અવશ્ય અસર કરે છે. આ મનોવૈજ્ઞાનિક રહસ્યનો આપણમાંથી મોટા ભાગનાને ખ્યાલ જ હોતો નથી. આજે આપણે રેસ્ટોરન્ટ, હોટલ, લારીઓ વગેરેમાં જઈને સ્વાદની લિજ્જત માણતા હોઈએ છીએ, પરંતુ બનાવનારે કેવા વિચારો સાથે ભોજન બનાવ્યું છે તેની આપણને કશી જ ખબર હોતી નથી. જેમ રસોઈમાં અશુદ્ધિ ભળેલી હોય તો તે સ્વાસ્થ્યને હાનિકારક છે તેવી જ રીતે ખરાબ વિચારો સાથે બનાવેલું ભોજન અશુદ્ધ છે અને સ્વાસ્થ્યને વધુ નુકસાન કરે છે. આજનું આધુનિક વિજ્ઞાન પણ તે વાતની સાબિતી આપે છે.

થોડાં સમય પહેલાં જર્મનીમાં ૧૪૫ વ્યક્તિ પર ચાર મહિના સુધી સંશોધન કરવામાં આવ્યું હતું, જેમાં એમને અપાતા ભોજન વખતે રસોઈયાના મનમાં શું શું વિચાર ચાલતા એ નોંધવામાં આવ્યા. બે મહિના પૂરા થતાં સંશોધકો દ્વારા રસોઈયાઓને પૂછવામાં આવ્યું કે, 'રસોઈ બનાવતા સમયે તમારા મનમાં પ્રાયઃ કેવા વિચારો થતા હતા?' ત્યારે રસોઈયાઓએ કબલ્યું કે, 'અમારા મનમાં નેગેટિવ વિચારો આવતા હતા.' પછી જયારે જમનારા વ્યક્તિઓના નોંધેલા વિચારોને જોવામાં આવ્યા ત્યારે એમના વિચારો રસોઈયાના વિચારો સાથે ૭૦થી ૭૫% મળતા આવતા હતા!

આ સંશોધન મુજબ ગૃહિણીઓએ પણ ઘરે ખૂબ જ સારા વિચારો અને ભગવત્સ્મરણ સાથે રસોઈ બનાવવી જોઈએ, જેથી પરિવારના લોકો પર સકારાત્મક અસર થાય... ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# આસનથી રોગ ને પ્રાણાયામથી પાપ નાશ પામે છે

(ગતાંકથી ચાલુ)

**૪. યૌગિક ગ્રંથોમાં પ્રાણાયામઃ**

હવે આપણે જોઈએ કે યોગવિષયક શાસ્ત્રીય ગ્રંથોમાં પ્રાણાયામ વિશે શું કહેવામાં આવ્યું છેઃ

**(अ) યોગસૂત્ર-**

- **तस्मिन सति श्वासप्रश्वास-योर्गतिविच्छेदः प्राणायामः ।।**

**– योगसूत्र; २–४९**

'તેમાં (આસનમાં) સ્થિત થઈને શ્વાસપ્રશ્વાસની ગતિમાં વિચ્છેદ એટલે પ્રાણાયામ'

- **बाह्याभ्यन्तरस्तम्भवृत्तिः देशकाल संख्याभि : परिद्रष्टो दीर्धसूक्ष्मः।।**

**– योगसूत्र; २–५०**

'(પ્રાણાયામ) બાહ્ય, આંતર અને સ્તંભવૃત્તિ એમ (ત્રણ પ્રકારના) દેશ, કાળ અને સંખ્યાથી જોવાયેલા, લાંબા કે ટૂંકા હોય છે.'

- **बाह्योभ्यान्तरविषयाक्षेपी चतुर्थः ।।**

**– योगसूत्र; २–५१**

'બાહ્ય અને આંતર વિષયથી નિરપેક્ષ એવો ચતુર્થ પ્રકારનો (પ્રાણાયામ) છે.'

- **ततः क्षीयते प्रकाशावरणम् ।**

**– योगसूत्र; २–५२**

'તેનાથી પ્રકાશના આવરણનો નાશ થાય છે.'

- **धारणासु च योग्यता मनसः।**

**–योगसूत्र; २–५३**

'અને ધારણાઓમાં મનની યોગ્યતાનું નિર્માણ થાય છે.'



**(ब) गोरक्षशतकम्–**

- **च्चणचज दजक्ज्ञदृथतचजऊचयथ–अचयचमदृतन्निबंधनम्ः ।**

**– गो. श. ; २–४२**

'પ્રાણ એટલે દેહસ્થવાયુ અને આયામ એટલે તેનું નિયમન.'

- **आसनेन रुजो हन्ति प्राणायामेन पातकम् ।** **– गो. श. ; २–५८**

'આસનથી રોગ અને પ્રાણાયામથી પાપ નાશ પામે છે.'

**(क) वसिष्ठ संहिता –**

- **प्राणापान समायोगः प्राणायाम प्रकीर्तितः ।** **– व. स. ; २–२**

'પ્રાણ અને અપાનના સંયોગને પ્રાણાયામ કહેવાય છે.'

- **प्राणसंयमनं नाम देहे प्राणादि धारणंः।**

**– व. स. ; २–३२**

'દેહમાં પ્રાણ વગેરે વાયુઓને ધારણ કરવા તેને પ્રાણસંયમ અર્થાત્ પ્રાણાયામ કહે છે.'

**(ड) हठप्रदीपिका –**

- **चले वाते चलं चितं निश्चले निश्चलं भवेत् ।**

**योगी स्थाणुत्वमाप्नोति ततो वायुं निरोधयेत् ।**

**– ह. प्र. ; २–२**

'વાયુની ગતિથી ચિત્તમાં ગતિ ઉત્પન્ન થાય છે અને વાયુ નિશ્ચલ થતાં ચિત્ત નિશ્ચલ થાય છે અને તેનાથી યોગી સ્થિરતા (અથવા ઈશત્વ) પામે છે. તેથી વાયુનો નિરોધ ક્રવો.'

**(इ) घेरण्ड संहिता –**

- **प्राणायामाल्लाघवं च ध्यानात्प्रत्यक्षमात्मनि ।**

**– घे. स. ; १–११**

'પ્રાણાયામથી લાઘવ અને ધ્યાનથી આત્માનું પ્રત્યક્ષીકરણ થાય છે.'

ઉપરોક્ત પાંચ ગ્રંથોમાં પ્રાણાયામ વિશે જે કહેવાયું, તેમાં મુખ્ય ત્રણ બાબતોનો સમાવેશ થાય છે.

(૧) પ્રાણાયામની વ્યાખ્યા
(૨) પ્રાણાયામનું વર્ગીકરણ
(૩) પ્રાણાયામનું ફળકથન

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

# આ ‘સેલિયાક’ શું છે?

## શરીરની પોષણ ક્ષમતા ખતમ કરતા આ રોગને ઓળખી લો...

આપણું માનવ શરીર અત્યંત જટિલ સંરચના ધરાવે છે. શરીરના પ્રત્યેક અંગમાં અનેક પ્રકારની બીમારીઓ પણ થઇ શકે છે. ક્યારેક સાવ સરળ લાગતી બીમારી હકીકતમાં આનુવંશિક રોગ પણ હોઈ શકે છે. આવો જ એક રોગ છે : સેલિયાક .

આવો, જાણીએ આ બીમારી વળી કઈ બલાનું નામ છે...

સૌથી પહેલાં એ જોઈએ કે સેલિયાક રોગ છે શું?

સેલિયાક એક ક્રોનિક ઓટોઇમ્યુન ડિસઓર્ડર (વારસાગત સ્વયંપ્રતિરક્ષા રોગ) છે, જેમાં ઘઉં, જવ અને રાઈમાં જોવા મળતા ગ્લુટેનનું સેવન રોગપ્રતિકારક પ્રતિક્રિયા પેદા કરે છે, જે નાના આંતરડાના અસ્તરને નુકસાન પહોંચાડે છે.

શરીરના સૈનિકો જેવી રોગપ્રતિકારક શક્તિ કોઈપણ અજાણી વસ્તુ પ્રવેશ કરે તો તેની તરફ તે પ્રતિક્રિયા આપે છે, અને જરૂર પડે એની સામે લડે પણ છે, પણ ક્યારેક કુદરતી રીતે આ વ્યવસ્થામાં ખામી સર્જાય છે અને નુકસાનકારક ન હોય તે પદાર્થો સામે પણ પ્રતિક્રિયાઓ આપવાનું શરૂ કરે ત્યારે ગડબડ સર્જાય છે. આંતરડાના મ્યુકોસલ લાઇનિંગને નુકસાન પહોંચતા ખોરાકમાંથી પોષક તત્ત્વો શોષવાની ક્ષમતામાં ખામી આવે છે, જેનાથી પોષણની ઊણપ સર્જાય છે.

**‘સેલિયાક’ના પ્રકાર**

સેલિયાક રોગના મુખ્યત્વે ત્રણ પ્રકારમાં અલગ અલગ લાક્ષણિકતા હોય છે, જેમકે...

**ક્લાસિક સેલિયાક રોગ**


આ સૌથી સામાન્ય સ્વરૂપ છે અને તેમાં ક્રોનિક ઝાડા, પેટમાં તકલીફ, પેટનું ફૂલવું અને વજનમાં ઘટાડો જોવા મળે છે. તેનું નિદાન ઘણીવાર બાળકોમાં થાય છે અને નાના આંતરડાને દેખીતા નુકસાન સાથે સંકળાયેલું છે.

**નોન-ક્લાસિકલ સેલિયાક રોગ**

આ પ્રકારમાં પાચનતંત્રમાં ખામી ન હોય તેવાં લક્ષણ, જેમ કે ત્વચા પર ફોલ્લીઓ, એનિમિયા, સાંધાનો દુખાવો, અથવા માથાનો દુખાવો અને નિષ્ક્રિયતા જેવી ન્યુરોલોજીકલ સમસ્યાઓનો સમાવેશ થાય છે.

**સાયલન્ટ સેલિયાક રોગ**

સાયલન્ટ સેલિયાક રોગ ધરાવતા લોકોમાં સ્પષ્ટ લક્ષણો હોતા નથી, તેમ છતાં તેમને આંતરડાનું નુકસાન થાય છે અને જો સારવાર ન કરવામાં આવે તો લાંબા ગાળાની તકલીફો થઈ શકે છે.




આ પ્રકાર ઘણીવાર અન્ય સ્થિતિઓની તપાસ દરમિયાન અથવા કૌટુંબિક ઇતિહાસ દ્વારા પરખાય છે.

સેલિયાક રોગ ધરાવતા લગભગ ૧૫% લોકોને ત્વચા પર ડર્મેટાઇટિસ હર્પેટીફોર્મિસ જેવી આડઅસર થાય છે. તેને ‘ગ્લુટેન રેશ’ અથવા ‘સેલિયાક રેશ’ પણ કહેવામાં આવે છે.

**આ રોગના મુખ્ય લક્ષણ શું છે?**

સેલિયાક રોગનું નિદાન કરવું મુશ્કેલ છે, કારણ કે તેનાં લક્ષણ ઘણીવાર અન્ય સ્થિતિઓ જેવા હોય છે. અત્રે રોગના પ્રકારમાં વર્ણવ્યા છે, તે સિવાય વિકાસમાં અવરોધ (ખાસ કરીને બાળકોમાં) જોવા મળે છે. અન્ય લક્ષણમાં, થાક અને સામાન્ય નબળાઈ, લોહ (આયર્ન) ની ઊણપથી થતો એનિમિયા, સ્ટિયોપોરોસિસ અથવા ઓસ્ટિયોપેનિયા, માથાનો દુખાવો, જેવા ન્યુરોલોજીકલ લક્ષણ દેખાય છે.

આ ઉપરાંત કેટલાક ઓછાં સામાન્ય લક્ષણોમાં વંધ્યત્વ અથવા વારંવાર ગર્ભપાત, દાંતના ઈનેમલમાં તકલીફ અથવા મોંના ચાંદાનો સમાવેશ થાય છે.

**‘સેલિયાક‘નું કારણ શું?**

એનું મુખ્ય કારણ આનુવંશિક છે. મોટાભાગના વ્યક્તિઓમાં ચોક્કસ જનીનો હોય છે (ખાસ કરીને એચએલએ-ડીક્યુ૨ અથવા એચએલએ-ડીક્યુ૮...) જોકે, આ જનીનો હોવાનો અર્થ એ નથી કે રોગનો વિકાસ થશે. ગ્લુટેનનું સેવન મહત્ત્વનું કારણ છે. આંતરડાના માઇક્રોબાયોટામાં અમુક ચેપ અથવા ફેરફારો આનુવંશિક રીતે સંવેદનશીલ લોકોમાં રોગ પેદા કરી શકે છે. બાળકના આહારમાં ગ્લુટેન દાખલ કરવાના સમયે એ અસર કરી શકે છે, અલબત્ત, આ અંગે હજુ પણ સંશોધન ચાલુ છે.

**સેલિયાક રોગ હોવાનું કેમ નક્કી થાય?**

ગ્લુટેન ખાધા પછી જો તમને જઠર તંત્રમાં ગડબડનાં લક્ષણો દેખાય તો સેલિયાક રોગની શંકા પેદા થઇ શકે છે. ઘણા લોકો આહારમાં ગ્લુટેન અથવા ઘઉંનાં ઉત્પાદનો પ્રત્યે સંવેદનશીલતા ધરાવતા હોય છે. સેલિયાક રોગનું નિદાન કરવા માટે નિષ્ણાત નુકસાનના પુરાવા શોધશે.

ગ્લુટેન-મુક્ત આહાર લેવાનું શરૂ કરતાં પહેલા સેલિયાક રોગ માટે પરીક્ષણ કરાવવું મહત્ત્વપૂર્ણ છે, જેથી પરીક્ષણો બતાવી શકે કે ગ્લુટેન ખરેખર તમારા શરીરને કેવી રીતે અસર કરે છે.

આમાં પહેલું પરીક્ષણ રક્તનું થાય છે. ગ્લુટેનના એન્ટિબોડીઝ માટે તમારા રક્તનું પરીક્ષણ કરવામાં આવે છે. પછી શારીરિક નુકસાનની પણ ચકાસણી થાય છે.

સેલિયાક રોગની સારવારમાં ગ્લુટેન મુક્ત આહાર મુખ્ય છે. જ્યારે તમે ગ્લુટેન ખાવાનું બંધ કરો છો, ત્યારે તમારું નાનું આંતરડું સાજા થવાનું શરૂ કરશે ને ટૂંક સમયમાં પોષક તત્ત્વોને ફરીથી શોષી શકશે. જોકે, તમારા નાના આંતરડાને ફરીથી નુકસાન ન થાય તે માટે તમારે જીવનભર કડક ગ્લુટેન-મુક્ત આહાર જાળવવો પડશે. પોષક તત્ત્વોની ઊણપ પૂરવા માટે સપ્લિમેન્ટ્સ અને ચામડીને તકલીફ થઇ હોય તો તેની સારવાર પણ જરૂરી છે.

જો ગ્લુટેન મુક્ત આહાર ન લેવામાં આવે તો લાંબાગાળાની આડઅસરો થઇ શકે છે. બાળકોમાં રિકેટ્સ અથવા પુખ્ત વયના લોકોમાં ઓસ્ટિઓમાલેશિયા, ઓસ્ટિઓપેનિયા અને ઓસ્ટિઓપોરોસિસ, દાંતના ઈનેમલમાં કાયમી તકલીફ, ચેતાતંત્રની અસરો (પેરિફેરલ ન્યુરોપથી), જેમાં કળતર અને નિષ્ક્રિયતા, સ્નાયુઓમાં ખેંચાણ અને સંતુલન અને સંકલન સમસ્યાઓ (એટેક્સિયા)નો સમાવેશ થાય છે. બાળકોમાં વિકાસમાં વિલંબ, ટૂંકું કદ અને ધ્યાન અને શીખવાની અક્ષમતા ઉભી થઇ શકે છે. ■

feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા


# ડાયાબિટીસથી કેમ બચવું?

આધુનિક પણ ઘાતક સમસ્યા એટલે ડાયાબિટીસ. ડાયાબિટીસ એ આખરે શું છે? લોહીમાં સાકર હોય તેને ડાયાબિટીસ કહીએ? કયા લેવલ પર શુગર હોય, કેટલી હોય એ કેવી રીતે નક્કી કરવું એક તથ્ય મળતું નથી. સાકર આપણા શરીરની એનર્જી કરન્સી છે. જેમ આપણે નોકરી ધંધો કરીએ અને પૈસા કમાવીએ અને આપણી વિભિન્ન જરૂરિયાતો પૂરી કરીએ તેવી જ રીતે આપણે ખોરાક ખાઈએ અને આંતરડું એને પચાવી ગ્લુકોઝ પેદા કરે. લોહીમાં તેનું શોષણ કરે અને લોહી દ્વારા તેને બધા અવયવોમાં પહોંચાડે તેને એનર્જી કરન્સી કહેવાય. આપણા બધા જ અવયવ મગજ, મસલ્સ, હાડકા વગેરે કામ કરતા રહે. આ એનર્જી કરન્સી એટલે ગ્લુકોઝ બહુ જરૂરી છે. પણ સતત વધી જતા ખરાબ અસર પેદા કરે છે. માથાથી લઈને પગ સુધી આની ખરાબ અસર થાય છે. અંદરનાં અવયવો વધુ જોખમાય છે.

સવાલ એ છે કે શુગર લેવલ કેવી રીતે નક્કી કરવું. સવાર-સાંજ શુગરનું લેવલ ઉપર-નીચે થયા કરે છે. કોઈ એક માપ રહેતું નથી. આને નક્કી કરવા માટે ભૂખ્યા પેટની કે જમ્યા પછીની શુગરથી નક્કી નથી થઈ શકતું તો એચ.બી.એ.૧ સી. (Hba1c)નો રિપોર્ટ કરાવવું યોગ્ય છે. આ રિપોર્ટથી છેલ્લા ત્રણ મહિનાની એવરેજ શુગરનું પ્રમાણ ચોક્કસ રીતે ખબર પડે છે. આ ટેસ્ટનો મતલબ છે કે ગ્લાઈકેટેડ હિમોગ્લોબિન ટેસ્ટ. આ એક રક્ત પરીક્ષણ છે. જે લોહીમાં હિમોગ્લોબિન (લાલ કણમાં જોવામાં આવતું એક પ્રોટીન છે જે ઓક્સિજનનું વહન કરે)થી જોડાયેલું ગ્લુકોઝની માત્રાનું માપ. જ્યારે લોહીમાં સાકરનું સ્તર અધિક હોય તો તે હિમોગ્લોબિન સાથે જોડાઈ જાય છે, જેને કારણે ગ્લાઈકેટેડ હિમોગ્લોબિન (Hba1c) બને છે.

સામાન્ય રીતે આનું સ્તર ૪% થી ૫% હોવું જોઈએ. ૫.૭% થી ૬.૪% એટલે પ્રિડાયાબેટીક ૬.૫થી વધુ ને વધુ હોય તો ડાયાબિટીસનું પ્રમાણ લોહીમાં વધુ છે તેમ દર્શાવે છે. આ રિપોર્ટથી ચોક્કસ નિદાન થાય છે.

ડાયાબિટીસ એ શું છે. ડાયાબિટીસ એટલે લોહીમાં સાકરનું સ્તર અધિક થવું તે. અને જ્યારે શરીર પર્યાપ્ત પ્રમાણમાં ઈન્સ્યુલિન બનતું નથી. ઈન્સ્યુલિન એક હાર્મોન છે જે ગ્લુકોઝનું ઊર્જામાં બદલાવાનું કામ કરે છે જે પેન્ક્રિયાઝમાં (અગ્નાશય) બને છે. પેન્ક્રિયાઝમાં બીટા સેલ છે જેને (લૈંગેરહેન્સ ઓફ આઈલેટ્સ નામની કોશિકાના સમૂહ) પેન્ક્રિયાઝના બીટા સેલમાં સુગરનો સંગ્રહ થાય છે (એટલે કે તેમાં સ્ટોર થાય છે) જ્યારે રિફાઈન્ડ તેલ વનસ્પતિ ઘીનો ખાદ્ય-પદાર્થ બનાવવામાં ઉપયોગ થાય. ત્યારે શરીરમાં તીવ્ર એસિડ પેદા થાય આ




એસિડ લોહીમાં જાય ત્યાં પણ બળતર પેદા કરે. લોહીનો પી.એચ (માનક) એસીડીક થાય ત્યારે બીટા સેલમાં બળતરા થાય તે બળી જાય કે ગ્લુકોઝ સંગ્રહ કરવાની ક્ષમતા ખોઈ નાખે ત્યારે સાકર (ગ્લુકોઝ) લોહીમાં અધિક થઈ જાય ઈન્સ્યુલિન તેને લઈ જવામાં ઓછું પડે ત્યારે ડાયાબિટીસ થાય છે. રિફાઈન્ડ તેલ વનસ્પતિ ઘી, માર્ગરીન, મટનટેલો (પ્રાણીની ચરબીનું તેલ) સ્પ્રેડ, સફેદબટર, પાર્શીઅલી હાઈડ્રોજનેટ ઘી જે બધા દસથી બાર પ્રકારના કેમિકલથી તૈયાર થાય છે. જે શરીરમાં જતાં એસિડનું પ્રમાણ વધારી દે છે જલન અને બળતરા થાય છે જેના કારણે ડાયાબિટીસ થાઈરોઈડ, હાર્ટબર્ન અલ્સર જેવી બીમારીઓ અને પછી જાતજાતના કેન્સર થાય છે.

વાચકમિત્રો તમે તમારું તેલ તપાસો જો રિફાઈન્ડ છે તો તેનો ઉપયોગ તરત બંધ કરો વધુ પ્રમાણમાં છે તો દિવાળીમાં દીવા બાળી પૂરું કરી નાખજો. ખાવામાં વપરાશ ન કરતાં બહારની ખાદ્ય-સામગ્રીના પેકેટ તપાસો તેના પર રિફાઈન્ડ ઓઈલ લખેલું છે તો તેના વપરાશ ન કરતાં. બેકરી પ્રોડક્ટ્સ બધા જ વનસ્પતિ ઘી (નકલી ઘી)માં જ બને છે જે ડાયાબિટીસનું મોટું કારણ છે. આઈસક્રીમના લેબલ તપાસો તેના પર કોઈપણ ઓઈલ લખેલું છે. બહારના ખાખરા બધા જ વનસ્પતિ ઘી અને રિફાઈન્ડ તેલથી જ બને છે. ખાખરા લોકો વધુ વાપરે છે ડાયટના નામથી પણ ખરેખર તે ખાવા લાયક નથી. શુદ્ધ ઘીમાં બનતી મીઠાઈઓ પણ શુદ્ધ ઘીથી નથી બનતી તેમાં પણ રિફાઈન્ડ તેલ અને વનસ્પતિ ઘી વપરાય છે.

સૌની લાડલી પાણીપૂરીની પૂરીઓ પણ રિફાઈન્ડ તેલમાં બને છે. હોમમેડ ગોળવાળા બિસ્કીટ, ટોસ, ખારી પણ માર્ગરીન (નકલી બટર)થી જ બને છે. સાબુ પણ ખરાબ તેલથી જ બને છે જે ચામડી દ્વારા શરીરને ખરાબ કરે છે. બહારના અથાણા બધા જ રિફાઈન્ડ તેલ ક્યારે ખરાબ થતું નથી. કારણ તે કેમિકલ નાખીને બને છે. આજ આધુનિક યુગની મોટી સમસ્યા એટલે રિફાઈન્ડ તેલ છે. બહારના નાસ્તા બધા જ રિફાઈન્ડ તેલમાં જ બને કારણ તેની સેલ્ફ લાઈફ વધુ છે.

આ બધુ જાણ્યા પછી તમને ખબર પડશે કે શા માટે ડાયાબિટીસ અને અન્ય બીમારીઓ થાય છે કેટલો સુધાર કરવો એ આપણા હાથમાં છે. તહેવારોની મોસમ છે. મીઠાઈ અને ફરસાણ બહારથી જ આવશે. તેમ જ તહેવાર ઉજવવા પણ હોટલમાં જ જવાના. ગમે તેટલી દવાઓ લ્યો એલોપથી, આયુર્વેદિક, હોમીયાપથી કે કોઈ હકીમના નુસખા જ્યાં સુધી ખાવામાં સુધાર નહીં થાય ત્યાં સુધી ડાયાબિટીસ કે અન્ય બીમારી રહેવાની જ છે. પછી ફોરેનવાળા કે ડૉક્ટરો છાતી ઠોકીને કહેશે કે ભારત એ ડાયાબિટીસનું કેપિટલ છે તેમની દવાઓ લ્યો તેમના ખિસ્સા ભરો. લોકો ડાયાબિટીસ થોડા થોડા સમયના અંતરે તપાસતા હોય છે તેથી લેબોરેટરીવાળાના ખિસ્સા ભરાય. ફક્ત રિપોર્ટ કરવાથી કશો ફાયદો થતો નથી. ગ્રાહકનું ટેન્શન વધે છે. જાણ્યા પછી ઉપચારથી ફાયદા થાય.

મારી લગભગ પચ્ચીસથી છવ્વીસ વર્ષની પ્રેક્ટિસમાં મેં જોયું કે આહારની શુદ્ધતાથી જ ડાયાબિટીસ લગભગ નીકળી જાય છે. લુધિયાનાનો આગમ નામનો યુવાનનું ડાયાબિટીસ (૩૩૫) ત્રણસો પાત્રીસ હતું. દવા ચાલુ નહોતી કરી. મારી પાસેથી શું ખાવું તે તેણે જાણ્યું તેણે બે મહિનામાં જ પોતાની શુગર (ડાયાબિટીસ) ઈઠોતેર (૭૮) કરી નાખી. આવાં તો ઘણાય લોકો આવે છે જે દવાઓ ખાઈને શરીરને ખરાબ કરી નાખે છે. સમજાવ્યા પછી સુધારો કરે છે ત્યારે રાહત અનુભવે છે. આ કોઈ મુશ્કેલ કામ નથી. હજુ બજારમાં સારી ખાદ્ય-વસ્તુઓ મળે છે. શાકભાજી અને ફળોથી બજાર ઉભરાયેલી છે. ડાયાબિટીસને જલદીથી ઠેકાણે લાવવું જરૂરી છે. જો ડાયાબિટીસ આગળ વધે છે ત્યારે હાર્ટના ઓપરેશન કિડની ડાયાલિસિસ, પગનું સડી જવું (ઘણીવાર પગ કાપવા પડે છે). શરીરમાં પાણી ભરાય છે (વોટર રીટેશન) આંખોની ઘણીય બીમારી થાય છે. જખ્મ રૂઝાતા નથી. આજથી સતર્ક બનો આ તહેવારોમાં બહારનું રિફાઈન્ડ તેલવાળું કે વનસ્પતિ ઘીવાળી કેક, બિસ્કીટ, નાનખટાઈ જેવી વસ્તુઓ ઘરમાં ના લાવો કે બહાર પણ ન ખાવો. ડાયાબિટીસ વધારતી અન્ય ખાદ્ય વસ્તુ, શરબત, ડબ્બાપેક ડ્રિંક કે બોટલમાં મળતા ડ્રિંકથી બચવાની જરૂર કોશિશ કરો. ઘરના સાદા ભોજન કે ફિલ્ટર તેલમાં બનાવેલ ભોજનથી બીમારી નથી આવતી. કોઈના કહેવાથી ભરમાઈ ન જવું. ડાયાબિટીસ ટેન્શનથી આવે છે કે વારસાગત છે ઘણાં કહે કે અનાજ વધુ ખાવાથી આવે છે. ઘણાં કહે છે કે અમે રહીએ છીએ ત્યાં વાતાવરણ પ્રદૂષિત છે કે હવા બરાબર નથી આ બધા વગર કારણના તર્ક છે. ઘણીવાર એવું બને પિતાને માતાને ડાયાબિટીસ હોય પણ કોઈપણ એમના સંતાનને નથી હોતું. કોઈપણ વાતથી ભરમાવું નહિ. પોતે જે ખાનપાન કરો છો તે જરા ઝીણવટથી જુઓ. ■

feedback@bombaysamachar.com
વિશેષ
મધુ સિંહ


# શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ તમારા વ્યક્તિત્વને નિખારે છે...

શબ્દોનું શુદ્ધ અને સાફ ઉચ્ચારણ આપણા વ્યક્તિત્વને નિખારે છે. આને પ્રોનાંઉનશેસન ઈફેક્ટ કહેવાય છે. તમારો અવાજ, ઉચ્ચારણ અને તમારો ટોન કોઈ પણ બોલાયેલા શબ્દની સ્પષ્ટતા પર ભરપૂર અસર પાડે છે. આનાથી વિશ્વાસ અને પ્રભાવ વધે છે કારણકે, જ્યારે તમે શબ્દોના સાચા અને સ્પષ્ટ ઉચ્ચારણ કરો છો ત્યારે સામેવાળાએ તમને એક સમજદાર અને પ્રભાવી વ્યક્તિ માનવી જ પડે છે. આનાથી તમારો આત્મવિશ્વાસ પણ વધે છે અને સામેવાળા પર તમારો પ્રભાવ પણ પડે છે. સાફ અને શુધ્ધ ઉચ્ચારણ કરવાવાળાને જે લોકો સાંભળે છે તે ક્યારેય થાકતા નથી, પરંતુ તેમની વાતો સાંભળવી ગમે છે, કારણકે ખરેખર તેમને સાંભળવાનો અંદાજ કાંઈ નિરાળો જ હોય છે, પરંતુ જ્યારે કોઈ શબ્દનો કોઈ ખોટું ઉચ્ચારણ કરે તો જે સાંભળે છે તે હેરાન પરેશાન થઈ જાય છે. તે તમારા ખોટા ઉચ્ચારણને જ્યારે સાંભળે છે તો એવો પ્રયત્ન કરે છે કે તમારાથી કઈ રીતે જલદી છુટકારો મળે, કારણકે જે લોકો શુદ્ધ અને ચોખ્ખું નથી બોલી શકતા તેઓને સમજવા માટે બહુ વિચારવું પડે છે અને તેને લીધે ધ્યાન પણ ભટકે છે. જો તમે શિક્ષક છો, વક્તા છો, એંકર છો, નેતા છો કે એવા કોઈ ક્ષેત્રમાં જોડાયેલા છો કે જે પબ્લિક કમ્યુનિકેશનમાં આવે છે તો સમજી જજો કે સ્પષ્ટ ઉચ્ચારણ તમારી સૌથી મોટી પૂંજી છે. આ તમારી સંપત્તિ છે જેને કારણે તમે લાખો લોકો સુધી પહોંચી શકો છો અને શુદ્ધ અને સાફ ઉચ્ચારણને કારણે તમે જીવનમાં ખૂબ આગળ વધી શકો છો. આનાથી ભાષાનું સૌંદર્યબોધ પણ નિખરે છે, કારણકે શુદ્ધ બોલવાથી ભાષા સુંદર બને છે. હિંદી ભાષાની તો આખી ખૂબસૂરતી શુદ્ધ બોલવા પર જ ટકી છે. જે પણ લોકો અશુદ્ધ અને અસ્પષ્ટ હિંદી બોલે છે તેમની ભાષા સાંભળવામાં ખૂબ જ ખરાબ લાગે છે જેથી ભાષાઓમાં ઉચ્ચારણની શુદ્ધતાને ‘ત્રુટી અને સ્વર સંધિ’ના સ્તર પર મહત્ત્વ આપવામાં આવે છે.

માત્ર સંવાદ અને ઈંટેલેક્ચ્યુઅલ દુનિયામાં જ શુદ્ધ અને સાફ ઉચ્ચારણની કિંમત જ નથી પરંતુ કોર્પોરેટ જગતમાં, મીડિયામાં, કસ્ટમર સર્વિસ જેવા ક્ષેત્રોમાં શુધ્ધ ઉચ્ચારણ બહુ મોટો પ્રભાવ પાડે છે. આનાથી તમારી છબી પ્રોફેશનલ લાગે છે. જો તમારું ઉચ્ચારણ સરળ અને નિયંત્રિત હોય તો લોકો તમને ઈમાનદાર, સમજદાર અને ગંભીર વ્યક્તિ માને છે. વાસ્તવમાં કોઈ ભાષાને શુધ્ધ બોલવાનો અર્થ એ થાય કે તમે તેની સંસ્કૃતિને ઓળખો છો. આનાથી તમારું સન્માન વધી જાય છે. લોકો તમારી સાથે જોડાવા માગે છે અને એમાં તેઓ તેમનું સૌભાગ્ય સમજે છે. માત્ર ઔપચારિક વાતચીતમાં જ નહીં પરંતુ સામાન્ય વાતચીતમાં પણ શુદ્ધ અને સાફ ઉચ્ચારણથી ઘણો ફરક પડે છે. જરૂરી નથી કે જ્યારે તમે મંચ પરથી બોલો ત્યારે જ શુદ્ધ ઉચ્ચારણનો પ્રભાવ લોકો પર પડે છે જ્યારે તમે એમનેમ પણ લોકોને મળો છો ત્યારે તમારો પ્રભાવ લોકો પર પડે છે અને કોઈ ઈનટરવ્યૂ, મીટિંગ અને ફોન કોલ પર તો આનો પ્રભાવ પડે જ છે. જો તમારો અવાજ મીઠો હોય, ઉચ્ચારણ ચોખ્ખા હોય તો લોકો ચોક્કસ તમારી સાથે વાત કરવા સામેથી આવશે. જો તમને તમારી પર્સનલ બ્રાંડિંગ સારી કરવી હોય, તમારા સંવાદ કૌશલ્યોને સુધારવા છે, પ્રોફેશનમાં સફળતા મેળવવી છે તો તમારે ચોક્કસ શુદ્ધ ઉચ્ચારણ પર ધ્યાન આપવું જ પડશે જે તમારા માટે એક અમૂલ્ય સંપત્તિ બની શકે. તમને જરૂર હોય તો તમે શુદ્ધ બોલવાની ટ્રેનિંગ લઈ શકો છો, ઉચ્ચારણને અસરકારક બનાવવા માટે ઘણી ઈન્સ્ટિટયૂટ તમારી મદદ કરી શકે છે. અને જો તમારે આવું કશું જ ન કરવું હોય તો રોજ એક કલાક નિયમિત રીતે અરીસાની સામે ઊભા રહીને બોલવાની પ્રેક્ટિસ કરવી, જીભની થોડી ઘણી જરૂરી કસરતો કરીને અને ઓડિયો મિમિક્રી દ્વારા તમારી ભાષા અને ઉચ્ચારણને જાદુઈ બનાવી શકાય છે. ■

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# અંદર બેઠો છે એ જીવ નથી પણ શિવ છે...




અષાઢને જેવું કીધુ કે સાવનકો આને દો તો તુર્ત જ અષાઢ ખસી ગયો ને લો આ આયા સાવન ઝૂમકેની જેમ શ્રાવણની એન્ટ્રી થઈ...

શિવમંદિરમાં ભક્તોનાં ટોળાં એવા ઝૂમી ઉઠ્યાં ને તૂટી પડ્યાં કે કેમ જાણે શિવજી ભાદરવામાં પાછા હિમાલય ભાગી જવાના હોય... બધા ભક્તોની જેમ ‘તું મળશે’ એ આશાએ હું પણ શ્રાવણમાં બધાં કામ અભરાઈ પર ચડાવી પેલા ભાભૂ(ભારત ભૂષણ)ની જેમ ‘મન તડપત હરી દર્શનકો આજ’ ગાતો ગાતો મંદિરમાં ગયો પણ મોટો લોચો તે જ આપેલી આંખોથી તું જ ન દેખાયો. સખેદ જણાવું કે મેં શિવમંદિર બહુ જોયા પણ એકેય શિવમાં જીવ ન જોયો એટલે મેં પૂજારીને પૂછ્યું :

‘આટલાં બધામાં ઈશ્વર ક્યાં છે?’

‘મને શું ખબર? ઈશ્વર કઈ મારો માસીનો દીકરો છે?’

‘અલ્યા ટોપા, મંદિરને ને ઈશ્વરને તો તું અંગત મિલકત સમજી બેઠો છે. એણે ક્યારે ખાવું, શું ખાવું ક્યારે સૂવાનું ક્યારે જાગવાનું. ક્યા વાઘા પહેરવાના એ તો તું નક્કી કરે છે ને તું મને કહે છે મને શું ખબર?’

મેં તો પ્રભુને પણ કીધુ ‘ભગુભાઈ, મને તો એ વિચાર આવે છે કે તને એ વિચાર કઈ રીતે ને શું કામ આવ્યો કે ચાલો, આ બ્રહ્માંડમાં એક પૃથ્વી બનાવીએ પછી જંગલ, વાદળ, સમુદ્ર,પાણી,પશુ-પંખી બનાવીએ...એમાંય પતંગિયામાં અલગ અલગ ડિઝાઇન, રંગબેરંગી ફૂલ, મોરને રૂપ ને કાગડાને કાળો, સૂર્યને પ્રકાશ ને ચંદ્રને શીતળતા..કેટલું ગણાવું?

આટલું કર્યા પછી પણ ક્યાં થાકયો કે પાછું માણસનું પ્રોડક્ષન...લોચો

તો એ પ્રભુ, કે બધા માણસોની ખોપરી સરખી, મગજ સરખા પણ એમાં મૂકેલી બુદ્ધિ અલગ અલગ..જબરી તારી કારીગરી... ન માપી શકાય ન પામી શકાય...પંખીનો માળો ને પશુની ગુફા, કીડી-ઉંદરને દર ને માણસને ઘર ને તારું મંદિર...

ત્યાં તો ચંબુડાએ મંદિરમાં આવી એના દાદા ગુજરી ગયા હોય એવી ‘નમઃ પાર્વતી..’ ના નામે જોરદાર પોક મૂકી એને કોણ કહે : બકા, ગળું ઘરે મૂકી આવવું જોઈએ તું અમારો તો ઠીક પણ ભગવાનના કાનનો તો વિચાર કર. છતા કાને આમેય ઓછું સાંભળે છે ને તારી રાડથી જો કાનના પરદા ફાટી જશે તો આપણી ફરિયાદ સાંભળશે કોણ? એટલામાં ચંબુ ચાલુ થઇ ગયો :

‘અલ્યા પ્રભુ, ઘઉંના ભાવ ૬૦ રૂપિયા, જેને કાપ્યા વગર પણ આંખમાંથી પાણી આવે એ ડુંગળીના ૮૦ રૂપિયા. જેને જોઈ મોઢાના બદલે આંખમાંથી પાણી આવે એ સાકારના ૬૦... તારે વાઘચર્મથી ચાલે છે બાકી કાપડના ભાવ ખબર છે? તારી પાસે નંદી છે બાકી અમને પેટ્રોલના ભાવ રોજ સતાવે, તારે હિમાલયમાં ભાડુ ન લાગે બાકી અહીં એક ફૂટના ભાવ ૫૦૦૦૦ સાંભળી હલબલી જઈશ.’

‘અલ્યા ચંબુ આ બધાના ભાવ ભગવાનને શું કામ કહે છે?’ મેં પૂછ્યું

દુકાનદાર દુકાનનું શટર ઉઘાડે એમ ચંબુએ ચક્ષુદ્વાર ખોલ્યા

‘કારણ કે ભગવાન ભાવના ભૂખ્યા છે.’

‘અરે ટોપા, ભાવના એટલે અંતરના ભાવના, વસ્તુના નઇ’

‘અંતરના ભાવથી એનું પેટ ભરાતું હશે...આપણું નઇ સાલું એની મૂર્તિના ભાવ સાંભળી આપણા અંદરના ભાવ ઘટી જાય ને એની સાથેનું અંતર વધતું જાય. જો આ બધાના ભાવ ઘટે તો પ્રભુ પ્રત્યેનો ભાવ વધે. સમજ્યા? યુ નો? આ કાતીલ મોંઘવારીમાં સગ્ગા વૃદ્ધ બીમાર બાપને કહેવું પડે કે પ્લીઝ બાપુ ભૂલથી પણ હમણાં મરતા નઇ.. મારી પાસે કફનના પૈસા નથી, આ સારું કહેવાય?..’

એટલામાં પૂજારી બોલ્યો ‘તારું લોજીક સાચું પણ આ તો પોતે શણગાર કે મુગટ વિનાના.. તમને આપી આપીને કડકા થઈ ગયેલા સમૃદ્ધ ભગવાન.’

‘સમૃદ્ધ? સાલું આપણે બે પગ પકડીએ ને એ એક હાથ પણ ન પકડે તો આ બધું અટકાવતો કેમ નથી?’ ચંબુની છટકી

‘ક્યાંથી અટકાવે?’ પૂજારી બોલ્યો ‘તે પોતે થાકી જાય પાકી જાય ત્રાસી જાય મૂર્તિમાંથી બહાર આવી મંદિર છોડી ભાગી જવાનું મન થાય ત્યાં સુધી બિચારાનો પીછો છોડતા નથી. જથ્થાબંધ માગણીઓનું લિસ્ટ ભયજનક સપાટી વટાવી ચુક્યું હોય અને...’

‘અરે પૂજારીભાઈ, એટલે તો અમે ભજન ને પ્રાર્થના કરીએ છીએ.’

‘તંબુરો ભજન? ભાન વગર ને ભાવ વગર મંડી પડ્યા!

અરે પ્રભુના દર્શન કરતાં પોતાના નામની તકતી ક્યાં ને કેવી મુકાઈ એમાં રસ છે તે મંદિરમાં દર્શન આપવા આવ્યો છે કે દર્શન કરવા એ તો પ્રભુને પણ સમજાતું નથી તેને તો પહેલાં તકતીના દર્શન ને સમય હોય તો પ્રભુના...’

‘અરે, પણ મંદિરમાં દાન માટે રૂપિયા આપ્યા હોય તો પોતાના નામની તકતીની અપેક્ષા....’

‘ચુપ એકદમ ચુપ.. સાલું આખી જિંદગી પાપનું, હરામનું, મફતનું લોકોનું લોહી ચૂસી ચૂસી ભેગું કરી કરીને ૫૦૦-૧૦૦૦નો ભોગ ધરાવે ને ઈશ્વર કરતાં પોતાની જાતને ચડિયાતો સાબિત કરવા માગે છે તેનું જ આપેલું એને આપી પુણ્યશાળી આત્મા બનવાનું નાટક કરે છે. આમ કરશે તો ઈશ્વર દૂર ભાગશે ક્યાં સુધી ઈશ્વરને છેતર્યા કરીશું? એક વાત જાણી લે, પરમાત્માની જાળમાં જાણીબૂઝીને ફસાઈ જઈશ તો ગાવું નઈ પડે ‘કૈલાસકે નિવાસી પ્રભુ, અમને તાર તું’ કારણકે એની એવી ભ્રમણામાં ફસાયા પછી ખબર પડશે મારો દેહ જ એક મંદિર છે એની અંદર જીવ નથી પણ શિવ છે....! ’

શું કહો છો? ■

અંક પ્રગટ થઈ ચૂક્યો છે

જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ

પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું 'મુંબઈ સમાચાર'નું પ્રગતિ-પ્રેરક પંચાંગ

વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ

મુંબઈ સમાચાર કિંમત: ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨

પંચાંગકર્તા: સોનલ શાહ ■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮ ■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો

મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩

રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬ ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.

ઓલા, ઉબેર, રેપિડો ભૂલી જાઓ!

# રાજ્ય સરકારની એપ-આધારિત પેસેન્જર સુવિધા શરૂ કરવાની વિચારણા

## જય મહારાષ્ટ્ર, મહા-રાઈડ, મહા-યાત્રી અથવા મહા-ગો નામ પર વિચાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ઓલા, ઉબેર, રેપિડો જેવી ખાનગી કંપનીઓની એપ-આધારિત પેસેન્જર વાહન સેવાને નાગરિકોના મળતા ભારે પ્રતિસાદ અને આ સેવાઓ દ્વારા નાગરિકોની થઈ રહેલી લૂંટને રોકવાના હેતુથી, તેમ જ આ કંપનીઓ થોડા દિવસો પહેલા હડતાળ પર ઉતરી ત્યારે મુસાફરોને થયેલી પરેશાનીને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર નવો વિકલ્પ શોધી રહી છે. ઉપરાંત, આ કંપનીઓના ડ્રાઇવરોના ગેરવર્તન અને મુસાફરી દરમિયાન સલામતીની ચિંતા ઉપસ્થિત થાય છે. રાજ્ય સરકારે આ બધાનો ઉકેલ શોધી કાઢ્યો છે. રાજ્ય સરકાર એપ-આધારિત પેસેન્જર વાહન સેવા શરૂ કરવાનું વિચારી રહી છે, એવી માહિતી પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઈકે આપી છે.

મુસાફરોના પરિવહન માટે એપ-આધારિત રિક્ષા, ટેક્સી અને ઈ-બાઈક સેવાઓ હવે ફક્ત ખાનગી કંપનીઓ સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ પરિવહન વિભાગના સહયોગથી આવી સેવા શરૂ કરવામાં આવશે, એમ (જુઓ પાનું ૪) ▸▸

મૈસૂરના ગૅરેજમાં ડ્રગ્સ બનાવવાનું કારખાનું

# ₹ ૩૮૨ કરોડનું એમડી જપ્ત



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વસઈમાં મળી આવેલી ડ્રગ્સ બનાવતી લૅબોરેટરીના કેસની તપાસમાં મુંબઈ પોલીસે કર્ણાટક રાજ્યના મૈસૂર ખાતે ધમધમતા મેફેડ્રોન (એમડી) બનાવતા કારખાનાનો પર્દાફાશ કર્યો હતો. ગૅરેજની આડમાં ચલાવાતા આ કારખાનામાંથી સાકીનાકા પોલીસે અંદાજે ૩૮૨ કરોડ રૂપિયાનું એમડી જપ્ત કર્યું હતું. આ કેસમાં અત્યાર સુધીમાં ૩૯૦ કરોડ રૂપિયાના એમડી સાથે આઠ આરોપીની ધરપકડ કરવામાં આવી હતી.

ડેપ્યુટી પોલીસ કમિશનર દત્તા નલાવડેએ જણાવ્યું હતું કે સાકીનાકા પોલીસે મળેલી માહિતીને આધારે એપ્રિલના છેલ્લા સપ્તાહમાં વસઈના કામણ ગાંવ ખાતેની એક લૅબોરેટરી પર કાર્યવાહી કરી ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. લૅબોરેટરીમાં એમડી ડ્રગ બનાવવામાં આવતું હતું. અંદાજે આઠ કરોડ રૂપિયાનું એમડી અને લૅબોરેટરીમાંનાં સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. વસઈની લૅબોરેટરીના કેસની તપાસમાં પોલીસે શુક્રવારે બાન્દ્રા રેક્લેમેશન ખાતેથી આરોપી સલીમ ઈમ્તિયાઝ શેખ ઉર્ફે સલીમ લંગડા (૪૫)ની ધરપકડ કરી (જુઓ પાનું ૪) ▸▸

# શનિ શિંગણાપુર મંદિર ટ્રસ્ટના ડેપ્યુટી સીઈઓનો આપઘાત

## મંદિરના વહીવટમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થયા બાદ અધિકારીએ ગળાફાંસો ખાતાં વિવાદ વકરવાનો અણસાર

મુંબઈઃ અહિલ્યાનગર જિલ્લામાં આવેલા પ્રસિદ્ધ શ્રદ્ધાસ્થાન શનિ શિંગણાપુર મંદિર ટ્રસ્ટના ડેપ્યુટી ચીફ એક્ઝિક્યુટિવ ઑફિસરે (સીઈઓ) કથિત આપઘાત કર્યો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. મંદિરના વહીવટમાં ભ્રષ્ટાચારના આક્ષેપો થયાના સપ્તાહ બાદ અધિકારીએ ગળાફાંસો ખાતાં હવે વિવાદ વકરવાના અણસાર જણાઈ રહ્યા છે. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના સોમવારે પ્રકાશમાં આવી હતી. શ્રી શનેશ્વર દેવસ્થાનના ડેપ્યુટી સીઈઓ નીતિન શેટે (જુઓ પાનું ૪) ▸▸

રેવ પાર્ટી કેસ

# ખડસેના જમાઈની ધરપકડ શંકાસ્પદઃ સંજય રાઉત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રેવ પાર્ટીના કેસમાં એનસીપી (એસપી)ના નેતા એકનાથ ખડસેના જમાઈની ધરપકડ થયાના બીજા દિવસે શિવસેના (યુબીટી)ના સાંસદ સંજય રાઉતે સોમવારે એવો દાવો કર્યો હતો કે ભાજપના નેતા ગિરીશ મહાજનને કથિત હની ટ્રેપ કૌભાંડ સાથે જોડવા બદલ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાનને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. નવી (જુઓ પાનું ૪) ▸▸

### સત્ય ટૂંક સમયમાં સામે આવશેઃ રોહિણી ખડગે

એનસીપી (એસપી)ના વરિષ્ઠ નેતા એકનાથ ખડસેના જમાઈ પ્રાંજલ ખેવલકરની ધરપકડનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. રાજકીય વર્તુળોમાં આરોપો અને પ્રતિ-આરોપ લગાવવામાં આવી રહ્યા છે. પ્રાંજલ ખેવલકર પર રેવ પાર્ટીનું આયોજન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો છે. આ પૃષ્ઠભૂમિમાં, હવે રોહિણી ખડસેએ તેમના પતિને ટેકો આપ્યો (જુઓ પાનું ૪) ▸▸

કાકા-ભત્રીજાની લડાઈ હવે મામા-ભાણેજ સુધી પહોંચશે?

# જયંત પાટીલના ભત્રીજાના ઘરે અજિત પવારનું રાત્રિભોજન અને બંધબારણે ચર્ચા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ હંમેશા એવી ચર્ચા થાય છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં અજિત પવાર અને જયંત પાટીલ વચ્ચે સંબંધો બહુ સારા નથી, પરંતુ હવે અજિત પવારે એક નવી રાજકીય રમત રમી છે. શરદ પવારની પાર્ટીના નેતા અને જયંત પાટીલના ભત્રીજા, ભૂતપૂર્વ પ્રધાન પ્રાજક્ત તનપુરેના ઘરે અજીત પવારે બંધ બારણે ચર્ચા કરી હતી. આનાથી પ્રાજક્ત તનપુરેના મામા જયંત પાટીલનો ઉત્સાહ વધ્યો છે. નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર અહિલ્યાબાઈ નગર જિલ્લાની એક દિવસની મુલાકાતે હતા. વિવિધ વિકાસ કાર્યોને લઈને અજિત પવાર રાહુરી વિધાનસભા ક્ષેત્રમાં પણ પહોંચ્યા હતા. અત્યારે, ભાજપના નેતા શિવાજીરાવ કર્ડિલે આ મતદારસંઘમાંથી વિધાનસભા ચૂંટણી ૨૦૨૪માં જીતી ગયા છે. તેમણે જયંત પાટીલના ભત્રીજા પ્રાજક્ત તનપુરેને હરાવ્યા હતા. પ્રાજક્ત તનપુરે હાલમાં શરદ પવારની પાર્ટીમાં છે અને મહા વિકાસ આઘાડી (એમવીએ) સરકારમાં રાજ્યકક્ષાના પ્રધાન તરીકે પણ કામ કરી ચૂકી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં, જયંત પાટીલ (જુઓ પાનું ૪) ▸▸

# કેબિનેટ પ્રધાન વિરુદ્ધ રાજ્યપ્રધાનના વિવાદમાં ફડણવીસની એન્ટ્રી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સામાજિક ન્યાય ખાતાના કેબિનેટ પ્રધાન સંજય શિરસાટ અને સામાજિક ન્યાય ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન માધુરી મિસાળ વચ્ચે અધિકારીઓની બેઠક યોજવા અંગે થયેલા વિવાદમાં હવે મુખ્ય પ્રધાન ફડણવીસની એન્ટ્રી થઈ છે.

આ બંને પ્રધાનો વચ્ચે છેલ્લા બે અઠવાડિયાથી પત્ર યુદ્ધ શરૂ થયું હતું. શિરસાટે તેમની પરવાનગી વિના બેઠકો ન યોજવી જોઈએ અને બેઠકો યોજવી હોય, તો તે તેમની અધ્યક્ષતામાં હોવી જોઈએ, એવો કડક પત્ર માધુરી મિસાળને લખ્યો હતો.

મિસાળે પણ એ જ ભાષામાં જવાબ આપતાં ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યકક્ષાના પ્રધાન તરીકે, આવી બેઠકો યોજવાનો તેમને અધિકાર છે. તેમણે એવી સ્પષ્ટતા કરી હતી કે આ માટે શિરસાટની પૂર્વ પરવાનગી આવશ્યકતા નથી. હવે મુખ્ય (જુઓ પાનું ૪) ▸▸

# રાજ માતોશ્રી ગયા એનું સૌન આશ્ચર્યઃ સામના

મુંબઈઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરે શિવસેના (યુબીટી)ના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેને ૬૫મા જન્મદિવસની શુભેચ્છા આપવા માતોશ્રી પહોંચશે એવી કોઈને કલ્પના નહોતી એમ શિવસેનાના મુખપત્ર 'સામના'એ સોમવારે જણાવ્યું હતું.સામનાના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ઉદ્ધવને શુભેચ્છા આપવા રાજ માતોશ્રી પહોંચી રહ્યો છે એવી જાણકારી મનસેના નેતા બાલા નાંદગાંવકરે શિવસેના (યુબીટી)ના રાજ્યસભાના સંસદ સભ્ય સંજય રાઉતને ફોન કરીને આપી હતી.

# ઑનલાઈન ગેમ રમવા સાવકી માતાની હત્યા કરી સોનાના દાગીના ચોર્યા

## પુત્રને બચાવવા પિતાએ લોહીના ડાઘ લૂંછ્યાઃ ડૉક્ટર પાસેથી ડેથ સર્ટિફિકેટ મેળવી પત્નીના શબને દાટી દીધું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વસઈમાં બનેલી આંચકાજનક ઘટનામાં ઑનલાઈન ગેમ રમવા માટે રૂપિયાની જરૂર હોવાથી યુવાને સાવકી માતાની હત્યા કરી ઘરમાંથી સોનાના દાગીના ચોર્યા હતા. પુત્રને કાનૂની કાર્યવાહીથી બચાવવા પિતાએ લોહીના ડાઘ લૂંછી ડૉક્ટર પાસેથી ખોટું ડેથ સર્ટિફિકેટ મેળવીને પત્નીના શબને કબ્રસ્તાનમાં દાટી દીધું હતું. પોલીસે પિતા-પુત્રની ધરપકડ કરી ડૉક્ટરને તાબામાં લીધો હતો.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની સવારે વસઈના ગોખિવરેમાં ભાટપાડા ખાતે બની હતી. બૉમ્બે હાઈ કોર્ટમાં પ્રેક્ટિસ કરતી આર્શિયા ખુસરુ (૬૧)ની દીવાલ સાથે માથું પટકીને અને લાત મારીને કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ પ્રકરણે વસઈ પોલીસે સોમવારે આર્શિયાના સાવકા (જુઓ પાનું ૪) ▸▸



**૨૬ જુલાઈની યાદમાંઃ** વીસ વર્ષ પહેલાં, દસ વાગ્યા પછી જ્યારે ૨૬ જુલાઈની ભયંકર સ્થિતિ સર્જાઈ ત્યારે લોકો ખૂબ જ ચિંતિત હતા. લગભગ અડધા કલાકમાં એટલો વરસાદ પડ્યો કે નીચાણવાળા વિસ્તારો સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયા. દરેક વિસ્તારમાં ઘૂંટણ સુધી પાણી જમા થઈ ગયાં હતાં. આવા સમયે 'મુંબઈ સમાચાર'ના ફોટોગ્રાફર જયપ્રકાશ કેળકર સહિત બધાએ જીવ જોખમમાં મૂક્યા હતા અને એવા સ્થળોએ પહોંચ્યા હતા જ્યાં પાણી ભરાયું હતું. ૨૬ જુલાઈ ૨૦૦૫ ના રોજ બનેલી આ ઘટના પર પ્રેસ ક્લબ મુંબઈ ખાતે એક ફોટો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. ભલે આ યાદો ગમે એવી ન હોય, આમ છતાં એવી સ્થિતિમાં કામ કરનારા ફોટોગ્રાફરોની મહેનત જોવા માટે પ્રેસ ક્લબ મુંબઈની મુલાકાત લેવી જોઈએ.

# વરસાદને કારણે ટમેટાં થયાં મોંઘાં

નાશિકઃ છેલ્લા કેટલાક દિવસોથી સતત વરસી રહેલા વરસાદને કારણે ટમેટાંના પાકને નુકસાન થતા જિલ્લાની કૃષિ ઉત્પન્ન બજાર સમિતિઓમાં આવકમાં ઘટાડો થવાને કારણે છૂટક બજારમાં ટામેટાંના ભાવમાં વધારો થયો છે. અઠવાડિયા પહેલા ટમેટાંનો ભાવ ૩૦ થી ૪૦ રૂપિયા પ્રતિ કિલો હતો, તે હવે ૬૦ રૂપિયા પર પહોંચી ગયો છે. સારી ગુણવત્તાવાળા ટમેટાં ૭૦ થી ૮૦ રૂપિયા પ્રતિ કિલોના ભાવે મળી રહ્યા છે. સતત વરસાદને કારણે નવા ટમેટાંનું વાવેતર પણ ધીમું પડી ગયું હોવાથી ભાવમાં વધુ વધારો થવાની શક્યતા છે.

મે મહિનાથી અત્યાર સુધી, અમુક દિવસોના અપવાદ સિવાય, નાસિક સહિત જિલ્લાના ઘણા વિસ્તારોમાં સતત વરસાદ ચાલુ છે. શરૂઆતમાં કમોસમી વરસાદ અને ત્યારબાદ ચોમાસાને કારણે ઉભા પાકને મોટું નુકસાન થયું છે. ખાસ કરીને, સતત વરસાદ સહન ન કરી શકતા પાકને વધુ નુકસાન થયું છે, જેમાં ટમેટાંનો સમાવેશ થાય છે. થોડા દિવસો પહેલા નાસિક બજાર સમિતિમાં દરરોજ ૧૦,૦૦૦ ક્રેટ ટમેટાની આવક થતી હતી, જે હવે ઘટીને છ થી સાત હજાર ક્રેટ થઈ ગઈ છે. નાસિક બજાર સમિતિના સૂત્રોએ જણાવ્યું હતું કે વરસાદને કારણે ટમેટાંના પાકને થયેલા નુકસાનને કારણે (જુઓ પાનું ૪) ▸▸

# ઐતિહાસિક ઘોડબંદર કિલ્લા પર શૂટિંગને મંજૂરી

ભાયંદરઃ મીરા ભાયંદરમાં ઐતિહાસિક ઘોડબંદર કિલ્લા સહિત શાળાઓ, ઉદ્યાનો અને અન્ય ૩૦ સ્થળોએ શૂટિંગ કરવાની મહાનગરપાલિકાએ મંજૂરી આપી છે. વહીવટીતંત્રે મહાનગરપાલિકાની આર્થિક આવક વધારવાના હેતુથી શૂટિંગ માટેની આ નવી નીતિ નક્કી કરી છે.

છેલ્લા કેટલાક વર્ષોથી મરાઠી, હિન્દી અને અન્ય ભાષાઓમાં ફિલ્મો અને સિરિયલોનું શૂટિંગ મીરા ભાયંદરમાં થઈ રહ્યું છે. તેથી આમાંથી આવક મેળવવા અને શહેરને શૂટિંગ માટે આદર્શ શહેર બનાવવા માટે, મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશને તાજેતરમાં એક નવી નીતિ ઘડી છે. આમાં પરવાનગી પ્રક્રિયાને ઓનલાઈન અને સરળ બનાવવા મ્યુનિસિપલ કોર્પોરેશનની આવક નક્કી કરવા અને સુરક્ષાની દ્રષ્ટિએ જરૂરી પગલાં ગોઠવવા માટેની માર્ગદર્શિકા શામેલ છે. વધુમાં શહેરમાં શૂટિંગ અંગે વિવાદ ટાળવા માટે ૩૦ સ્થળોની યાદી તૈયાર કરવામાં આવી છે, જેમાં સ્કૂલ, ડિવાઇડર, રસ્તા, લાઇબ્રેરી, કિલ્લાઓ, ઓડિટોરિયમ અને અન્ય સ્થળોનો સમાવેશ થાય છે. શહેરમાં શૂટિંગ કરતી વખતે ટ્રાફિક વ્યવસ્થા, કચરા વ્યવસ્થાપન, ઇમરજન્સી એન્ટ્રી, અગ્નિશામક યોજનાઓ અને અન્ય જરૂરી બાબતો જેવી સાવચેતી રાખવાની પણ સલાહ આપવામાં આવી છે.

આ ઉપરાંત મહાનગરપાલિકાએ વિસ્તારની સમીક્ષા કર્યા પછી જ ફિલ્માંકન માટે પરવાનગી આપવાનો અધિકાર અનામત રાખ્યો છે. મીરા ભાયંદર મ્યુનિસિપલ કોર્પોરેશને તેની નવી ઘડાયેલી નીતિમાં શૂટિંગ સ્થળે ધ્વનિ પ્રદૂષણ માટે ૫૦,૦૦૦ રૂપિયાનો દંડ, ગેરકાયદેસર શૂટિંગ માટે દસ ગણો દંડ, જાહેર અવરોધો બનાવવા માટે એક લાખ રૂપિયાનો દંડ અને બગીચાઓ અને જાહેર સંપત્તિને નુકસાન પહોંચાડવા માટે ૨૦,૦૦૦ રૂપિયા અને તેથી વધુ દંડની જોગવાઈ કરવામાં આવી છે. ■

# લોભ-લાલચ અને રાજકારણમાં અટવાયો કુંભારવાડાનો સર્વે

મુંબઈ : ધારાવીના કુંભારવાડામાં એક સમયે સંયુક્ત પ્રતિકાર તરીકે જોવામાં મળતા મતભેદો હવે બહાર દેખાવા લાગ્યા છે. છેલ્લા કેટલાક મહિનાઓથી ધારાવી રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ સામેનો સામૂહિક મોરચો ગેરવાજબી માંગણીઓ થકી ગેરમાર્ગે દોરી આધિપત્ય જમાવાતો હતો પરંતુ હવે વાત અલગ વળાંક લઈ રહી છે. એક ગંભીર વાસ્તવિકતા એ ઉભરી રહી છે - કેટલાક રાજકીય રીતે પ્રેરિત તોફાનીઓ દ્વારા ભયનું વાતાવરણ બનાવવામાં આવી રહ્યું છે.

અમુક વેપારીઓ અને રાજકારણ સાથે ઘરોબો ધરાવતા કેટલાક પ્રભાવશાળી વ્યક્તિઓએ આ ચળવળને હાઇજેક કરી લીધી હોય તેવું લાગે છે, જેના કારણે કુંભાર સમુદાયના મોટા વર્ગને પુનર્વિકાસ પ્રોજેક્ટ હેઠળ વધુ સારા જીવન અને નવા ઘરોની તકથી દૂર રાખવામાં આવ્યા છે.

ગયા અઠવાડિયે કુંભારવાડાના ઘણા રહેવાસીઓએ ડીઆરપી હેલ્પલાઇનનો સંપર્ક કર્યો અને તેમના મકાનોનો સર્વે કરાવવાની માંગ કરી. તેમાંથી ઘણા ફક્ત સ્પષ્ટતા, સુરક્ષા અને માથા પર છત ઇચ્છે છે. પરંતુ જ્યારે ડીઆરપી અધિકારીઓ કામ શરૂ કરવા પહોંચ્યા, ત્યારે સ્થાનિક કાર્યકરો અને વિરોધીઓના જૂથ દ્વારા તેમને - એક વાર નહીં, પરંતુ બે વાર અટકાવવામાં આવ્યા હતા, તેમ ડીઆરપી અધિકારીએ જણાવ્યું.

કુંભારવાડાના એક રહેવાસીએ નામ ન આપવાની શરતે જણાવ્યું કે ''સપાટી પર વિરોધ જેવું દેખાય છે. પરંતુ આંતરિક દબાણ, પ્રતિક્રિયાનો ડર અને કેટલાક કિસ્સાઓમાં, પ્રક્રિયાને અટકાવીને લાભ મેળવવા માટે કેટલાક લોકો દ્વારા ગણતરીપૂર્વક વિલંબ કરવાની યુક્તિઓ અજમાવાઇ છે. મોટાભાગના કુંભાર નાના ઝૂંપડાઓમાં રહે છે,''.

ડીઆરપીએ પોતાના તરફથી સ્પષ્ટ કર્યું છે કે સર્વેક્ષણ પૂર્ણ થઈ રહ્યું છે અને ટીમોને હવે ઘરે ઘરે જઈને મુલાકાત લેવાની જરૂર રહેશે નહીં. ડીઆરપી અધિકારીએ જણાવ્યું કે, અમે ધારાવીનો ૯૦ ટકા ભાગ આવરી લીધો છે. કેટલાક વિસ્તારો બાકી છે જ્યાં ખાનગી જમીનમાલિકો અને કુંભારવાડા અને કમ્પાઉન્ડ ૧૩ જેવા કેટલાક વિસ્તારો તરફથી હજુ પણ થોડી મૂંઝવણ છે. ■

# મહાયુતિના છ પ્રધાન અને બે વિધાનસભ્યને બરતરફ કરોઃ શિવસેના (યુબીટી)ની રાજ્યપાલ સમક્ષ માગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં સત્તાધારી મહાયુતિ સરકારમાં કોઈ નૈતિકતા બાકી નથી. વહીવટની જવાબદારી અને સ્વાયત્તતાનું ઉલ્લંઘન થઈ રહ્યું છે. અહંકાર અને સત્તાનો બેફામ દુરુપયોગ, ગેરવહીવટ અને અપારદર્શક વ્યવહારો સતત ચાલુ છે. સમાજમાં વિભાજન અને જાહેર અવ્યવસ્થા પેદા કરતા નિવેદનો મહાયુતિનો 'નિયમ' બની ગયા હોવાનો આરોપ લગાવતા, શિવસેના (યુબીટી)ના નેતાઓએ રાજ્યપાલને મળીને પ્રધાનો સંજય શિરસાટ, માણિકરાવ કોકાટે, પ્રતાપ સરનાઈક, નિતેશ રાણે, યોગશ કદમ અને સંજય રાઠોડને બરતરફ કરવાની માગણી રાજ્યપાલ સી. પી. રાધાકૃષ્ણનને કરતાં બે વિધાનસભ્યો અર્જુન ખોતકર અને સંજય ગાયકવાડ સામે કાર્યવાહી કરવા વિનંતી કરી છે.

રાજ્યપાલને રાજ્ય મંત્રીમંડળમાં ઘણા મંત્રીઓના ગેરવર્તણૂક અને કેસ વિશે એક નિવેદન દ્વારા જાણ કરવામાં આવી હતી. સંજય શિરસાટ, માણિકરાવ કોકાટે, યોગેશ કદમ અને નિતેશ રાણેના ગંભીર કેસની હકીકત રાજ્યપાલ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. શિવસેના ઠાકરે જૂથનું એક પ્રતિનિધિમંડળ રાજ્યપાલને સોમવારે મળ્યું હતું. વિધાન પરિષદના વિપક્ષી નેતા અંબાદાસ દાનવે, વિધાનસભ્યો અનિલ પરબ, મહેશ સાવંત, નીતિન દેશમુખ, મિલિંદ નાર્વેકર, પક્ષના નાયબ નેતા સુષ્મા અંધારે, નાયબ નેતા બબનરાવ થોરાત વગેરે હાજર રહ્યા હતા.

અનિલ પરબે રાજ્યપાલને પુરાવા આપ્યા કે ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન યોગશ કદમની માતાના નામે એક બાર છે, અને ત્યાં એક ડાન્સ બાર ચલાવવામાં આવે છે. જો ગૃહ ખાતાના રાજ્યકક્ષાના પ્રધાન ડાન્સ બાર ચલાવી રહ્યા હોય અને જો તેમના પરિવારના સભ્યો ડાન્સ બાર ચલાવી રહ્યા છે, તો રાજ્યમાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી રાજ્યપાલની છે, એમ જણાવતાં આ પ્રતિનિધિમંડળે કદમને બરતરફ કરવાની માગણી કરી હતી.

સામાજિક ન્યાય પ્રધાન સંજય શિરસાટે ઘણી ગેરરીતિઓ કરીને પ્લોટ ખરીદ્યા છે. હૉટેલ વિટ્સના કેસમાં તેમના પરિવારના નાણાકીય સંબંધો ખુલ્લા પડ્યા છે. તેમના નિવાસસ્થાને એક શંકાસ્પદ બેગમાં મોટી રકમ દેખાતો એક વીડિયો વાયરલ થયો છે. શિવસેના (ઠાકરે) એ રાજ્યપાલ પર સામાજિક ન્યાય વિભાગ દ્વારા બ્લેકલિસ્ટ કરાયેલા કોન્ટ્રાક્ટરને ગેરકાયદેસર કોન્ટ્રાક્ટ આપીને ૧૫૦૦ કરોડ રૂપિયાની ઉચાપત કરવાનો આરોપ લગાવ્યો છે. રાજ્યપાલે કહ્યું હતું કે તેમણે આ બધા કિસ્સાઓ અખબારો અને ચેનલો પર જોયા છે.

કૃષિ પ્રધાન માણિકરાવ કોકાટે સત્ર દરમિયાન ઓનલાઈન પત્તાંની રમત રમતા હોવાનો એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. આ ઘટના વિધાનસભા શિસ્તનું ઉલ્લંઘન છે. કોકાટે હંમેશા ખેડૂતો વિશે અપમાનજનક નિવેદનો આપતા રહ્યા છે. આ વર્ષે એપ્રિલમાં, ખેતીના નુકસાન અંગે પત્રકારો સાથે વાત કરતી વખતે, કોકાટેએ ખેડૂતોનું અપમાન કરીને પૂછ્યું હતું કે, 'શું તમે ઢેખાળાના પંચનામા કરાવવા માંગો છો?' ■

# ૧૯ વર્ષની દિવ્યા દેશમુખ ચેસ વર્લ્ડ ચેમ્પિયન



બૅટુમી (જ્યોર્જિયા) : ભારતીય ચેસના ઇતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરાયો છે. ૧૯ વર્ષીય દિવ્યા દેશમુખે ફિડે મહિલા વર્લ્ડ કપ ૨૦૨૫નું ટાઈટલ જીતી લીધું છે. તેણે વિશ્વની ટોચની મહિલા ચેસ ખેલાડીઓમાંની એક કોનેરુ હમ્પીને હરાવીને આ સિદ્ધિ હાંસલ કરી હતી. ફાઇનલ મેચમાં બંને ભારતીય દિગ્ગજો વચ્ચે જોરદાર સ્પર્ધા જોવા મળી હતી. બંને ક્લાસિકલ ગેમ્સ ડ્રો રહી હતી. ત્યારબાદ રેપિડ ટાઈબ્રેકરમાં નિર્ણય લેવામાં આવ્યો હતો. દિવ્યા દેશમુખે હમ્પીને હરાવીને ટાઈટલ જીતી નવો ઇતિહાસ પણ રચ્યો હતો. તે ચેસ વર્લ્ડ કપ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની હતી.

આ શાનદાર જીત સાથે દિવ્યા દેશમુખ ભારતની ૮૮મી ગ્રાન્ડમાસ્ટર પણ બની ગઈ છે. ગ્રાન્ડમાસ્ટરનું ટાઈટલ ચેસની દુનિયામાં સૌથી પ્રતિષ્ઠિત માનવામાં આવે છે અને તે પ્રાપ્ત કરવું એ કોઈપણ ખેલાડીના કારકિર્દીમાં સૌથી મોટી સિદ્ધિઓમાંની એક છે. આ જીત પછી દિવ્યાને ઇનામ તરીકે લગભગ ૪૩ લાખ રૂપિયા મળશે. હમ્પીને લગભગ ૩૦ લાખ રૂપિયા મળશે.

દિવ્યા ભારતની માત્ર ચોથી મહિલા ચેસ ખેલાડી છે જેણે ગ્રાન્ડમાસ્ટરનું ટાઈટલ મેળવ્યું હતું. ૧૫મા ક્રમાંક સાથે આ ટૂર્નામેન્ટમાં પ્રવેશ કરનાર દિવ્યા માટે આ સફર કોઈ સોનેરી યાદથી ઓછી નથી. દરમિયાન, તેણીએ વિશ્વના મહાન ખેલાડીઓ સાથે સ્પર્ધા કરી અને તેમને પણ હરાવ્યા હતા.

રેપિડ ટાઈબ્રેકરમાં બ્લેક મોહરા સાથે રમીને દિવ્યાએ આ ટૂર્નામેન્ટની ટોચની ક્રમાંકિત અને વર્લ્ડ રેપિડ ચેમ્પિયન હમ્પી સામે ઉત્તમ રમત બતાવી અને જીતીને તેનું સ્વપ્ન પૂર્ણ કર્યું. આ સાથે તેણીએ ગ્રાન્ડ માસ્ટર બનવાના માપદંડ પૂર્ણ કર્યા. આ જીત ૧૯ વર્ષના ખેલાડી માટે મોટી વાત છે જેણે આ ટૂર્નામેન્ટમાં અંડરડોગ તરીકે પ્રવેશ કર્યો હતો. દિવ્યા દેશમુખે આ ટૂર્નામેન્ટમાં ઘણા મોટા અપસેટ સર્જ્યા હતા. તેણીએ બીજા ક્રમની ખેલાડી જિનેર ઝુ (ચીન) ને હરાવી હતી. પછી તેણીએ ભારતની ડી. હરિકાને હરાવી અને સેમિફાઇનલમાં ભૂતપૂર્વ વિશ્વ ચેમ્પિયન તાન ઝોંગીને હરાવી હતી. ■

## આ તો શરૂઆત છે...

### માતાને ભેટીને રડી પડેલી દિવ્યાએ કહ્યું



ભારતની ૧૯ વર્ષીય યુવામહિલા ચેસ ખેલાડી દિવ્યા દેશમુખે જ્યોર્જિયામાં રમાયેલા ફિડે મહિલા વર્લ્ડકપ ૨૦૨૫માં ટાઈબ્રેકરમાં ભારતની કોનેરુ હમ્પીને હરાવીને ઈતિહાસ રચ્યો હતો. આ જીત પછી ભાવુક દિવ્યા પોતાના આંસુ રોકી શકી નહોતી. જીત પછી દિવ્યાએ કહ્યું હતું કે મને આ (જીત) સમજવા માટે સમય લાગશે. મને લાગે છે કે આ નસીબની વાત હતી કે મને આ રીતે ગ્રાન્ડમાસ્ટરનું ટાઈટલ મળ્યું હતું કારણ કે આ ટૂર્નામેન્ટ પહેલા મારી પાસે એક પણ (ગ્રાન્ડમાસ્ટર) નોર્મ નહોતું અને હવે હું ગ્રાન્ડમાસ્ટર છું. મારા માટે હાલમાં બોલવું મુશ્કેલ છે, પરંતુ હજુ ઘણું હાંસલ કરવાનું બાકી છે. મને આશા છે કે આ ફક્ત શરૂઆત છે.

બે વખતની વર્લ્ડ રેપિડ ચેમ્પિયન હમ્પીને હરાવ્યા બાદ દિવ્યા ભાવુક થઈ ગઈ હતી અને પોતાની માતાને ગળે લગાવીને રડવા લાગી હતી. ■

## મોદી-મુર્મૂએ પાઠવ્યા અભિનંદન

રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારતીય ચેસ મહિલા ખેલાડી દિવ્યા દેશમુખને ફિડે મહિલા વર્લ્ડ કપ જીતવા બદલ અને કોનેરુ હમ્પીને રનર-અપ બનવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

દિવ્યાને સોશ્યલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર અભિનંદન આપતા રાષ્ટ્રપ્રમુખે કહ્યું હતું કે, દિવ્યા દેશમુખને મારા હાર્દિક અભિનંદન, આ આપણા દેશમાં ખાસ કરીને મહિલાઓમાં પ્રતિભાને દર્શાવે છે.

દરમિયાન વડા પ્રધાન મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'એક્સ' પર દિવ્યાને અભિનંદન આપતા કહ્યું હતું કે ''બે ઉત્કૃષ્ટ ભારતીય ચેસ ખેલાડીઓ વચ્ચેની ઐતિહાસિક ફાઇનલ. યુવા દિવ્યા દેશમુખને ફિડે મહિલા વિશ્વ ચેસ ચેમ્પિયન ૨૦૨૫ બનતા જોઈને ગર્વ થાય છે.'' ■

# ખૂબ દુઃખાવો છે પણ ટેસ્ટ માટે તૈયાર છુંઃ સ્ટૉક્સ



મૅન્ચેસ્ટરઃ ઈંગ્લેન્ડના કેપ્ટન બેન સ્ટોક્સે ઈજા હોવા છતાં ઓવલ ખાતે ભારત સામેની પાંચમી અને અંતિમ ટેસ્ટમાં રમવાનો સંકેત આપ્યો હતો અને કહ્યું હતું કે ''પીડા ફક્ત એક ચોક્કસ લાગણી છે'' પરંતુ તેણે તેના થાકેલા બોલિંગ આક્રમણને ફરીથી ચેતનવંતુ કરવાની જરૂરિયાત સ્વીકારી હતી.

ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતેના અંતિમ દિવસની રમતમાં કેપ્ટન શુભમન ગિલ, રવિન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરની સદીની મદદથી ભારત ચોથી ટેસ્ટ મેચ ડ્રો કરવામાં સફળ રહ્યું હતું. મેચમાં છેલ્લા કલાકમાં નાટકીય જોવા મળી હતી. સ્ટોક્સ મેચ ડ્રો જાહેર કરવાની માગ કરી રહ્યો હતો જ્યારે ભારત મેચ રમવા માગતું હતું. રવિવારે ૧૧ ઓવર બોલિંગ કરનારા સ્ટોક્સે કહ્યું હતું કે તે તેના જમણા બાયસેપ ટેન્ડનમાં દુખાવાનો અનુભવ કરી રહ્યો છે. સ્ટોક્સને ત્રણ દિવસમાં ઓવલમાં રમવાની તેની શક્યતાઓ વિશે પૂછવામાં આવતા તેણે કહ્યું હતું કે ''હું મારા શબ્દોને પાછા ખેંચવા માગતો નથી પણ હું પાંચમી ટેસ્ટ રમીશ નહીં તેની શક્યતા ખૂબ જ ઓછી છે. હું હંમેશાં બધું આપવાનો પ્રયાસ કરીશ, હંમેશા ટીમ માટે તમામ મુશ્કેલીઓ પાર કરવાનો પ્રયત્ન કરીશ.''

તેણે કહ્યું કે તેને આશા છે કે ઈજા સ્વસ્થ થઈ જશે. આ અઠવાડિયે ઓલરાઉન્ડર તરીકે મારું કામ કરવામાં ઘણો સમય વિતાવ્યો જેથી ઈજામાં વધારો થયો છે. ''બોલિંગ કરવી મુશ્કેલ કામ છે. મને ખૂબ દુખાવો થઈ રહ્યો છે. હું પ્રયાસ કરતો રહીશ, આગળ વધતો રહીશ અને જેમ હું બધા બોલરોને કહું છુંઃ પીડા ફક્ત એક લાગણી છે.''

સ્ટોક્સ ચાલુ સિરીઝમાં સંપૂર્ણ તાકાત સાથે બોલિંગ કરી રહ્યો છે. હાલમાં ૧૭ વિકેટો સાથે ટોચનો વિકેટ લેનાર બોલર છે. સ્ટોક્સે કહ્યું હતું કે દરેકનું મૂલ્યાંકન થશે અને આશા છે કે આપણે આગામી બે કે ત્રણ દિવસના આરામના સમયગાળાનો સમજદારીપૂર્વક ઉપયોગ કરી શકીશું અને પછી નિર્ણય લેવો પડશે. ■

## ઈંગ્લેન્ડની ટીમમાં ઓલરાઉન્ડર જેમી ઑવર્ટનનો સમાવેશ

લંડનઃ ત્રણ વર્ષ પહેલા પોતાની કારકિર્દીની એકમાત્ર ટેસ્ટ મેચ રમનાર ઓલરાઉન્ડર જેમી ઑવર્ટનને ગુરુવારથી ઓવલ ખાતે શરૂ થનારી ભારત સામેની પાંચમી અને અંતિમ ટેસ્ટ માટે ઇંગ્લેન્ડની ૧૫ સભ્યોની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. સરેના આ ૩૧ વર્ષીય ઓલરાઉન્ડરે ૨૦૨૨માં લીડ્સમાં ન્યૂઝીલેન્ડ સામે પોતાના કરિયરની એકમાત્ર ટેસ્ટ મેચ રમી હતી જેમાં તેણે બે વિકેટ ઝડપી હતી અને ૯૭ રન ફટકાર્યા હતા. તેણે આ વર્ષે ઇન્ડિયન પ્રીમિયર લીગમાં ચેન્નઈ સુપર કિંગ્સ માટે ત્રણ મેચ રમી હતી.

### ઈંગ્લેન્ડ ટીમ

બેન સ્ટોક્સ (કેપ્ટન), જોફ્રા આર્ચર, ગસ એટકિન્સન, જેકબ બેથેલ, હેરી બ્રુક, બ્રાયડન કાર્સ, જેક ક્રૉવલી, લિયામ ડોસન, બેન ડકેટ, જેમી ઓવર્ટન, ઓલી પોપ, જો રૂટ, જેમી સ્મિથ, જોશ ટંગ, ક્રિસ વોક્સ.■

હેડ-કોચ ગંભીરે પણ તીર છોડ્યું


# 'શું બ્રિટિશરો ટેસ્ટ વહેલી ડ્રો કરવા માટે સંમત થયા હોત?'

મૅન્ચેસ્ટરઃ બે દમદાર ઑલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરે ટીમ ઇન્ડિયાને પરાજયથી બચાવીને ચોથી ટેસ્ટ ડ્રોની નજીક લાવી દીધી ત્યારે તેમને તેમની સેન્ચુરીથી વંચિત રાખવાની બ્રિટિશ કેપ્ટન બેન સ્ટોક્સ અને મેદાન પરની તેની ટોળકીની બદદાનતને ઉઘાડી પાડી દીધી અને યાદગાર સદી પૂરી કર્યા પછી જ ડ્રો માટે સંમતિ આપી એ ઘટના ટેસ્ટ ક્રિકેટના ૧૪૮ વર્ષના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાશે.

બેન સ્ટોક્સે જાડેજા-વોશિંગ્ટનની સેન્ચુરી પહેલાં જ મેચને વહેલી ડ્રો કરાવવાની કાકલૂદી કરી હતી, પરંતુ જાડેજા-વોશિંગ્ટને એ ઑફર સાફ નકારી હતી જેનાથી સ્ટોકસ નારાજ થયો હતો.

શુભમન ગિલ (૧૦૩ રન, ૨૩૮ બોલ, ૩૭૯ મિનિટ, બાર ફોર),

રવીન્દ્ર જાડેજા (૧૦૭ અણનમ, ૧૮૫ બોલ, ૨૧૮ મિનિટ, એક સિક્સર, તેર ફોર) અને વોશિંગ્ટન સુંદર (૧૦૧ નોટઆઉટ, ૨૦૬ બોલ, ૨૯૮ મિનિટ, એક સિક્સર, નવ ફોર)ની યાદગાર સદી તેમ જ કે. એલ. રાહુલ (૯૦ રન, ૨૩૦ બોલ, ૩૦૦ મિનિટ, આઠ ફોર)ની અસરદાર ઇનિંગ્સને કારણે બ્રિટિશરો વિજયથી વંચિત રહ્યા અને ભારતીય ટીમે પોતાની શરતે મેચ (ટેસ્ટ) ડ્રો કરાવી.



જાડેજા અને વોશિંગ્ટન પોતાની સેન્ચુરી પૂરી કરે એ પહેલાં જ (મેચના નિર્ધારિત અંતના એક કલાક પહેલાં) બેન સ્ટોકસે મેચને ડ્રો જાહેર કરાવવા માટે જે વિનંતી કરી હતી એ વિશે ભારતીય ટીમના હેડ-કોચ ગૌતમ ગંભીરે મેચ પછી પત્રકારો સાથેની વાતચીત દરમ્યાન બ્રિટિશ ખેલાડીઓને ધ્યાનમાં લઈને અણિયાળો સવાલ પૂછતાં કહ્યું હતું કે 'જો બ્રિટિશરો અમારી જગ્યાએ હોત તો તેઓ પોતાના લડાયક બેટ્સમેનોની સેન્ચુરી પૂરી થતાં પહેલાં જ ડ્રોની જાહેરાત માટે સહમત થયા હોત?'

ગંભીરે પત્રકારો સાથેની વાતચીતમાં બ્રિટિશરોને નિશાન બનાવીને એવું પણ કહ્યું હતું કે 'કોઈ બેટ્સમેન અસાધારણ લડત બતાવીને મેચને ડ્રોની નજીક લાવે અને એમાંનો એક પ્લેયર ૯૦ રન પર રમી રહ્યો હોય અને બીજો ૮૫ રન પર હોય તો શું એ બે બેટ્સમેન સેન્ચુરી પૂરી ન કરે? જાડેજા અને વોશિંગ્ટન તેમની એ સદી ડીઝર્વ કરતા જ હતા. આ બે ખેલાડીઓ પોતાના હાથે પોતાનો ઇતિહાસ લખી રહ્યા છે. ઇંગ્લેન્ડની ટીમમાં આ જ રીતે કોઈ બે બેટ્સમેનને સેન્ચુરી પૂરી કરવાનો મોકો મળ્યો હોત તો તેમણે સેન્ચુરી પૂરી ન કરી હોત?'

ગંભીરે બ્રિટિશ ટીમ વિશે ટકોર કરતા એવું પણ જણાવ્યું હતું કે ' જાડેજા અને વોશિંગ્ટન ટીમ ઇન્ડિયાને મોટી મુશ્કેલીમાંથી બહાર લાવ્યા હતા અને તેમને પોતાની સદી પૂરી કરવી હતી એમાં તેમણે ખોટું શું કર્યું? તેમને સદી સુધી પહોંચવું હતું અને એમાં સદનસીબે તેઓ સફળ થયા હોત.'

પહેલા દાવમાં ભારતે ૩૫૮ રન કર્યા પછી ઇંગ્લેન્ડે ૬૬૯ કરીને ૩૧૧ રનની સરસાઈ લીધી હતી. જોકે રાહુલના ૯૦ રન ઉપરાંત ગિલ, જાડેજા અને વોશિંગ્ટને જે સેન્ચુરી ફટકારી એની મદદથી ભારતે ૩૧૧ રનની લીડ ઉતારીને બીજા ૧૧૪ રન કર્યા હતા.

બેન સ્ટોક્સની વિનંતી સાથે જાડેજા અને વોશિંગ્ટન સંમત ન થયા ત્યારે સ્ટોક્સે જાડેજાને કટાક્ષમાં પૂછ્યું હતું કે 'તારે શું અમારા બેટ્સમેન હેરી બ્રુકની બોલિંગમાં સેન્ચુરી પૂરી કરવી છે? એવી તારી ઈચ્છા છે?' જાડેજાએ તેને જવાબમાં કહ્યું હતું કે 'હવે હું તને શું કહું? શું કરવું એ હવે તું નક્કી કર.' ■

# મેં વજન ઘટાડવા માટે બોક્સિંગની શરૂઆત કરી હતીઃ વર્લ્ડકપ મેડલ વિજેતા હિતેશ ગુલિયા

નવી દિલ્હી : એક દાયકા પહેલા વધુ વજન ધરાવતો સ્કૂલનો છોકરો તેના પરિવારના કહેવાથી થોડા કિલો વજન ઘટાડવા અને તેની ફિટનેસ સુધારવા માટે ઝજ્જરના એક સ્થાનિક સ્ટેડિયમમાં આવ્યો હતો. તે છોકરો આજે ૨૧ વર્ષનો હિતેશ ગુલિયા (૭૦ કિલો) આંતરરાષ્ટ્રીય બોક્સિંગ સર્કિટમાં લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે, તેણે બ્રાઝિલ અને કઝાકિસ્તાનમાં આયોજિત વર્લ્ડ કપમાં અનુક્રમે ગોલ્ડ અને સિલ્વર મેડલ જીત્યા હતા. હિતેશને તે ક્ષણ સારી રીતે યાદ છે જ્યારે તેની સફરની શરૂઆત થઈ હતી.


હિતેશે પીટીઆઇને કહ્યું હતું કે ''જ્યારે અમે ૨૦૧૫માં અમારા પૈતૃક ગામ (જહાંગીરપુર)થી ઝજ્જર શહેરમાં આવ્યા હતા, ત્યારે ત્યાં એક સ્થાનિક સ્ટેડિયમ હતું. મારા માતાપિતાએ મને ત્યાં જવા, થોડું દોડવા અને ફિટ રહેવા કહ્યું કારણ કે હું ચોથા ધોરણમાં હતો પરંતુ મારું વજન ૫૦-૫૫ કિલો હતું. બોક્સરે કહ્યું હતું કે તે સમયે તેને આ રમતને પ્રોફેશનલ રીતે અપનાવવાની કોઈ ઇચ્છા નહોતી. તેણે કહ્યું હતું કે સ્ટેડિયમમાં હું ત્યાં ગયો જ્યાં બોક્સિંગ ચાલી રહ્યું હતું અને ફિટ થવા માટે ટ્રેનિંગમાં સામેલ થયો હતો.

મારો બોક્સિંગમાં કારકિર્દી બનાવવાનો કોઈ ઇરાદો નહોતો. પણ પછી એક દિવસ કોચે મને બોક્સિંગ કરવા કહ્યું હતું.

બોક્સિંગની તાલીમના શરૂઆતના તબક્કામાં બહુ ખૂબ ઓછી કે બિલકુલ પ્રેક્ટિસ કરતો નહોતો કારણ કે બોક્સરો મુખ્યત્વે સ્ટેમિના વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. મેં મારા હરિફને મુક્કો માર્યો અને કોચે મારામાં ક્ષમતા જોઈ હતી. તે પછી મને મારા રાજ્ય માટે જિલ્લા સ્તરની ટુર્નામેન્ટ માટે પસંદ કરવામાં આવ્યો હતો. હું પહેલી મેચ હારી ગયો પણ મારા પરિવારને લાગ્યું કે હું બોક્સિંગ કરી શકું છું. હિતેશના પિતા સત્યપ્રકાશ, જેઓ પોતાના પરિવારનું ગુજરાન ચલાવવા માટે એક ખાનગી ટ્રાવેલ કંપનીમાં ટેક્સી ડ્રાઇવર તરીકે કામ કરતા હતા, તેમણે તેમના પુત્રની સફળતામાં મોટી ભૂમિકા ભજવી છે. ઓછી આવક હોવા છતાં પાંચ ભાઈ-બહેનોમાં સૌથી નાના હિતેશને ક્યારેય પોતાના પરિવારના સંઘર્ષનો બોજ અનુભવવા દેતા નહોતા અને શાંતિથી સંઘર્ષ કરવામાં મદદ કરવા બદલ પોતાના પિતાને શ્રેય આપે છે.

હિતેશે કહ્યું હતું કે પપ્પા એક કંપની માટે કેબ ચલાવતા હતા. મારી પાસે પૈસા કેવી રીતે મેનેજ કરવામાં આવ્યા તેનો કોઈ જવાબ નથી. મારા પિતાએ ઘણું બલિદાન આપ્યું. ઘૂંટણની સમસ્યા હોવા છતાં તેઓ ડબલ શિફ્ટમાં કામ કરતા હતા. તેમણે મને ક્યારેય કંઈ કહ્યું નહીં અને ક્યારેય મને પૈસાની ચિંતા કરવા દીધી નહીં. હિતેશને બીજા બે ભાઈઓ અને બે બહેનો છે. ■

# ટીમ ઈન્ડિયા 'ગ્રેટ' છે એ અમે પુરવાર કર્યું : ગિલ



માન્ચેસ્ટરઃ ભારતીય કેપ્ટન શુભમન ગિલનું માનવું છે કે ઇંગ્લેન્ડ સામે ચોથી ટેસ્ટ મેચના છેલ્લા દિવસે ઐતિહાસિક પ્રદર્શન કરીને હાર ટાળવાનો આત્મવિશ્વાસ લોકેશ રાહુલ સાથેની તેમની ભાગીદારીથી શરૂ થયો હતો. મેચ ડ્રો કરીને ટીમે બતાવ્યું છે કે તેઓ શા માટે 'મહાન ટીમ' છે. ભારતીય ટીમે પ્રથમ ઇનિંગમાં ૩૧૧ રનથી પાછળ રહ્યા બાદ બીજી ઇનિંગમાં શૂન્ય રન પર બે વિકેટ ગુમાવી દીધી હતી, પરંતુ ગિલ, રવીન્દ્ર જાડેજા અને વોશિંગ્ટન સુંદરે શાનદાર સદી ફટકારીને ટીમ ઈન્ડિયાને હારથી બચાવી હતી. આ પરિણામ સાથે, ભારત પાસે હવે પાંચ મેચની શ્રેણી બરાબર કરવાની તક હશે.

ગિલે કહ્યું હતું કે ''૧૪૦ ઓવર સુધી સમાન માનસિકતા જાળવી રાખવી ખૂબ જ પડકારજનક છે. સારી ટીમ અને મહાન ટીમ વચ્ચે આ જ તફાવત છે. મને લાગે છે કે અમે આજે બતાવ્યું કે અમે કેમ એક મહાન ટીમ છીએ.'' તેણે કહ્યું હતું કે, ''શૂન્ય રનમાં બે વિકેટ ગુમાવ્યા પછી મને લાગે છે કે મારી અને કેએલ (રાહુલ) ભાઈ વચ્ચેની ભાગીદારીએ આશા જગાવી કે અમે આ કામ કરી શકીશું. હું ખૂબ જ ખુશ છું. ગઈકાલે અમે જે સ્થિતિમાં હતા ત્યાંથી મેચ ડ્રો કરવી ખૂબ જ સંતોષકારક છે.''

રાહુલે ધીરજ અને એકાગ્રતા બતાવી અને ૯૦ રન ફટકાર્યા હતા અને ગિલ સાથે ત્રીજી વિકેટ માટે ૧૮૮રનની ભાગીદારી કરીને ટીમ માટે મજબૂત પાયો નાખ્યો હતો. આ પછી જાડેજા અને સુંદરે ઈંગ્લેન્ડના બોલરોને સફળતાથી દૂર રાખ્યા હતા.

વૉશિંગ્ટન સુંદર માટે આ ઇનિંગ્સ ખૂબ જ ખાસ હતી કારણ કે તે તેની પ્રથમ ટેસ્ટ સદી હતી. સુંદરે કહ્યું હતું કે, ''મને લાગે છે કે આ સદી મારા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે અને હું તેને મારા પરિવારને સમર્પિત કરવા માગું છું કારણ કે મેં ક્રિકેટ રમવાનું શરૂ કર્યું તે પહેલા દિવસથી જ તેઓએ મને ખૂબ ટેકો આપ્યો છે.'' ■

# જસપ્રીત બુમરાહ પાંચમી ટેસ્ટ રમશે એવું લાગે છે

### શુભમન ગિલે કહ્યું કે એ રમશે તો અમારા માટે મોટી વાત છે



મઘન્ચેસ્ટરઃ ભારતીય કેપ્ટન શુભમન ગિલે કહ્યું હતું કે જો ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહ ઇંગ્લેન્ડ સામેની વર્તમાન શ્રેણીની નિર્ણાયક પાંચમી ટેસ્ટ મેચમાં રમશે તો તે ટીમ માટે મોટી વાત હશે, કારણ કે ટીમની મૂળ યોજના તેને ત્રણ મેચ સુધી મર્યાદિત રાખવાની હતી.

ગિલે બીબીસીના 'ટેસ્ટ મેચ સ્પેશિયલ' કાર્યક્રમમાં કહ્યું હતું કે, ''જો તેને લાગે છે કે તે સંપૂર્ણપણે ફિટ છે અને અમારા માટે ઉપલબ્ધ છે તો મને લાગે છે કે તે અમારા માટે મોટી વાત હશે. જો તે રમી શકતો નથી તો પણ મને લાગે છે કે અમારી પાસે સારું બોલિંગ આક્રમણ છે.''

ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીરે પુષ્ટિ કરી હતી કે ઓવલ ટેસ્ટ પહેલા બધા ફાસ્ટ બોલરો પસંદગી માટે ઉપલબ્ધ છે અને આગામી મેચમાં બુમરાહની રમવાની શક્યતાને નકારી નહોતી. ગંભીરે કહ્યું હતું કે, બધા ફાસ્ટ બોલરો ઉપલબ્ધ છે. કોઈને ઈજા થવાની આશંકા નથી. ■

## ફાઈનલ ટેસ્ટમાં શાર્દુલ અને કંબોજ થઈ શકે છે આઉટ

મૅન્ચેસ્ટરઃ ઇંગ્લેન્ડમાં પાંચ મેચની ટેસ્ટ સીરિઝ તેના અંતિમ તબક્કામાં પહોંચી ગઈ છે પરંતુ ઓલ્ડ ટ્રેફર્ડ ખાતે યાદગાર ડ્રો કરવા છતાં ભારત હજુ પણ ઓવલ ખાતે રમાનારી પાંચમી અને અંતિમ મેચ પહેલા તેની શ્રેષ્ઠ પ્લેઈંગ ઈલેવન ખાસ કરીને યોગ્ય બોલિંગ કોમ્બિનેશન શોધી રહ્યું છે. ટીમ ઈન્ડિયાએ સીરિઝ દરમિયાન બેસ્ટ બોલરના બદલે આઠમા નંબર સુધી સારા બેટ્સમેનને પસંદ કરવાનો નિર્ણય લીધો જેના પર સતત સવાલ ઉઠાવવામાં આવી રહ્યા છે,

અંશુલ કંબોજનું ટેસ્ટ ક્રિકેટમાં સારું ડેબ્યૂ થયું ન હતું અને તેના સ્થાને પાંચમી ટેસ્ટમાં સંપૂર્ણપણે ફિટ આકાશદીપ અથવા પ્રસિદ્ધ કૃષ્ણાને પ્લેઇંગ ઇલેવનમાં સામેલ કરવામાં આવી શકે છે.

જો ઓવલમાં પણ આ જ બેટિંગ લાઈનઅપ હશે તો ધ્રુવ જુરેલ સાતમા નંબરે બેટિંગ કરવા આવશે અને ભારત શાર્દુલ ઠાકુરને પડતો મુકીને ચાર નિષ્ણાત બોલરો સાથે રમી શકે છે. કુલદીપ યાદવને ચોથા બોલર તરીકે સામેલ કરવામાં આવી શકે છે. ■

# રવીન્દ્ર જાડેજાએ મૅન્ચેસ્ટરની પીચને ચૂમી, તસવીરો સોશ્યલ મીડિયા પર વાયરલ



મૅન્ચેસ્ટરઃ ભારતીય ક્રિકેટ ટીમના ઓલરાઉન્ડર રવીન્દ્ર જાડેજા મેન્ચેસ્ટરમાં અલગ જ અંદાજમાં જોવા મળ્યા હતા. રવીન્દ્ર જાડેજાએ આ મેચને ડ્રો કરાવ્યા બાદ મેન્ચેસ્ટરની પીચને ચૂમી હતી. જેની તસવીરો સોશ્યલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. રવીન્દ્ર જાડેજાએ આ પીચ પર મુશ્કેલ સ્થિતિમાં સદી ફટકારીને રેકોર્ડ પણ બનાવ્યો હતો. મેન્ચેસ્ટર ટેસ્ટ મેચ ડ્રો થયા બાદ રવીન્દ્ર જાડેજાએ ઇંગ્લેન્ડના ખેલાડીઓ અને મેચ અમ્પાયર્સ સાથે હાથ મિલાવ્યા હતા. આ ઉપરાંત તેમણે પીચને હાથ લગાડીને તેને નમન કર્યું. તેની માટી હાથમાં લઈને ચૂમી હતી.■

## ૧૮૫ બોલમાં ૧૦૭ રન ફટકાર્યા

મેન્ચેસ્ટર ટેસ્ટ મેચમાં રવીન્દ્ર જાડેજાની બેટિંગની શરૂઆત તેમને મળેલા જીવતદાનથી થઈ હતી. જૉ રુટે તેમનો કેચ છોડયા બાદ તેમણે સમગ્ર મેચની તસવીર બદલી નાખી. રવીન્દ્ર જાડેજાએ ઇંગ્લેન્ડ વિરુદ્ધ મેન્ચેસ્ટર ટેસ્ટમાં સદી ફટકારી હતી. તેમણે ૧૮૫ બોલમાં ૧૦૭ રન ફટકાર્યા હતા. જે તેમના ટેસ્ટ કેરિયરની પાંચમી સદી હતી. જયારે આ દરમિયાન વોશિંગ્ટન સુંદરે પણ જાડેજા સાથે ૩૩૪ બોલમાં અણનમ ૨૦૩ રન ફટકારી રેકોર્ડ ભાગીદારી કરી હતી.■

## પીચની મદદ વિના આ શક્ય ન હતું

રવીન્દ્ર જાડેજાએ પીચને નમન કર્યું કે કારણ કે આ પીચની મદદ વિના આ શક્ય ન હતું. જેમાં મેચ બાદ બેન સ્ટોકસે જણાવ્યું હતું કે પીચમાં અનઈવન બાઉન્સ હતો. જે રાઈટ હેન્ડર બેસ્ટમેન માટે હતો પરંતુ લેફ્ટ હેન્ડર બેસ્ટમેન માટે નહીં. ભારત માટે સારી બાબત એ રહી કે મેચ ડ્રો કરાવવા ઝઝૂમી રહેલા બંને બેટ્સમેન જાડેજા અને સુંદર લેફ્ટ હેન્ડર હતા. ■

# બૅડમિન્ટન સ્ટાર લક્ષ્ય સેનને સુપ્રીમ કોર્ટે રાહત આપી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે ભારતના ટોચના બેડમિન્ટન ખેલાડી લક્ષ્ય સેન, તેમના પરિવારના સભ્યો અને કોચ સામે બનાવટી જન્મ પ્રમાણપત્રના કેસમાં નોંધાયેલ એફઆઈઆર રદ કર્યો હતો. ન્યાયાધીશ સુધાંશુ ધૂલિયા અને જસ્ટિસ અરવિંદ કુમારની બેન્ચે કહ્યું હતું કે સેન વિરુદ્ધ ફોજદારી કાર્યવાહી ચાલુ રાખવી અયોગ્ય છે અને તે કોર્ટ પ્રક્રિયાનો દુરુપયોગ છે. સુપ્રીમ કોર્ટે અગાઉ કર્ણાટક સરકાર અને ફરિયાદી એમ.જી. નાગરાજને નોટિસ જાહેર કરી હતી, જેમણે લક્ષ્ય સેન અને તેમના ભાઈ ચિરાગ સેનના જન્મ પ્રમાણપત્રો નકલી હોવાનો આરોપ લગાવ્યો હતો.

સુપ્રીમ કોર્ટ કર્ણાટક હાઈ કોર્ટના ૧૯ ફેબ્રુઆરીના આદેશને પડકારતી અરજી પર સુનાવણી કરી રહી હતી. ■

# અમેરિકા સાથેની ટ્રેડ ડીલની અનિશ્ચિતતા વચ્ચે ત્રીજા સત્રમાં સેન્સેક્સ ગબડ્યો, વધુ ૫૭૨ પૉઈન્ટ તૂટ્યા, નિફ્ટી ૧૫૬ પૉઈન્ટ ગબડ્યો

મુંબઈ: અમેરિકા સાથેની ટ્રેડ ડીલ અંગેની અનિશ્ચિતતા જળવાઈ રહેતાં આજે સતત ત્રીજા સત્રમાં સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં બૉમ્બે સ્ટોક એક્સચેન્જના ૩૦ શૅરના બૅન્ચમાર્ક સેન્સેક્સમાં ૫૭૨.૦૭ પૉઈન્ટનો અને નેશનલ સ્ટોક એક્સચેન્જના ૫૦ શૅરના બૅન્ચમાર્ક નિફ્ટીમાં વધુ ૧૫૬.૧૦ પૉઈન્ટનો કડાકો નોંધાયો હતો. વધુમાં આજે ખાસ કરીને કોટક મહિન્દ્રા બૅન્કનાં પરિણામો નબળા આવ્યા હોવાથી શૅરના ભાવમાં ૭.૫૦ ટકા તૂટી જતાં અન્ય બૅન્કિંગ તથા ફાઈનાન્સ ક્ષેત્રના શૅરો પણ દબાણ હેઠળ અવવ્યા હતા.

બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગત શુક્રવારના ૮૧,૪૬૩.૦૯ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૧,૨૯૯.૯૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૦,૭૭૬.૪૪ અને ઉપરમાં ૮૧,૫૫૭.૪૧ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૫૭૨.૦૭ પૉઈન્ટ અથવા તો ૦.૭૦ ટકાના ઘટાડા સાથે ૮૦,૮૯૧.૦૨ની સપાટીએ બંધ રહ્યો હતો. તેમ જ આજે નેશનલ સ્ટોક એક્સચેન્જનો બૅન્ચમાર્ક નિફ્ટી ગત શુક્રવારના ૨૪,૮૩૭ના બંધ સામે ૨૪,૭૮૨.૪૫ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૨૪,૬૪૬.૬૦ અને ઉપરમાં ૨૪,૮૮૯.૨૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે આગલા બંધ સામે ૧૫૬.૧૦ પૉઈન્ટ અથવા તો ૦.૬૩ ટકા ઘટીને ૨૪,૬૮૦.૯૦ની સપાટીએ બંધ રહ્યો હતો.

વિશ્લેષકોના મતાનુસાર તાજેતરમાં જાહેર થઈ રહેલા નિરુત્સાહી પરિણામો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીનું દબાણ રહેતાં આજે સતત ત્રીજા સત્રમાં ઑલ ફોલ ડાઉનનું વલણ જોવા મળી રહ્યું હોવાનું જિઓજીત ફાઈનાન્સિયલ સર્વિશીસનાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવતાં ઉમેર્યું હતું કે નબળા કોર્પોરેટ પરિણામો, અમેરિકા સાથે ટ્રેડ ડીલમાં થઈ રહેલા વિલંબ તેમ જ વિદેશી સંસ્થાકીય રોકાણકારોની સતત વેચવાલી રહેતાં બજારમાં અમુક અંશે સાવચેતીનો અભિગમ પણ જોવા મળી રહ્યો હતો. જોકે, અમેરિકા યુરોપ વચ્ચે ટ્રેડ ડીલમાં પ્રગતિ થઈ હોવાના અહેવાલને ધ્યાનમાં લેતા વૈશ્વિક વેપારોની અનિશ્ચિતતાના જોખમો ઘટાડો થવાથી થોડી રાહત જોવા મળી હતી. તેમ છતાં હવે રોકાણકારોની નજર આવતીકાલથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે કેમ કે બેઠકના અંતે ફેડરલના અધ્યક્ષ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત અંગે સંકેત આપે છે કે નહીં તેના પર બજારની ચાલ અવલંબિત રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

કોટક મહિન્દ્રા બૅન્કે આજે જાહેર કરેલા વર્તમાન નાણાકીય વર્ષના જૂન અંતના પહેલા ત્રિમાસિકગાળાના પરિણામોમાં બૅન્કનો ચોખ્ખો કોન્સોલિડેટેડ નફો આગલા વર્ષના




સમાનગાળાના રૂ. ૩૦૦૦ કરોડનાં જનરલ ઈન્સ્યોરન્સના હિસ્સા સાથેનાં રૂ. ૭૪૪૮ કરોડ સામે રૂ. ૪૪૭૨ કરોડની સપાટીએ રહ્યો હતો. આમ એકંદર નફામાં સાધારણ વધારો થતાં રિટેલ વેપારી વાહનોનું વેચાણ દબાણ હેઠળ રહ્યું હોવાના નિર્દેશો સાથે શૅરના ભાવમાં ૭.૫૦ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. વધુમાં આઈટી ક્ષેત્રની અગ્રણી કંપની ટીસીએસએ ૧૨,૦૦૦ કર્મચારીઓને છૂટા કરવાનો નિર્ણય લીધો હોવાના નિર્દેશો સાથે ટીસીએસના શૅરના ભાવમાં પણ ૧.૭૬ ટકા જેટલો ઘટાડો નોંધાયો હતો. આ સિવાય સેન્સેક્સ હેઠળના મુખ્ય ઘટનાર શૅરોમાં બજાજ ફાઈનાન્સમાં ૩.૬૪ ટકાનો, ભારતી એરટેલમાં ૨.૩૫ ટકાનો, ટિટાનમાં ૧.૭૬ ટકાનો અને ભારત ઈલેક્ટ્રોનિક્સ લિ.માં ૧.૪૮ ટકાનો ઘટાડો આવ્યો હતો.

આજે સેન્સેક્સ હેઠળના ૩૦ શૅર પૈકી માત્ર સાત શૅરના જ ભાવ વધીને બંધ રહ્યા હતા. જેમાં હિન્દુસ્તાન યુનિલિવરમાં ૧.૨૩ ટકાનો, એશિયન પેઈન્ટ્સમાં એક ટકાનો, આઈસીઆઈસીઆઈ બૅન્કમાં ૦.૮૨ ટકાનો, પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૦.૪૩ ટકાનો, એચડીએફસી બૅન્કમાં ૦.૧૮ ટકાનો, આઈટીસીમાં ૦.૧૧ ટકાનો અને ઈન્ફોસિસમાં ૦.૦૩ ટકાનો સુધારો નોંધાયો હતો. એકંદરે આજે કુલ ૪૨૯૯ શૅરમાં કામકાજ થયા હતા, જેમાં ૧૨૫૬ શૅરના ભાવ વધીને અને ૨૮૮૧ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા, જ્યારે ૧૬૨ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ આજે ૧૨૫ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૮૯ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા અને આઠ શૅરમાં નીચલી અને આઠ શૅરમાં ઉપલી સર્કિટ લાગી હતી.

આજે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧.૩૧ ટકાનો અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૭૩ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે બીએસઈ ખાતેના સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં રિઅલ્ટી ઈન્ડેક્સમાં ૪.૧૧ ટકાનો, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સમાં ૧.૫૬ ટકાનો, કેપિટલ ગૂડ્સ ઈન્ડેક્સમાં ૧.૪૯ ટકાનો, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ડેક્સમાં ૧.૪૦ ટકાનો, ટેક્નોલૉજી ઈન્ડેક્સમાં ૧.૨૧ ટકાનો અને મેટલ ઈન્ડેક્સમાં ૧.૦૬ ટકાનો ઘટાડો આવ્યો હતો, જ્યારે એફએમસીજી અને યુટિલિટી ઈન્ડેક્સમાં સુધારો જોવા મળ્યો હતો.

દરમિયાન આજે એશિયન બજારોમાં જાપાનના નિક્કી ૨૨૫માં નરમાઈ હતી, જ્યારે દક્ષિણ કોરિયાના કોસ્પિમાં, શાંઘાઈનાં એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને હોંગકોંગના હેંગસેંગમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. તેમ જ આજે યુરોપના બજારોમાં પણ મધ્યસત્ર દરમિયાન સુધારો જોવા મળ્યો હતો. આ સિવાય આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૯૧ ટકા વધીને બેરલદીઠ ૬૯.૦૫ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

## ડૉલર સામે રૂપિયામાં આરંભિક સુધારો ધોવાઈને અંતે ૧૬ પૈસા ખાબક્યો

મુંબઈ: સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે સત્રના આરંભે ડૉલર સામે રૂપિયામાં એક તબક્કે ૧૨ પૈસાનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, ત્યાર બાદ માસાન્તને કારણે તેલ આયાતકારોની ડૉલરમાં નીકળેલી લેવાલી, વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈનું વલણ અને ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૯૭૯.૯૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા સત્રના અંતે ડૉલર સામે રૂપિયો આગલા બંધ સામે ૧૬ પૈસા ખાબકીને ૮૬.૬૮ના મથાળે બંધ રહ્યો હતો. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૬.૫૨ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૬.૪૭ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૬.૬૮ અને ઉપરમાં ૮૬.૪૦ની રેન્જમાં રહ્યા બાદ અંતે ૧૬ પૈસાના ઘટાડા સાથે સત્રની નીચી ૮૬.૬૮ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે અમેરિકાની યુરોપ સાથેની ટ્રેડ ડીલનાં અહેવાલ સાથે આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહ્યું હતું. તેમ જ રૂપિયા સહિતના તમામ એશિયન ચલણો નબળાં પડ્યાં હોવાથી રૂપિયામાં ઘસારો આવ્યો હતો. આ ઉપરાંત સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં વેચવાલી તથા માસાન્તને કારણે તેલ આયાતકારોની ડૉલરમાં પ્રબળ લેવાલી રહેતાં ગબડતાં રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું એચડીએફસી સિક્યોરિટીઝનાં વિશ્લેષક દિલીપ પરમારે જણાવતા ઉમેર્યું હતું કે આગામી સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં ૮૬.૧૦ની સપાટી મહત્ત્વની ટેકાની અને ૮૬.૭૫ની સપાટી પ્રતિકારક સપાટી પુરવાર થાય તેવી શક્યતા જણાય છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૫૪ ટકા વધીને ૯૮.૧૭ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ આગલા બંધ સામે ૦.૮૫ ટકા ઉછળીને બેરલદીઠ ૬૯.૦૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી અનુક્રમે ૫૭૨.૦૭ પૉઈન્ટ અને ૧૫૬.૧૦ પૉઈન્ટ ઘટીને બંધ રહ્યાના અહેવાલ હતા.

## ચાંદી ₹ ૧૩૫૮ તૂટને ₹ ૧.૧૩ લાખની અંદર, સોનામાં ₹ ૫૮નો ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ગત શુક્રવારે ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કોમેક્સ વિભાગ પર સલામતી માટેની માગ ઓસરતા સોનાના ભાવ ૧૭ જુલાઈ પછીની નીચી સપાટી સુધી તૂટ્યા હતા. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી પીછેહઠ નોંધાતા લંડન ખાતે સત્રના આરંભે સોનાના હાજર અને વાયદાના ભાવમાં ઘટ્યા મથાળેથી સાધારણ સુધારો જોવા મળ્યા બાદ ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હતા. તેમ જ ચાંદીના ભાવ પણ ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયો ૧૬ પૈસા તૂટ્યો હોવાથી આયાત પડતરો વધી આવતા સ્થાનિક ઝવેરી બજારમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૮નો સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં ગત શુક્રવારના વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ ભાવમાં કિલોદીઠ રૂ. ૧૩૫૮નો ઘટાડો આવ્યો હતો અને રૂ. ૧,૧૩,૦૦૦ની સપાટીની અંદર ઊતરી ગયા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ખાસ કરીને ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ જળવાઈ રહેવાની સાથે ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી છૂટીછવાઈ ખપપૂરતી રહેતાં વેરારહિત ભાવ કિલોદીઠ રૂ. ૧૩૫૮ના ઘટાડા સાથે રૂ.



૧,૧૨,૯૮૪ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે સોનામાં પણ ગત શુક્રવારના વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્ટોકિસ્ટો અને રોકાણકારો ઉપરાંત જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ શુષ્ક રહી હતી. તેમ છતાં ડૉલર સામે રૂપિયામાં નરમાઈ જળવાઈ રહેતાં આયાત પડતરો વધી આવતાં વેરારહિત ધોરણે ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૮ના સુધારા સાથે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૮,૦૫૨ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૯૮,૪૪૬ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ડૉલર ઈન્ડેક્સના નરમાઈના અન્ટરટોન સાથે સોનાના હાજર અને વાયદામાં આરંભિક તબક્કે સુધારો જોવા મળ્યા બાદ ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા ધોરણે ક્વૉટ થઈ રહ્યા હતા, જેમાં હાજરમાં ભાવ ઔંસદીઠ ૩૩૫.૮૭ ડૉલર અને વાયદામાં ૩૩૩૫.૩૦ ડૉલર આસપાસ તેમ જ હાજરમાં ચાંદીના ભાવ ઔંસદીઠ ૩૮.૧૨ ડૉલર આસપાસના મથાળે ટકેલા ક્વૉટ થઈ રહ્યા હતા.

ગઈકાલે રવિવારે અમેરિકાએ યુરોપિયન યુનિયન સાથે નિર્ધારિત કરેલા વેપાર કરાર અંતર્ગત અમેરિકા યુરોપિયન યુનિયનથી થતી આયાત સામે અગાઉ આપેલી ૩૦ ટકાની ટૅરિફની ધમકીની સરખામણીમાં ૧૫ ટકા ટૅરિફ લાદશે. આમ અમેરિકાના વૈશ્વિક વેપાર માટે ત્રીજા કરાર થયા હતા. જોકે, હજુ સ્પિરિટ સહિતની અન્ય મુખ્ય ચીજો પરની ટૅરિફના મુદ્દાઓનો ઉકેલ બાકી છે. આમ એકંદરે આ કરાર સાથે વેપારી તણાવ હળવો થવાથી સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું રિલાયન્સ સિક્યોરિટીઝનાં વિશ્લેષક જિગર ત્રિવેદીએ જણાવતા ઉમેર્યું હતું કે આજે ડૉલર ઈન્ડેક્સમાં સાધારણ નરમાઈ જોવા મળતાં સોનાને અમુક અંશે ટેકો મળ્યો છે.

વધુમાં અમેરિકા અને ચીનના વાટાઘાટકર્તાઓ આજે મળનાર છે. જેમાં લાંબા સમયથી વણઉકેલાયા આર્થિક મુદ્દાઓના ઉકેલની અને ઊંચા ટૅરિફ દરના અમલની મુદત વધારવા અંગે ચર્ચા થવાની શક્યતા જણાય છે. આમ એકંદરે હાલની વૈશ્વિક આર્થિક સ્થિતિને ધ્યાનમાં લેતા સોનામાં મોટો ઉછાળો આવે તેવી શક્યતા નકારતા ત્રિવેદીએ જણાવ્યું હતું કે હાલ તો બજારની નજર આવતીકાલથી શરૂ થઈ રહેલી અમેરિકી ફેડરલ રિઝર્વની બે દિવસીય નીતિવિષયક બેઠક પર સ્થિર થઈ છે. જોકે, આ બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર ૪.૨૫થી ૪.૫૦ ટકાની સપાટીએ છે તે યથાવત્ રાખે તેવી શક્યતા હોવા છતાં બજારની નજર બેઠક પશ્ચાત્ ફેડરલના અધ્યક્ષ જૅરૉમ પૉવેલ ભવિષ્યમાં વ્યાજદરમાં કપાત અંગે કોઈ સંકેત આપે છે કે નહીં તેના પર મંડાયેલી રહેશે, એમ તેમણે ઉમેર્યું હતું.

### મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

## ઑગસ્ટના મુક્ત વેચાણ માટે ૨૨.૫ લાખ ટન ખાંડ છૂટી કરાઈ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના આરંભે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ એકંદરે જળવાઈ રહી હતી. જોકે, આજે મિડિયમ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગમાં થોડી વૃદ્ધિ તેમ જ અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી ભાવમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં અને નાકા ડિલિવરી ધોરણે માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે મોડી સાંજે સરકારે આગામી ઑગસ્ટ મહિનાના મુક્ત વેચાણ માટે ૨૨.૫ લાખ ટન ખાંડ છૂટી કરી હોવાનું એક યાદીમાં જણાવ્યું હતું. તેમ જ વર્તમાન જુલાઈ મહિનાના વણ વેચાયેલા ક્વૉટા પૈકીના માલોના વેચાણ માટે કોઈ એક્સ્ટેન્શન આપવામાં ન આવ્યું હોવાની પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૩૨થી ૩૯૯૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં પ્રબળ માગ ઉપરાંત અમુક માલની ગુણવત્તા પણ સારી આવી હોવાથી તેના વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૯૨થી ૪૦૬૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા. જોકે, આજે મોડી સાંજે ઑગસ્ટના મુક્ત વેચાણ માટેના ક્વૉટાની જાહેરાત પશ્ચાત્ મથકો પર ભાવમાં ક્વિન્ટલે રૂ. ૫૦નો ઉછાળો આવ્યો હોવાના અહેવાલો હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૨૦થી ૩૮૭૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૦૦થી ૩૯૮૦માં ટકેલા ધોરણે થયા હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું.

## સ્ટોકિસ્ટોની વેચવાલીએ ટીનમાં વધુ ₹ ૨૬ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ચોક્કસ ધાતુઓમાં નરમાઈનું વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ખાસ કરીને ટીનમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૨૭નો ઘટાડો આવ્યો હતો. આ સિવાય કોપર વાયરબારમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય વેરાઈટીઓ, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ચારનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે એકમાત્ર નિકલમાં સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી છૂટીછવાઈ લેવાલી રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ ધાતુઓમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ખાસ કરીને ટીનમાં સતત બીજા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને વપરાશકાર ઉદ્યોગની માગ નિરસ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૨૭ના ઘટાડા સાથે રૂ. ૩૦૦૬ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે છેલ્લા બે સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૪૫નો ઘટાડો આવ્યો છે.

વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવમાં ઘટાડો જોવા મળ્યો હતો તેમાં કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૮૫૦ અને રૂ. ૮૩૯, કોપર આર્મિચર, બ્રાસ શીટ કટિંગ્સ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૮૨૮, રૂ. ૫૯૫ અને રૂ. ૨૬૮ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૭૬૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે એકમાત્ર નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. પાંચના સુધારા સાથે રૂ. ૧૩૪૦ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર વાયરબાર, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.



## રિફાઈન્ડ તેલ અંગે ગેરમાર્ગે દોરતા સોશિયલ મીડિયા પરના દાવાઓ સામે પગલાં લેવા ઉદ્યોગનો અનુરોધ



નવી દિલ્હી: સ્થાનિક ખાદ્યતેલ ઉદ્યોગનાં સંગઠન સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિયેશને આજે સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઑથોરિટી (સીસીપીએ) અને ખાદ્ય સલામતી નિયામક ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ ઑથોરિટી ઑફ ઈન્ડિયા (એફએસએસએઆઈ)ને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર રિફાઈન્ડ ખાદ્યતેલ અંગે થઈ રહેલા ભ્રામક પ્રચાર સામે પગલાં લેવા અનુરોધ કર્યો છે.

સીસીપીએ અને એફએસએસએઆઈને લખેલા પત્રમાં એસોસિયેશને જણાવ્યું હતું કે ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ એટ ધ રેટ ઑફ સાત્વિકમુવમેન્ટ પર વાયરલ થયેલા વીડિયોમાં રિફાઈન્ડ ખાદ્યતેલને રાસાયણિક અને ઝેરી ગણાવીને ચેતવણી આપવામાં આવી છે જે હકિકતથી વિપરીત અને ચિંતાજનક છે.

આ વીડિયોનો પ્રચાર-પ્રસાર ઘણો થયો હોવાથી ગ્રાહકોમાં મૂંઝવણ વધી છે અને તેઓના મનમાં રિફાઈન્ડ ખાદ્યતેલની સલામતી અંગે શંકાઓ ઉદ્ભવી રહી છે. નોંધનીય બાબત એ છે કે ભારતમાં રિફાઈન્ડ ખાદ્યતેલનો વપરાશ બહોળો હોય છે. વધુમાં એસોસિયેશને ચેતવણી આપી હતી કે આવી ગેરમાર્ગે દોરતી માહિતીઓથી માત્ર ગ્રાહકોના વિશ્વસનીયતા પર માઠી અસર નથી પાડતી પરંતુ ખેડૂતોનાં જીવનધોરણ અને દેશની ખાદ્ય સલામતીની અર્થયંત્રણાની વિશ્વસનિયતાને પણ ઠેસ પહોંચાડે છે. આથી વૈજ્ઞાનિક તથ્યોને આધારે ગ્રાહકોને માહિતી પહોંચાડવા પર ઉદ્યોગે ભાર મૂક્યો હતો.

જોકે, આ વીડિયોના જવાબમાં ઔદ્યોગિક સંગઠને રિફાઈન્ડ ખાદ્યતેલની વૈજ્ઞાનિક અને નિયમનકારી વાસ્તવિકતાઓને પુરાવા આધારિત તથ્યોના સ્પષ્ટીકરણ સાથે એક જાહેર નોંધ બહાર પાડી છે. એસોસિયેશને જણાવ્યું હતું કે દેશમાં ખાદ્યતેલની કુલ વપરાશી માગ પૈકી ૮૫ ટકા માગ રિફાઈન્ડ થયેલા સોયાબીન, સનફ્લાવર, રાઈસબ્રાન અને કપાસિયા તેલની હોય છે એને તેનું પ્રોસેસિંગ ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ ઑથૉરિટી ઑફ ઈન્ડિયાનાં વૈશ્વિક કક્ષાનાં ધારાધોરણોને અનુસરીને થતું હોય છે.

વધુમાં એસોસિયેશને ફૂડ ગ્રેડના હેક્સેનના ઉપયોગની તરફદારી કરતાં કહ્યું હતું કે તે સલામત અને નિયમનકારી છે. હેક્સેન એ ફૂડ ગ્રેડ દ્રાવક છે જેનો ઉપયોગ તેલનાં એક્સ્ટ્રેક્શનમાં થાય છે અને પ્રક્રિયા દરમિયાન તેને દૂર કરવામાં આવે છે અને તેની માત્રા પણ એફએસએસએઆઈ દ્વારા નિર્ધારિત અને વૈશ્વિક સ્તરે સ્વીકૃત પાંચ પીપીએમ સુધીની હોય છે.

એસોસિયેશને પ્રોસિસિંગ વૈજ્ઞાનિક ઢબે અને મંજૂર કરવામાં આવેલ ધોરણે થાય તેના પર ભાર મૂકતા જણાવ્યું હતું કે સાથે સાથે ખાદ્યતેલની સલામતી અને ટકાઉપણા માટે તેમાંથી કુદરતી રીતે રહેલાં અશુદ્ધ તત્ત્વોને દૂર કરવા પણ જરૂરી છે. તેમ જ ડિઓડરાઈઝેશનની પ્રક્રિયામાં એફએસએસએઆઈનાં તમામ ધારાધોરણોનો કડકપણે અમલ થઈ રહ્યો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

એકંદરે વીડિયોમાં વાયરલ થયેલ તમામ સંદેશ દેશનાં કૃષિ અર્થતંત્ર સામે જોખમો ઊભા કરનાર, ગ્રાહકોને હતોત્સાહિત કરનાર, તેલિબીયાની ખેતીને નુકસાન કરનાર અને ભારે નિયમનકારી દબાણ હેઠળ કાર્ય કરતાં ઉદ્યોગની વિશ્વસનિયતાને ક્ષતિ પહોંચાડનાર હોવાનું એસોસિયેશને યાદીમાં ઉમેર્યું હતું.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u



પવિત્ર શ્રાવણ માસના પ્રથમ સોમવારે સોમનાથ જ્યોતિર્લિંગ ખાતે મોટી સંખ્યામાં ભક્તો ઊમટ્યા હતા. આ પાવન દિવસે સોમનાથ મહાદેવને ભવ્ય રીતે બીલીપત્રના શૃંગારથી સજાવવામાં આવ્યા હતા.

# માંડવીમાં થયેલી પાંચ લાખની લૂંટના ચકચારી ગુનામાં ભુજના કૉંગ્રેસી નગરસેવકના પુત્ર સહિત બે ઝડપાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આજથી બે મહિના અગાઉ કચ્છના માંડવી શહેરમાં અમદાવાદના ફાઈનાન્સર યુવક સાથે છરીની અણીએ પાંચ લાખ રૂપિયાની લૂંટ કરવાના ચકચારી ગુનામાં અત્રેની સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ભુજના જાણીતા નગરસેવક મહેબુબ પંખેરીયાના પુત્ર અબરાર સહિત બે શખ્સની ધરપકડ કરી લીધી હતી.

(તસવીર– હિતેશ સોની, જૂનાગઢ)

પૂર્વ આયોજિત કાવતરાં મુજબ રસ્તામાં મોપેડ પર આવેલા બે બુકાનીધારી સાગરીતોએ છરી બતાડી, જાનથી મારી નાખવાની ધમકી આપીને પાંચ લાખ રોકડાં રૂપિયા ભરેલા થેલાને આંચકીને નાસી ગયાં હતા.

અત્યારસુધી ચાલેલી તપાસ બાદ આખરે સ્થાનિક ગુન્હાશોધક શાખાએ ભુજના વૉર્ડ નંબર એકના કૉંગ્રેસી નગરસેવક કમ આર.ટી.ઓ એજન્ટ મહેબુબ પંખેરીયાના પુત્ર અબરાર (રહે. ઓધવ વંદના, એરપોર્ટ રોડ, ભુજ) અને ભુજના રહિમનગરમાં રહેતા સોહિલ સલીમ ચાવડાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ ગુના અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, ગત ૧૯મી મેના રોજ માંડવીના મહિલા બાગ પાસે આ લૂંટનો બનાવ બનવા પામ્યો હતો જેમાં સગા મામા અને માસીના દીકરા સાથે ભાગીદારીમાં ગોલ્ડ ફાઈનાન્સ કંપની ચલાવતો અમદાવાદનો ઓમ પરેશ શાહ નામનો યુવક, સોના પર લોન મેળવી, સોનાને છોડાવી ના શકતાં મજબૂર લોકોના દાગીના છોડાવી બજાર ભાવ કરતાં બે ટકા ઓછાં ભાવે છોડાવેલું સોનુ ખરીદે છે.

તેમની ફાઈનાન્સ કંપનીની સોશ્યલ મીડિયા પર પ્રગટ થયેલી જાહેરાત જોઈને માંડવીના મોટા સલાયાના અવેશ અલીમામદ સોઢાએ વોટસએપ પર ઓમનો સંપર્ક કર્યો હતો. ■

(તસવીર– ઉત્સવ વૈદ્ય, ભૂજ)



# ધોળાવીરામાં ભેજમાંથી પીવાનું શુદ્ધ પાણી બનાવતાં મશીન મુકાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઇટ તરીકે જાહેર કરેલા પ્રાચીન નગર ધોળાવીરામાં ૧૮૦૦થી ૨૦૦૦ ટીડીએસવાળા પીવાના પાણીથી ટેવાયેલા ગ્રામજનોને પીવાનું શુદ્ધ પાણી મળી રહે તેવા ઉમદા હેતુથી હવામાં રહેલા ભેજમાંથી પાણી બનાવતા અને દૈનિક ૧૦૦૦ લીટર પાણી બનાવતા બે હાઇટેક વોટર મશીન મુકવામાં આવ્યાં છે.

આ અત્યાધુનિક મશીન થકી તમામ પ્રકારના વિટામિન- મીનરલવાળુ શુદ્ધ પીવાલાયક પાણી મળી રહે છે. પાણીમાં ટોટલ ડિસોલ્ડ સોલિડ્સ (ટીડીએસ)ની માત્રાનું પ્રમાણ વધારે હોય તો સ્વાસ્થ્ય સંબંધિત જેવી કે પાચન, હૃદય અને કિડનીની સમસ્યાઓ થઈ શકે છે.

આ હેરિટેજ સિટીમાં નર્મદાનું પાણી કમભાગ્યે આજદિન સુધી પહોંચ્યુ ન હોવાથી ગ્રામજનો પાંચ-સાત કિલોમીટર દૂર આવેલા તળાવો પર નિર્ભર રહેતા હતા. સારા વરસાદમાં ગામના તળાવો ભરાય ત્યારે ઓછું ટીડીએસવાળું પાણી મળે પણ ઉનાળા, શિયાળામાં ગામના બોરવેલમાં જોખમી ટીડીએસવાળું પાણી પીવા મજબૂર થવું પડતું હતું.

નવા મુકાયેલા મશીનોની આ ટેકનોલોજી હવાને શુદ્ધ કરવા માટે ફિલ્ટર્સની શ્રેણીનો ઉપયોગ કરે છે. હવાને શોષી લીધા પછી અને તેમાં રહેલો ભેજ કાઢવા માટે ઠંડું કરી, જે પાણી બને છે તેને ટ્રીટ કરવામાં આવે છે અને સ્વચ્છ પીવાના પાણીમાં રૂપાંતરિત કરવામાં આવે છે. આ અંગે ધોળાવીરા ગામના સરપંચ ઝીલુભા સોઢાએ જણાવ્યું હતું કે, ગાંધીધામમાં ફરજ બજાવી રહેલા કેન્દ્રના એક અધિકારી ફરવા માટે આવ્યા હતા.

અહીં પુરાતન નગરી નિહાળીને ગ્રામીણોને મળ્યા અને પીવાના પાણી અંગે પડી રહેલી તકલીફ અંગે જાણકારી મેળવી હતી. ત્યારબાદ આ અધિકારીએ કચ્છમાં કાર્યરત કેટલીક ખાનગી કંપનીઓને ભલામણ કરતા તેમના સીએસઆર ફંડમાંથી મુંબઇની એક કંપની પાસેથી ૨૫ લાખની કિંમતના બે એર વોટર મશીન ગામમાં લગાવી દીધા છે. જાળવણીના ખર્ચ માટે આગામી સમયમાં ગ્રામજનો પાસેથી ૨૦ લિટર પાણીના રૂ.૧૦ જેટલા રૂપિયા લેવાશે તેમ તેઓએ ઉમેર્યું હતું.■

# પ્રમુખ દ્વારા આચરવામાં આવતા કથિત ભ્રસ્ટાચારથી નારાજ કચ્છ જિલ્લા લિગ્નાઇટ ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના સભ્યોએ એડહોક સમિતિ રચી

ભુજ: કચ્છ જિલ્લાના લિગ્નાઇટ ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના હાલના વરાયેલા પ્રમુખથી નારાજ થયેલા સદસ્યોએ લિગ્નાઇટ ટ્રાન્સપોર્ટર્સની પાંચ સભ્યની એડહોક સમિતિ રચી હતી. આ ટ્રાન્સપોર્ટ એસોસિયેશનના પ્રમુખ સતીશ મીરાણી દ્વારા ચાલતી ડ્રો પદ્ધતિમાં થઇ રહેલી ગેરરીતિઓ અંગેના ગંભીર આક્ષેપ સાથે અનેક સદસ્યોએ બળવો કર્યા બાદ એક ખાનગી હોટેલ ખાતે બે દિવસ પૂર્વે મળેલી બેઠકમાં સર્વાનુમતે એડહોક સમિતિની રચના કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ એડહોક સમિતિની અવધિ એક વર્ષની રહેશે અને દર વર્ષે પાંચ-પાંચ નવા સદસ્યની નિમણૂક થશે જેમાં દરેક સભ્ય વારાફરતી સદસ્ય બનશે. આ સમિતિ ટ્રાન્સપોર્ટના પ્રશ્નોને વાચા આપી યોગ્ય સ્થળે રજૂઆત કરી નિરાકરણ લાવવા પ્રયત્ન કરાશે. એડહોક સમિતિના પાંચ સદસ્ય તરીકે ગંગારામ ઉર્ફે રાજેન્દ્ર ભાણજી પટેલ,ધ્રુવલ ધીરજ ઠક્કર, ક્રિષ્ના નારાણ કોઠીવાર, રણછોડ અરજણ માતા અને કાના માંડા રબારીની સર્વાનુમતે વરણી કરાઇ છે તેવું જાણવા મળ્યું હતું. ■

# શ્રાવણના પ્રથમ સોમવારે સોમનાથ સહિત સૌરાષ્ટ્રના શિવાલયોમાં ભકતોનું ઘોડાપૂર ઉમટ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પવિત્ર શ્રાવણ માસના પ્રારંભથી સોમનાથ સહિત સૌરાષ્ટ્રના દરેક શિવમંદીરોમાં ભાવિકો અભિષેક, પૂજન, રૂદ્રી, શીવ મહીમ્ન સ્ત્રોતના પાઠ સહિતના અનુષ્ઠાનોમાં લીન બન્યા હતા. દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ સોમનાથ દાદાને શીશ નમાવવા વહેલી સવારથી જ ભક્તોએ લાઈન લગાવી હતી. સોમનાથ મહાદેવને ૧.૨૫ લાખથી વધુ બિલ્વપત્રોથી વિશિષ્ટ શૃંગાર કરવામાં આવ્યો હતો. આ ભવ્ય શૃંગાર દર્શન કરવા હજારો શ્રદ્ધાળુઓ સોમનાથમાં ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટ જિલ્લાના જસદણ પાસે આવેલા ઘેલા સોમનાથ મહાદેવ મંદિર ખાતે પણ ભોળાનાથના ભક્તો મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા.

નાગેશ્વર જ્યોતિર્લિંગ મંદિરે પણ શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઊમટી પડ્યા હતા. વહેલી સવારે જ ભક્તો લાઈનમાં ઊભા રહી દર્શન માટે આતુર જોવા મળ્યા હતા, ભક્તો દ્વારા ભોળાનાથને દૂધ, બીલપત્ર, ગંગાજળ અને ફૂલો અર્પણ કરવામાં આવ્યા હતા.

શ્રાવણ માસનો પ્રથમ સોમવાર હોવાથી સમગ્ર સૌરાષ્ટ્રમાં ભકતોએ ભોળાનાથની પૂજા, દર્શન કરવા લાઈનો લગાવી હતી. ■

# રાજસ્થાનના આધેડને છરી બતાવી લૂંટ કરનારા ભુજના બે આરોપીઓને ઝડપી લેવાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છમાં પરપ્રાંતીય લોકોની સતત વધી રહેલી વસ્તી બાદ અહીં કાયદો અને વ્યવસ્થાને પડકાર ફેંકનારા સેંકડો બનાવો લગભગ દરરોજ બની રહ્યા છે તેવામાં અંજાર તાલુકાનાં દુધઇ નજીક આવેલા હરિનગર પાસે રાજસ્થાનના એક આધેડને છરીની અણીએ ૧૦ લાખની રોકડ ભરેલી બેગની લૂંટ આચરતાં પંથકમાં ચકચાર પ્રસરી જવા પામી હતી.

આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, ભુજ-ભચાઉ ધોરીમાર્ગ પરના દુધઇ ગામ નજીક આવેલા હરિનગરમાં હનુમાન મંદિર પાસે રવિવારની બપોરના અરસામાં આ લૂંટનો બનાવ બન્યો હતો જેમાં રાજસ્થાનના બિકાનેરના અશોકકુમાર ધનરાજ લુણાવત (જૈન) અહીંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે ભુજના રમજાનશા કાસમશા શેખ અને આબિદખાન અબ્દુલખાન પઠાણ નામના શખ્સો આ તેમની પાસે આવ્યા હતા અને છરી બતાવી, આધેડ પાસે રહેલા રોકડા રૂ.૧૦ લાખને આંચકીને નાસી છૂટ્યા હતા.

બનાવની જાણ પોલીસને થતાં હ્યુમન રિસોર્સ અને ટેક્નિકલ સેવેલન્સના આધારે ગણતરીના કલાકોમાં બંને લૂંટારાઓને ઝડપી પાડી, આગળની કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું જાણવા મળ્યું હતું. ■



અમરનાથ મહાદેવ મંદિરમાં પી.ટી. જાડેજાની દાદાગીરી મામલે રાજકોટ પોલીસ કમિશ્નરને આવેદન પાઠવાયું હતું. (તસવીર–પ્રવિણ સેદાણી, રાજકોટ)

# પુરીથી ગાંધીધામ આવતી એક્સપ્રેસ ટ્રેનના સ્લીપર કોચમાં ૬.૩૪૮ કિલો ગાંજો ભરેલી બિનવારસુ બેગ મળી આવી

ભુજ: કચ્છમાંથી પસાર થતી ટ્રેનો મારફતે ચરસ-ગાંજા, શરાબ સહિતના માદક પદાર્થો ઘુસાડવાની નાપાક પ્રવૃત્તિ અવારનવાર બહાર આવતી રહે છે. જેમાં ખાસ કરીને ઓરિસ્સાથી ગાંધીધામ આવતી ટ્રેન અને મુંબઈથી આવતી કચ્છ એક્સપ્રેસ ટ્રેન મારફતે માદક પદાર્થોની હેરાફેરી થતી હોવાના મામલા અનેકવાર પ્રકાશમાં આવી ચૂક્યા છે તેવામાં પુરી-ગાંધીધામ અઠવાડિક એક્સપ્રેસ ટ્રેનમાં એક બિનવારસી બેગમાંથી છ કિલો ૩૪૮ ગ્રામ જેટલો અફઘાની ગાંજો મળી આવ્યો હતો.

આ અંગે રેલવે પ્રોટેક્શન ફોર્સના ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર દીપચંદ્ર આર્યએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, ટ્રેન નંબર ૧૨૯૯૪ પુરી-ગાંધીધામ વીકલી એક્સપ્રેસના સ્લીપર કોચ નંબર જી/૦૩ બર્થ નંબર ૩૩માં સામાનની તપાસ દરમ્યાન શંકાસ્પદ અને બિનવારસી સ્થિતિમાં એક મરૂન રંગની બેગ મળી આવી હતી. આ વેળાએ ટ્રેન મહારાષ્ટ્રના ભંડારામાંથી પસાર થઈ રહી હતી. નાગપુર સ્ટેશન પહોંચતા આ બેગને સાવધાનીપૂર્વક ઉતારી લેવામાં આવી હતી. ત્યારબાદ બેગને ખોલવામાં આવતાં અંદરથી પ્લાસ્ટિકના કવરમાં રાખવામાં આવેલો, ૧,૨૬૯૬૦ રૂપિયાની આંતરરાષ્ટ્રીય કિંમતનો ૬ કિલો ૩૪૮ ગ્રામ ગાંજા મળી આવ્યો હતો. હાલ ટ્રેનમાં આ બેગ કોણ મૂકી ગયું તે જાણવા ગહન તપાસ હાથ ધરવામાં આવી છે તેમ દીપચંદ્ર આર્યએ ઉમેર્યું હતું. ■

# રાજકોટ જિલ્લાના ૪૧ ગામ નર્મદાના નીરથી નવપલ્લવિત થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: રાજ્ય સરકારના જળસંપત્તિ અને પાણી પુરવઠા પ્રધાન કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે, રાજકોટ તાલુકાના સરધાર ગામ ખાતે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ આયોજિત કાર્યક્રમમાં ''સૌની'' યોજનાના રૂ. ૧૨૯.૬૧ કરોડના વિકાસ કાર્યોનું શાસ્ત્રોક્ત વિધિથી ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રધાન કુંવરજીભાઈ બાવળીયાએ જણાવ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મુખ્ય પ્રધાન પદે આવતાં જ લોકોને પાણી માટે વલખા ન મારવા પડે તેવું આયોજન કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો હતો. ૧૭ ફેબ્રુઆરી, ૨૦૧૪માં ''સૌની યોજના'' થકી સૌરાષ્ટ્ર અને કચ્છમાં પાણી લાવવાની યોજનાને અમલમાં મૂકી હતી.

આજે ચાર લિંક દ્વારા આ યોજના થકી સૌરાષ્ટ્રની ધરતીને હરિયાળી બનાવાઈ છે. ''સૌની'' યોજનાની લિંક-૧ દ્વારા મચ્છુ-૨થી દેવભૂમિ દ્વારકા જિલ્લાના ડેમ સુધી ૨૦૮ કિ.મી. લાંબી પાઇપલાઇન થકી પાણી પહોંચાડવામાં આવી રહ્યું છે, તો લિંક-૨ દ્વારા લીંબડીના ભોગાવોથી અમરેલી સુધી ૨૯૯ કિલોમીટર, લિંક-૩ દ્વારા ધોળીધજા ડેમથી દ્વારકાના સોરઠી ડેમ સુધી ૨૯૯ કિ.મી. અને લિંક-૪ દ્વારા લીમડીના ભોગાવો ડેમ-૨ થી ગીર સોમનાથના હિરણ-૨ ડેમને ૫૬૫ કિલોમીટર લાંબી પાઇપલાઇન દ્વાર જોડવાની કામગીરી થઈ રહી છે. આ સાથે જ મૂળ પાઇપલાઇનથી બંને બાજુ ત્રણ કિલોમીટર સુધીના વિસ્તારમાં આવતા કોઈ પણ બાકી રહેતા ડેમો, ચેકડેમ, તળાવને પણ આ યોજના સાથે જોડવામાં આવી રહ્યા છે.

જે આયોજન અંતર્ગત જ લિંક-૩ માંથી ત્રંબા પાસે પંપિંગ સ્ટેશન ઊભું કરીને અલગ-અલગ ૩ (ત્રણ) પાઇપલાઇન નેટવર્ક થકી રાજકોટ તાલુકાના ૩૦ ગામ, કોટડાસાંગાણી તાલુકાના આઠ ગામ અને જસદણ તાલુકાના ત્રણ ગામ મળી કુલ ૪૧ ગામને સિંચાઇ માટે નર્મદાના નીર આપવા ''સૌની'' યોજના અંતર્ગત જોડવામાં આવશે. આ યોજના થકી અંદાજિત ૧૪૫.૧૬૪ કિલોમીટર લંબાઇની પાઇપલાઇન દ્વારા કુલ ૨૧૦૦ હેક્ટર (૫૧૯૦ એકર) જમીનને સિંચાઇના પાણીનો લાભ મળશે.

લિંક-૪ના પેકેજ ૧ થી ૫ માં રૂમ ૪.૨૬ કરોડના ખર્ચે સુરેન્દ્રનગરના ચુડા, સાયલા, બોટાદ જિલ્લાના બોટાદ, ગઢડા, અમરેલી જિલ્લાના બાબરા, રાજકોટ જિલ્લાના વિંછીયા, જસદણ અને ગોંડલ તાલુકાઓના ૬૫ મોટા તળાવ અને ચેકડેમને જોડવાની કામગીરી પણ આગામી સમયમાં હાથ ધરવામાં આવશે. ■

# શ્રાવણ માસમાં ભાવનગર સાઇકલ કલબની અનોખી ધાર્મિક સાઇકલ યાત્રા યોજાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: પરંપરા અને આરોગ્યનું સુંદર સમન્વય દર્શાવતી યાત્રા ભાવનગર સાઇકલ ક્લબ દ્વારા છેલ્લાં ત્રણ વર્ષથી શ્રાવણ માસના દરેક સોમવારે ધાર્મિક અને આરોગ્યપ્રદ અનોખી સાઇકલ યાત્રાનું આયોજન કરવામાં આવે છે.

કલબના સભ્યો ભક્તિભાવથી શ્રાવણ મહિનાના દરેક સોમવાર વહેલી સવારે સાયકલ લઈને ભાવનગર શહેરના તેમજ આજુબાજુના દરેક પૌરાણિક શિવ મંદિરોમાં દર્શનાર્થે જાય છે. દર સોમવારે પાંચ થી છ મંદિરો લેવામાં આવે છે.

આ યાત્રાનો ઉદ્દેશ તંદુરસ્ત જીવનશૈલી, આધ્યાત્મિકતા અને સંસ્કૃતિનું સંવર્ધન કરવાનો છે. તેમજ સામૂહિક ભક્તિ અને આધ્યાત્મિક એકતા દરેક સોમવારે સભ્યો દ્વારા સમૂહ દર્શન કરવામાં આવે છે.

આ યાત્રા માત્ર એક ધાર્મિક યાત્રા ન રહી, પણ ભાવનગરમાં શ્રદ્ધા, સ્વાસ્થ્ય અને સંસ્કારનું જીવંત પ્રતિક બની છે. ■

# ભાવનગરમાં અનાજના એટીએમનો ૧૬,૧૫૩ લાભાર્થીએ લાભ લીધો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સરકારી અનાજની જાહેર વિતરણ વ્યવસ્થા વધુ કાર્યક્ષમ, પારદર્શક બને તે આશય સાથે ભાવનગરમાં રાજ્યનું પ્રથમ અનાજનું એટીએમ કાર્યરત કરવામાં આવ્યું હતું, જેના થકી પાછલા ૧૦ માસમાં ૧૬ હજારથી વધુ લાભાર્થીએ ચાર લાખથી વધુ અન્ન મેળવ્યું હતું.

શહેરના કરચલિયા પરા, આગરિયાવાડ વિસ્તારમાં ગત સપ્ટેમ્બર માસમાં રાજ્યના પાયલોટ પ્રોજેક્ટ હેઠળ અન્નપૂર્તિ મશીન (ગ્રેઈન એટીએમ) મૂકવામાં આવ્યું હતું. રાજ્યના એકમાત્ર અન્નપૂર્તિ મશીનમાંથી લાભાર્થીઓને મળવાપાત્ર ઘઉં-ચોખાના જથ્થાનું આધાર આધારિત બાયોમેટ્રિક પદ્ધતિથી વિતરણ કરવામાં આવી રહ્યું છે. અત્યાર સુધીમાં અનાજના એટીએમ (એની ટાઈમ અનાજ)માંથી ૧૬,૧૫૩ લાભાર્થીએ લાભ લઈ કુલ ૪,૧૭,૮૯૯ કિલો ઘઉં અને ચોખાનો જથ્થો મેળવ્યો છે. ■

# નખત્રાણાના ખીરસરા (રોહા)ના વાડી વિસ્તારમાં ખૂંખાર દીપડાનો શ્રમજીવી પર ઘાતક હુમલો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: કચ્છના નખત્રાણા, અબડાસા સહિતના વિસ્તારોમાં ખૂંખાર રાની પશુ દીપડાઓની હાજરી વધવા પામી છે અને એક પછી એક માલધારીઓના પશુઓનો મારણ પણ કરી રહ્યા છે, છેલ્લા એકાદ મહિનાની અંદર જ કેટલાક પશુઓને મોતને ઘાટ ઉતારી દેનારા દીપડાઓએ નખત્રાણાના તાલુકા મથકથી દક્ષિણ-પૂર્વ વિસ્તારના ખીરસરા (રોહા) વેરસલપર વચ્ચેના વાડી વિસ્તારમાં એક શ્રમજીવી ઉપર ઘાતક હુમલો કરતાં સમગ્ર પંથકના લોકો ભયના માર્યા ફફડી ઊઠ્યા છે. સીમાડામાં રહેતા પરિવારો માટે ચિંતાજનક બનાવ અંગે રેન્જ ફોરેસ્ટર ધવલ દેસાઈએ જણાવ્યું હતું કે, ખીરસરાના પંકજ મણિલાલ લીંબાણીની વાડીમાં ખેતમજૂરી કરતા,



(તસવીર– ઉત્સવ વૈદ્ય, ભૂજ)

માંડવી તાલુકાના મોડકુબા ગામના રમેશ હમીર જોગી પર દીપડાએ ગત રવિવારની સાંજના પાંચેક વાગ્યાના અરસામાં હુમલો કરી તેને ઘાયલ કર્યો હતો.

સદ્ભાગ્યે આસપાસના લોકો દોડી આવતાં ખૂંખાર દીપડાએ આ શ્રમિકને છોડી દેતાં તેનો ચમત્કારિક બચાવ થયો હતો. હાલ તેને મંગવાણાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ખસેડવામાં આવ્યો છે.

સામાન્ય રીતે દીપડા તેના શિકારને મોઢામાં દબાવીને જંગલમાં ઓઝલ થઇ જાય છે.

પણ આ ઘટનામાં લોહીલુહાણ થઇ ગયેલા શ્રમજીવીને પડતો મૂકીને દીપડો ચાલ્યો જતાં તેનો જીવ બચી ગયો હતો. પશુઓનું મારણ કરતાં રહેતા આ દીપડાને જંગલ ખાતા દ્વારા વેરસલપર-રોહા-ખીરસરા-દનણા સહિતના ગામોના સીમાડામાં ચાર જેટલા પીંજરાં મૂકીને તાત્કાલિક ધોરણે પકડવાની કાર્યવાહી હાથ ધરાઈ છે તેમ તેઓએ ઉમેર્યું હતું. દરમ્યાન, ખીરસરા (રોહા)ના પૂર્વ સરપંચ શાંતિલાલ માવાણીએ જણાવ્યું હતું કે, એક નહીં પણ ત્રણથી ચારની સંખ્યામાં આ વિસ્તારમાં ફરતા દીપડાથી વાડી-જંગલમાં જતાં લોકો ભયથી થરથરી રહ્યા છે. ■

# ગોપાલ ઈટાલિયાએ ભેંસાણના હડમતિયા ગામે બેલાની દીવાલ હટાવતા વિવાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વિસાવદરથી આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા ફરી એક વખત વિવાદમાં આવ્યા હતા. ભેંસાણ તાલુકાના હડમતિયા (વીશળ) ગામમાં આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઇટાલિયા અને ભારતીય જનતા પાર્ટીના સ્થાનિક નેતાઓ અને કાર્યકર્તાઓ આમને-સામને આવી ગયા હતા. આ સમગ્ર વિવાદ એક દીવાલને લઈને ઊભો થયો હતો, જેને પગલે ગામમાં તણાવપૂર્ણ પરિસ્થિતિનું નિર્માણ થયું હતું. બંને પક્ષના વીડિયો વાયરલ થયા હતા.

મળતી વિગત મુજબ, ગોપાલ ઇટાલિયાએ હડમતિયા ગામે એક બહેનના ઘરની આગળ બનેલી બેલાની દીવાલ હટાવી હતી. ઇટાલિયાનો આરોપ છે કે ભાજપના માણસોએ આ દીવાલ બનાવી છે અને તેઓ ગામડામાં ગરીબ માણસો હારે આટલી હદે અન્યાય કરી રહ્યા છે. ઇટાલિયાએ જણાવ્યું કે આ ગેટ આઠ વર્ષથી બંધ કરી દેવામાં આવ્યો છે અને આ મામલે કોર્ટમાં આઠ વર્ષથી કેસ ચાલી રહ્યો હોવા છતાં નિર્ણય ન દીધો. તેમણે મામલતદાર સહિતના અધિકારીઓ પર ભાજપથી ડરવાનો આરોપ લગાવ્યો હતો. ગોપાલ ઇટાલિયાએ પડકાર ફેંક્યો કે જો કોઈ પાછા આવશે અને એ દીવાલની જેસીબીનો એક ટલ્લો મારી દેશે. તેમણે વધુમાં કહ્યું કે જે ભાજપવાળા મને ફાંસીએ ચડાવી દે હું જોવ છું કોણ મને કઈ ફાંસીએ ચડાવે છે. તેમણે ગામના લોકોને આ બહેનને ટેકો આપવા વિનંતી કરી હતી.

ગોપાલ ઇટાલિયા દ્વારા દીવાલ હટાવવામાં આવ્યા બાદ, ગામના સરપંચ સહિતના આગેવાનો અને ગ્રામજનો દ્વારા ફરીથી બેલાની દીવાલ ખડકી દેવામાં આવી હતી. ભેસાણ તાલુકા ભાજપના ઉપ પ્રમુખે ગોપાલ ઇટાલિયા પર ગંભીર આરોપ લગાવતા કહ્યું ઇટાલિયા ગામમાં અશાંતિ ફેલાવે છે. ગામના સરપંચ અને આગેવાનોએ સ્પષ્ટતા કરી કે આ મામલો છેલ્લા આઠ વર્ષથી કોર્ટમાં ચાલી રહ્યો છે. ■